

E-Bulletin
June-July-August 2023

# RCCI BULLETIN

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY
R. C. C. I.
Since - 1954

**V.P. Vaishnav**
President

**Parth Ganatra**
Vice President

**Nautam Barasiya**
Hon. Secretary

## RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Centre Point, Karansinhji Road, Rajkot - 360001. Guj. (INDIA) • **Phone No. :** +91 0281 2227400 / 2227500
**Fax No. :** +91 0281 2230824 • **Email :** rajkotchamber@yahoo.co.in • **Web :** www.rajkotchamber.com

# EVERY SMALL BUSINESS IDEA HAS A BIGGER POTENTIAL



**Realise it with Union Bank's**

# MSE Loans

## Hassle-free Loans for Micro & Small Businesses

**CERAMIC**

Cluster Specific Scheme

- Attractive ROI
- Relaxed Collateral Norms
- Simplified Procedure with Minimum TAT

**FOOD PROCESSING**

- Specific Scheme for Food & Agro Based Processing Unit
- Lower ROI
- 50% Processing Charges
- Simplified Procedure with Minimum TAT

• 4237+ branch network • Online application and tracking facility
• Area specific cluster schemes launched at attractive interest rates and convenient terms
• Concessional processing charges

यूनियन बैंक ऑफ इंडिया
अच्छे लोग, अच्छा बैंक

Union Bank of India
Good people to bank with

भारतीय बैंकिंग कोड एवं मानक बोर्ड के सदस्य    Member of Banking Codes & Standards Board of India

Helpline Nos.: **1800 22 2244** (Toll free no.) | **080 2530 0175** (Chargeable)
**080 2530 2510** (For NRIs) | www.unionbankofindia.co.in

**Mrs. Shweta Pradhan** (Asst. General Manager)

**Race Course Circle Branch**

Race Course Ring Road, Opp. Indoor Stadium, RAJKOT - 360001.
**Ph. :** 0281-2473324 **D. :** 0281 - 2474126 **Fax :** 0281-2473329 **Mob. :** 99304 66605
**E-mail :** cbsracecourceraj@unionbankofindia.com

# વર્ષ ૨૦૨૨–૨૦૨૫ માટે
# વરાયેલ હોદ્દેદારશ્રીઓ



**વી. પી. વૈષ્ણવ**
**પ્રમુખ**



**પાર્થભાઈ ગણાત્રા**
**ઉપપ્રમુખ**



**નૌતમભાઈ બારસીયા**
**માનદ મંત્રી**



**ઉત્સવભાઈ દોશી**
**માનદ સહમંત્રી**



**વિનોદભાઈ કાછડીયા**
**ખજાનચી**

Marketed & Compiled by :

WEB PULSE ADVERTISING

202, Crystal Complex, Opp. KKV Hall, Nr. Sanskar Complex, 150 Ft. Ring Road, Rajkot.
**Cell :** +91 - 7600027331 | **Web:** www.webpulse.in | **Email :** webpulse20@gmail.com

# વર્ષ ૨૦૨૨-૨૦૨૫ માટે
# કારોબારી સભ્યશ્રીઓ


અચ્યુતભાઈ જસાણી


અમૃતલાલ ભારદીયા


અનિલભાઈ વણપરીયા


અશોકભાઈ વિરડીયા


બ્રિજેનભાઈ કોટક


દિપકભાઈ પોબારૂ


ગૌરાંગભાઈ ઠક્કર


કલ્પેશભાઈ ડોબરીયા


કુમનલાલ વરસાણી


કુશલભાઈ પોપટ


મનોજભાઈ ઉનડકટ


નરેન્દ્રસિંહ જાડેજા


નિલેશભાઈ ભલાણી


પ્રણવભાઈ ભાલાળા


રાજેશભાઈ જુંજા


સમીરભાઈ વેકરીયા


સત્યેનભાઈ પટેલ


સિધ્ધાર્થભાઈ પોબારૂ


વિનોદભાઈ ગઢીયા


પંકજભાઈ ઘમસાણીયા
(કો-ઓપ્ટ સભ્ય)


કિશોરભાઈ વઘાસીયા
(કો-ઓપ્ટ સભ્ય)


નરેશભાઈ શેઠ
(કો-ઓપ્ટ સભ્ય)

# પ્રમુખશ્રીની કલમે...



**વી.પી. વૈષ્ણવ**
**પ્રમુખ**

સ્નેહી સભ્ય મિત્રો,

નમસ્કાર,

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના E-Bulletin ના આ બીજો અંક પ્રસ્તુત કરી તે દ્વારા આપ સૌને મળતા આનંદની લાગણી અનુભવું છું.

આપ સૌ જાણો છો તેમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો અભિગમ આપણા વેપાર–ઉદ્યોગને વિકાસગતી મળે તે માટે મદદરૂપ બનવાનો છે અને તે માટે અનેકવિધ સેમિનાર, વર્કશોપ, ઓપન હાઉસ વગેરેનું આયોજન કરીએ છીએ. સાથો સાથ વેપાર–ઉદ્યોગ અને શહેરી વિકાસના પ્રશ્નો જાણવા, સમજવા તેમજ ઉદ્દવતા પ્રશ્નોની રજુઆત જે તે વિભાગ સમક્ષ કરી તેના ત્વરીત નિરાકરણ માટે આપણી ચેમ્બરને સતત કાર્યશીલ રાખીએ છીએ.

આપ સૌ સભ્યો મિત્રોને મારી વિનંતી છે કે વેપાર–ઉદ્યોગના વિકાસ માટે અમારા પ્રયોસોમાં સહભાગી બનવા આપના ધ્યાન પર જે પ્રશ્નો આવે તે રાજકોટ ચેમ્બરને મોકલી આપો જેથી તેની સચોટ રજુઆત રાજકોટ ચેમ્બરના પ્લેટફોર્મ પરથી કરી આપણાં શહેરનાં વેપાર–ઉદ્યોગના વિકાસને વધુ ગતી આપી શકીએ.

રાજકોટ ચેમ્બરની પ્રવૃતિઓ, આપણા બુલેટીનના માધ્યમથી તેમજ મિટીંગો થકી આપણે સતત સંપર્કમાં રહીશું અને આપ સૌનો સાથ સહકાર હંમેશા અમોને મળતો રહેશે તેવી પુર્ણ શ્રદ્ધા સાથે વિરમું છું.


Since 1954
RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY
RCCI is Authorised to Issue
Non Preferential Certificate of Origin
(Public Trade Notice No.18, Dt.14-6-2002 of DGFT, Govt. of India, Ministry of Commerce & Industry, New Delhi)
GET COO THROUGH RCCI
One of the First body in Saurashtra to migrate to the new DGFT COO Portal : www.coo.dgft.gov.in
Dedicated COO staff to support queries, technical obstacles and DGFT related queries.
Instant and timely service with less waiting period for both manual as well as online COOs.
E-wallet facility is available for exporters to issue COO through RCCI on DGFT's website.
COO issued by RCCI are accepted by all the countries in the world.
COO Issued online are QR-coded to authenticity.
:: Registered Office ::
Centre Point, 1st Floor, Karansinhji Road, Rajkot-360001
Phone : 0281-2227400, 2227500 Fax : 0281-2230824 M : 7383127400
E-mail : rajkotchamber@yahoo.co.in Web : www.rajkotchamber.com
:: Follow us ::
@ChambersRajkot Rajkot Chamber of Commerce & Industry @rajkotchamber

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નિકાસકારોના કન્ટેઈનરોની ચકાસણી સ્થળ પર જ કરવા અને શીફટીંગની જોગવાઈ તાત્કાલીક દુર કરવા સરકારશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

નિકાસકારો દ્વારા નિકાસ કરવામાંઆવતા કન્ટેઈનરોની ચકાસણી સરકારશ્રીના નિયત કાયદા અને ધારા ધોરણ મુજબ હાથ કરવામાં આવે છે. કાયદાકીય પ્રક્રિયા તથા તેને આનુસાંગીક ગતિવિધી બાબત કોઈપણ વિરોધ ન હોય શકે તેમ છતાંઆ ચકાસણી પ્રક્રિયા અર્થે હાથ ધરવામાંઆવતી કાર્યવાહી નિકાસકારો માટે સમય વ્યય તથા આર્થિક રીતે ખુબ જ નુકશાનકારક સાબીત થઈ રહી છે. ઉદાહરણના ભાગરૂપે જોઈએ તો કોઈ એક નિકાસકારે પાંચ કન્ટેઈનર એક જ શીપીંગ બીલ હેઠળ નિકાસ કર્યા છે. કસ્ટમ્સ વિભાગ દ્વારા આ પાંચ પૈકી કોઈપણ એક કન્ટેઈનર ચકાસણી માટે પસંદ કરવામાં આવે ત્યારે નિકાસકારે તમામ પાંચે પાંચ કન્ટેઈનરો ચકાસણી સમયે શીફટ કરવા પડે છે. નિર્ધારીત કન્ટેઈનરની ચકાસણી પુરી થયે તમામ પાંચ કન્ટેઈનરો ટર્મીનલ સુધી પહોંચાડવા પડે છે. આ રીતે એક કન્ટેઈનરની ચકાસણી પ્રક્રિયા પુર્ણ કરવા પાંચ કન્ટેઈનરોના શીફટીંગનો અસહ્ય આર્થિક બોજો નિકાસકારે ભોગવવો પડે છે અને સમયનો પણ વ્યય થાય છે. આવી જટીલ ચકાસણી પ્રક્રિયાને કારણે નિકાસકારો તેમના કન્ટેઈનર પુર્વ નિર્ધારીત વેસલમાં મોકલી શકતા નથી જેથી તેઓએ હજારો રૂપિયા વિવિધ ચાર્જીસ જેવા કે ફ્રેઈટ ચાર્જ / ડોક્યુમેન્ટેશન ચાર્જ / દંડ વિગેરે સ્વરૂપે ચુકવવા પડે છે. આ આર્થિક બોજો નિકાસકારે અગાઉ ગણતરીમાં લીધેલ ન હોવાને કારણે તેમને પોતે જ ભોગવવો પડે છે. એટલું જ નહી કન્ટેઈનરોની ડિલવરી પણ મોડી થવાના કારણે આંતરરાષ્ટ્રિય સ્તરે નિકાસકારોની પ્રતિષ્ઠાને નુકશાન પહોંચે છે.

અસંખ્ય નિકાસકારોને ભોગવવી પડતી આવી કાયમ માટેની મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવવા તેમજ શીપીંગ બીલમાંસમાવિષ્ટ કન્ટેઈનરો પૈકી જે કોઈ કન્ટેઈનરની ચકાસણી કસ્ટમ્સ વિભાગ દ્વારા નકિક કરવામાંઆવે તો તેવા સંજોગોમાંમાત્ર ને માત્ર સ્થળ પર જ ચકાસણી કરવી અને શીફટીંગ કરવાની જોગવાઈ તાત્કાલીક દુર કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રના વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી તથા ગુજરાત ઝોન કસ્ટમ્સના ચીફ કમિશ્નરશ્રી અજય ગણેશ ઉબાલેજી સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના સંયુકત ઉપક્રમે એમ્બેસેડર તથા પ્રધાનમંત્રીશ્રીના ખાસ સલાહકારશ્રી ડો. દિપક વ્હોરાની ઉપસ્થિતીમાં "EXPERT TALK OUR WOLRD@2025" અંગે વાર્પાલાપ યોજવામા ંઆવ્યો...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના સંયુકત ઉપક્રમે તા.૧૧–૮–૨૦૨૩ ના રોજ "EXPERT TALK OUR WOLRD@2025" અંગે એમ્બેસેડર તથા પ્રધાનમંત્રીશ્રીના ખાસ સલાહકારશ્રી ડો. દિપક વોહરાની ઉપસ્થિતીમાં વાર્તાલાપનુંઆયોજન કરવામાં આવેલ. રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના પ્રમુખશ્રી નિલેશભાઈ ભોજાણીએ સૌને આવકારી સંસ્થા દ્વારા વર્ષોથી કરવામાં આવતી વિવિધ કામગીરીઓનો વિસ્તારપુર્વક ખ્યાલ આપ્યો.

ત્યારબાદ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રાસંગીક ઉદ્દબોધન કરતા જણાવેલ કે આજરોજ આપણા આંગણે એમ્બેસેડર તથા પ્રધાનમંત્રીશ્રીના ખાસ સલાહકારશ્રી ઉપસ્થિત રહ્યા છે તે બદલ આભારની લાગણી વ્યકત કરેલ. રાજકોટ ચેમ્બર હેમંશા વેપાર–ઉદ્યોગકારો તથા આમપ્રજાની સાથે રહી તેઓને

પડતી મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે. રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગોએ ગુજરાત તથા દેશના વિકાસને વેગવંતુ બનાવવા ખુબ જ મોટું યોગદાન આપ્યું છે. દેશ આજે ખુબ જ પ્રગતિના પંથે છે અને આવનારા ત્રણથી ચાર વર્ષમાંદેશ વિશ્વના મહાન દેશોની સરખામણીમાંઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરશે.

એમ્બેસેડર તથા પ્રધાનમંત્રીશ્રીના ખાસ સલાહકારશ્રી ડો. દિપક વ્હોરાએ આ પ્રોગ્રામમાં આપેલ માન સન્માન પ્રત્યે સહૃદય આભાર માન્યો. તેઓ લગભગ ૫૦ વર્ષથી સરકાર સાથે સંકળાયેલ છે અને અનેક પ્રધાનમંત્રીશ્રીઓ સાથે કામ કરી ચુકયાંછે. તેમજ વિશ્વના અનેક દેશમાં એમ્બેસેડર તરીકે પ્રતિનિધિત્વ કર્યુ છે. અગાઉના સમયમાં દેશની ઈકોનોમી અન્ય દેશો કરતા ઘણી પાછળ હતી. પરંતુ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪ થી પ્રધાનમંત્રી પદ સંભાળ્યું ત્યારથી દેશમાંઘણાં ફેરફારો લાવવાનું વિઝન રાખ્યું અને આજે તે વિઝન સાર્થક થતા દેખાઈ રહયા છે. "આત્મવિશ્વાસ" "આત્મ સન્માન" "આત્મ નિર્ભરતા" આ ત્રણ મહત્વના પરીબળો દેશને વધું ઉંચાઈએ લઈ જઈ રહ્યુ છે. વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૨૫ સુધીમાં દેશની ઈકોનોમીને ૫ ટ્રીલીયન ડોલર સુધી પહોચાડવાનો સંકલ્પ કર્યો છે તેમની સખત મહેનત અને વહીવટી કુશળતાથી આજે વિશ્વની ત્રીજા નંબરની ઈકોનોમી બની ગયેલ છે. અનેકવિધ યોજનાઓ થકી દેશનો નાગરીક સક્ષમ અને આત્મનિર્ભર બની ગયો છે અને સરકારી તમામ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે છે એ માટે ખુબ જ ઝડપથી અને વ્યાપકપણે કામ પણ થઈ રહ્યુ છે. દેશમાંગરીબી ઝડપથી નાબુદ થઈ રહી છે. ખેડુતોનું કલ્યણ થઈ રહયુંછે. દરેકને ઘરનું ઘર મળી રહયુંછે. ઉદ્યોગો વિકાસ પામી રહયા છે. નિકાસ વધી રહ્યુ છે. ફોરેન ઈન્વેસ્ટેમેન્ટ વધી રહ્યુ છે. આ બધુંઝડપી નિર્ણયો–યોજનાઓ અને પારદર્શક વહીવટ થકી શક્ય બન્યું છે.

વિશ્વ આખું ભારત દેશની આજે પ્રસંશા કરી રહ્યુ છે. જી૨૦ ની અધ્યક્ષતા પ્રાપ્ત થઈ છે. અન્ય દેશો આપણી સલાહ લઈ રહ્યા છે. જે આપણા માટે ગૌરવની વાતા છે. સમગ્ર વિશ્વ જયારે કોરોના મહામારી સામે ઝઝુમી રહ્યુ હતું ત્યારે દેશએ આ મહામારી સામે લડત આપી સામનો કરીને આત્મનિર્ભર બનીને વેકશીન બનાવી દેશના નાગરીકોને સલામત રાખવાનો પ્રયાસ કર્યો છે તેમજ આ વેકશીન અન્ય દેશોને ફ્રીમાંઆપી મદદરૂપ થવા પ્રયાસ કર્યો છે જે થકી આરોગ્ય ક્ષેત્રમાંપણ દેશ ઝડપણી આગળ વધી રહયું છે. દેશમાં ડિઝીટીલાઈઝેશન પણ ખુબ ઝડપણી વધી રહ્યુ છે રોજનું ટ્રાન્ઝેકશન આશરે ૫૦ કરોડ આસપાસ થઈ રહ્યુ છે જે આવનારા ટુંક સમયમાં૧૦૦ કરોડ સુધી થવા પામશે. વિશ્વની સૌથી મોટી પાંચ કંપનીઓ વિન્ડોઝ, ટેસ્લા, એપલ, ગુગલ અને એમેઝોન છે. તેમાંથી ત્રણ કંપનીઓ ટુંક જ સમયમાંભારતમાં મોટાપાયે રોકાણ કરી રહયા છે. જેનાથી ખુબ જ ફાયદો થશે અને રોજગારીનુંપણ સર્જન થશે. દેશને વિશ્વમાં મોખરે લઈ જવા માટે ૫ મહત્વના સેકટરો ઉભરી રહ્યા છે. જેવા કે (૧) હેલ્થ (૨) કલાઈમેટ ચેન્જ (૩) ઈકોનોમીક રીકવરી (૪) ક્રિટીકલ એન્ડ ઈમર્જીંગ ટેક્નોલોજીસ (૫) ટેરેરીજીમ આમ આવનારા સમયમાં ભારત દેશ મજબુત, શકિતશાળી અને આત્મનિર્ભર તરીકે ઉભરી આવશે અને વિશ્વમાંઆગવુંસ્થાન પ્રાપ્ત કરશે.

પ્રોગ્રામના અંતે મહાનુભાવો અને સભ્યો મિત્રોનો ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યકત રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના કારોબારી સભ્યશ્રી આશિષભાઈ જોશીએ કરેલ અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવાશ્રી ભાવેશભાઈ મહેતાએ જહેમત ઉઠાવેલ હતી.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શહેરના કાલાવડ રોડ, કોટેચા ચોકની ટ્રાફિક સમસ્યાનું તાત્કાલીક નિરાકરણ લાવવા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક સમક્ષ રજુઆત કરવામાં આવી

શહેરમાં ટ્રાફિક સમસ્યા દિન પ્રતિદિન ઘેરી બનતી જાય છે ત્યારે તેનું નિવારણ લાવવા ટ્રાફિક ડિપાર્ટમેન્ટ સઘન પ્રયાસો કરી રહ્યુ છે. જે સરાહનીય છે. તાજેતરમાં જ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા કેકેવી ફલાય ઓવર બ્રીજનું લોકાર્પણ કરવામાં આવેલ છે. જે થકી કાલાવડ રોડ વિસ્તારની ટ્રાફિક સમસ્યા ખુબ જ હળવી બની જશે તેવું અમારૂ માનવુ છે. પરંતુ ટ્રાફિક ડિપાર્ટમેન્ટ દ્વારા લેવાતા અમુક નિર્ણયોને કારણે આ વિસ્તારની ટ્રાફિક સમસ્યા ઘટવાને બદલે વધવા પામી છે.

શહેરના મેટોડા જીઆઈડીસી તથા આસપાસના ઈન્ડસ્ટ્રીયલ એરીયાઓમાં હજારોની સંખ્યામાં ઔદ્યોગીક એકમો કાર્યરત છે તેમજ દિવસ રાત આ રોડ ઉપર રાહદારીઓની સતત અવર–જવર રહે છે. ત્યારે આવા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં આવવા–જવા માટે કાલાવડ રોડ મુખ્ય માર્ગ ગણાય છે. મેટોડાથી પરત ફરતા શહેરની અંદર પ્રવેશતા કેકેવી ફલાય ઓવરબ્રીજ ઉતરી રાહદારીઓને અન્ય સોસાયટીમાંજવા માટે ટર્ન લેવો પડે ત્યારે કેકેવી ફલાય ઓવરબ્રીજ ઉતરી પ્રિન્સેસ સ્કૂલ, અનંત કોમ્પલેક્ષ ચોકમાં જે ડિવાઈડરની વચ્ચે ગેપ છે ત્યાં બેરીકેડ મુકી બંધ કરી દીધેલ છે. જેના કારણે રાહદારીઓને કોટેચા ચોક સુધી જઈ ત્યાંથી ટર્ન લઈ પાછું આવવું પડે છે. જયારે કોટેચા ચોકમાં જતા ત્યાં પણ ટ્રાફિક જામ થવાની સમસ્યા રહેતી હોય છે અને વધુમાં કોટેચા ચોકમાં હાલ ડિપાર્ટમેન્ટ દ્વારા સાંજના સમયે ગમે ત્યારે બેરીકેડ મુકી રસ્તો બંધ કરી દેવામાં આવશે તેવું જાણવા મળેલ છે. જે માટે લોકોને મહિલા ચોક સુધી જઈ ત્યાંથી ટર્ન લઈ પાછું ફરવું પડે છે. આવા આંટી–ઘુંટીવાળા નિર્ણયોને કારણે રાહદારીઓને ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે.

તેથી કેકેવી ફલાય ઓવરબ્રીજ ઉતરી પ્રિન્સેસ સ્કુલ, અનંત કોમ્પલેક્ષ ચોકમાં જે વચ્ચે બેરીકેડ મુકી બંધ કરી દિધેલ છે તે તાત્કાલીક દુર કરી થોડા અંતરે સ્પીડ બ્રેકર બનાવવા જોઈએ. સાથો સાથ કોટેચા ચોકમાં જે ટ્રાફિક જામ થવાની કાયમી સમસ્યા રહે છે તો તેનું પણ યોગ્ય નિરાકરણ લાવી રાહદારીઓને મુશ્કેલી ન ભોગવવી પડે તેવી વ્યવસ્થા કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ટ્રાફિક–નાયબ પોલીસ કમિશ્નરશ્રીમતી પુજા યાદવ મેડમ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

## RBI તથા SBI ના સંયુકત ઉપક્રમે યોજાયેલ મિટીંગમાંરાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિ ઉપસ્થિત રહી ગ્રાહકોને વધુ સારી બેન્કીંગ સેવાઓ મળે તે અંગે ચર્ચા–વિચારણા કરેલ...





રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા–અમદાવાદના આસિસ્ટન્ટ જનરલ મેનેજરશ્રી દિલીપ રાઠૌર તથા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા લીડ બેન્કના ચીફ જનરલ મેનેજરશ્રી નરેન્દ્રસિંહ સોલંકીની ખાસ ઉપસ્થિતીમાંતા.૩૧–૭–૨૦૨૩ ના રોજ રાજકોટ ખાતે મિટીંગ યોજવામાં આવેલ હતી. જેમાં શહેરની વિવિધ બેન્કોમાંથી પ્રતિનિધિઓ જોડાયેલ હતા. આ મિટીંગમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના કારોબારી સભ્યશ્રી મનોજભાઈ ઉનડકટ ખાસ ઉપસ્થિત રહી શહેરમાં ગ્રાહકોને વધુ સારી બેન્કીંગ સેવાઓ મળવાપાત્ર થાય તેમજ કોઈપણ જાતની મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે અંગે ચર્ચા–વિચારણા કરેલ.

આ મિટીંગમાં ખાસ કરીને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સૌરાષ્ટ્ર રિજીઓનમાં રૂા.૧૦ ની નવી નોટની અછત તથા રૂા.૧૦ ના સિકકાઓ સ્વીકારવામાં આવતા નથી તે બાબત ધ્યાને મુકવામાં આવેલ. જેના પ્રત્યુતરમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા–અમદાવાદના આસિસ્ટન્ટ જનરલ મેનેજરશ્રી દિલીપ રાઠોરએ જણાવેલ કે દર અઠવાડીયે દરેક બ્રાન્ચે રૂા.૧૦ ની જુની નોટ બદલી આપવી અને તેની સામે રૂા.૧૦ ના સિકકા અથવા નોટ આપવી તેવા મેળા કરવામાં આવે જ છે. તેમ છતા કોઈપણ બેન્કો સ્વીકારવાની ના પાડે તો રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા અથવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનું ધ્યાન દોરવું.

વધુમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના સંયુકત ઉપક્રમે આગામી સમયમાં નાના વેપારીઓમાં રૂા.૧૦ સિક્કાનો વધુમાં વધુ વપરાશ થાય તે માટે એક અવેરનેશ કાયક્રમ પણ યોજવામાં આવશે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ASSOCHAM ના સંયુકત ઉપક્રમે MSME માટે માર્ગદર્શન આપતો સેમીનાર યોજવામાં આવેલ...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ASSOCHAM ના સંયુકત ઉપક્રમે Enhancing Global Competitiveness through Industry 4.0 with focus on (AI-Analytics- IoT) અંગે Regional MSME Seminar નું તા.૨૯–૭–૨૦૨૩, શનિવારના રોજ રાજકોટ ચેમ્બરના કોન્ફરન્સ હોલ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે નવ નિયુકત રાજકોટ ડેપ્યુટી ડીજીએફટીશ્રી રોહિત સોની ઉપસ્થિત રહ્યા હતા. તેમજ NASSCOM COE – ગાંધીનગરના સિનીયર ડાયરેકટર અને સેન્ટર હેડશ્રી અમિત સલુજા, મે.દેવ ઈન્ફોર્મેશન ટેકનોલોજી લી.ના વાઈસ પ્રેસિડેન્ટશ્રી મિહીર જવેરી, રાજકોટ SIDBI ના DGMશ્રી શ્યામાનંદ યાદવ તથા મે.ઈન્ક્રેડીબલ મશીનના ટેક્નીકલ ડાયરેકટરશ્રી વિરેન પંડયા દ્વારા વેપાર–ઉદ્યોગકારોને જાણકારી–માર્ગદર્શન આપવામાં આવેલ.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી સંસ્થા દ્વારા છેલ્લા ૬૯ વર્ષથી વિવિધ સેકટરને લગતા અલગ–અલગ અવરનેશ સેમીનરો યોજવામાંઆવે છે. તેમજ રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારોના ઉદભવતા પ્રશ્નોને વાચા આપવા હંમેશા અગ્રેસર રહે છે. તેઓના વેપાર–ધંધાને વેગ મળે અને દેશ તથા ગુજરાતના વિકાસમાં સહભાગી બની સૌરાષ્ટ્રને ગ્રોથ એન્જીન બનાવ્યું છે. સાથો સાથ કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરનો સંપર્ક કરવા અનુરોધ કરેલ.

મુખ્ય મહેમાન રાજકોટ ડેપ્યુટી ડીજીએફટીશ્રી રોહિત સોનીએ આ સેમિનારમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપેલ તે બદલ આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે રાજકોટ ચેમ્બર તટસ્થ અને પારદર્શક કાર્ય કરી રહ્યુ છે. હાલના સમયમાં ડીઝીટીલાઈઝેશન ખુબ જ ઝડપથી વધી રહ્યુ છે. જેનાથી વેપાર–ઉદ્યોગમાં ઘણો ફાયદો થશે. તેમજ નિકાસ અને ડીજીએફટી સલગ્ન કોઈપણ કામકાજ હોય તો અમારી ઓફિસનો સંપર્ક કરવો જેમાંહર હંમેશ સાથ સહકાર આપીશું.

NASSCOM COE–ગાંધીનગરના સિનીયર ડાયરેકટર અને સેન્ટર હેડશ્રી અમિત સલુજા દ્વારા NASSCOM સેન્ટર ઓફ એક્ષલન્સીએ ગુજરાત સરકાર અને મીનીસ્ટ્રી ઓફ IT-Electronics ના સપોર્ટથી મેન્યુફેકચરક્ષેત્રે ટેકનોલોજીનો ઉપયોગ વધે એના માટે સ્થાપના કરવામાં આવી છે અને MSME ને ટેકનોલોજીના એડોપ્શન માટે મદદ કરવા માટે સતત કાર્યરત છે. MSME ને એડવાન્સ ટેકનોલોજી જેવી કે Artificial intelligence અને Industrial Internet of Things ના માધ્યમથી વૈશ્વીક સ્તરે સ્પર્ધાત્મક કઈ રીતે બનાવવા અને ઉદ્યોગકારોને ઓપરેશનલ ખર્ચો જે છે તેને ઘટાડવો અને એમની પ્રોડકટીવીટી અને ક્ષમતાઓ કઈ રીતે વધારવી જેવી વિગેરે બાબતો અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત માહિતી આપેલ.

મે.દેવ ઈન્ફોર્મેશન ટેકનોલોજી લી.ના વાઈસ પ્રેસિડેન્ટશ્રી મિહીર જવેરીએ ઈન્ડસ્ટ્રી ૪.૦, Artificial Intelligence-Industrial Internet of Things, Analytics, થકી થતા અગત્યના ફાયદાઓ તેમજ સિસ્ટમ થકી મળવાપાત્ર વિવિધ મદદોની પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા વિસ્તૃત ચર્ચા નીચે દર્શાવેલ મુદાઓને આવરી કરવામાં આવી.

<u>Artificial Intelligence :</u> (૧) યોગ્ય અને ત્વરીત નિર્ણયો, (૨) ઉત્પાદકતા અને તેને આનુસાંગીક

કાર્યક્ષમતામાં વધારો (૩) બિઝનેશની વધારી સારી અને સુગમ પ્રગતિ સાધવા માટે, (૪) નવી ક્ષમતાઓ અને બિઝનેશ મોડલનું વિસ્તરણ, (૫) ગ્રાહકો સાથેના વ્યકિતગત સબંધોની ધનિષ્ઠ અને અનુભવોની જાળવણી, (૬) સેવાકિય માળખાને વધારે સુદ્રઢ અને સુલભ બનાવવા માટે, (૭) જે તે એકમ દ્વારા ગ્રાહકોને પુરી પાડવામાં આવતી વિવિધ સેવાઓ તથા તે સેવાઓના યોગ્ય નિરક્ષણ માટે, (૮) ઉત્કૃષ્ટ ગુણવતા થકી માનવ ભુલોને યોગ્ય પણે નિવારણ માટે, (૯) ઉત્કૃષ્ટ પ્રતિભાના યોગ્ય સંચાલન માટે, (૧૦) નફાકારકતામાં વધારો.

Industrial Internet of Things : (૧) ફેકટરી સલગ્ન વિવિધ પરીબળોને વધારે કાર્યક્ષમ બનાવવા માટે (૨) ઉત્પાદન પ્રોડકટને વધુ સારી ડિઝાઈન આપવા માટે (૩) સમગ્ર ઉત્પાદન અને પુરવઠા ચેનને વધુ કાર્યક્ષમ બનાવી શકાય (૪) બિનજરૂરી મોનોટરીંગ અને કન્ટ્રોલને નિવારવા (૩) ગ્રાહકોને વધારે સુયોગ્ય અને સુદ્રઢ પોસ્ટલ સર્વિસ એટલે કે વહેંચાણ બાદની સેવાઓ પુરી પાડી શકાય.

ત્યાર બાદ રાજકોટ SIDBIના DGM શ્રી શ્યામાનંદ યાદવએ MSME ને લગતી અલગ–અલગ ફાયનાન્સીયલ સ્કિમ જેવી કે ARISE, STHAPAN, Express2.0, Green Finance Scheme, eGPS, 4E Scheme વિશે માહિતી આપેલ તેમજ Artificial intelligence-Industrial Internet of Things, Analytics, ટેકનોલોજીનો ઉપયોગ કરનાર મે.ઈન્ક્રેડીબલ મશીનના ટેક્નીકલ ડાયરેકટરશ્રી વિરેન પંડયા દ્વારા પોતાનો અનુભવ જણાવેલ.

સેમીનારના અંતે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ASSOCHAM ગુજરાત કાઉન્સીલના MSME કમિટીના ચેરમેનશ્રી પાર્થભાઈ ગણાત્રાએ ઉપસ્થિત સૌમહેમાનો અને વેપાર–ઉદ્યોગકારોના પ્રતિનિધિઓનો આભાર વ્યકત કરતા જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા યોજાતા વિવિધ સેમીનારોનો ખાસ લાભ લેવો તેમજ કોઈપણ પ્રશ્ન કે સમસ્યા હોય તો સંસ્થાને મોકલી આપવા જેથી તેનું યોગ્ય નિરાકરણ લાવી શકાય. સમગ્ર સેમિનારનું સંચાલન ASSOCHAM ગુજરાત કાઉન્સીલના આસીસ્ટન્ટ ડાયરેકટરશ્રી દિર્ઘકુમાર સોનીએ કરેલ.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાની નામદાર હાઈકોર્ટમાં જીત...

## નિકાસકારો દ્વારા શિપીંગ બીલમાં કરાયેલ નાની એવી ભુલના કારણે રોકાયેલ IGST રીફંડની રકમ ૯% વ્યાજ સાથે ચુકવવામાં આવશે...

નિકાસકારો દ્વારા વિદેશ મોકલવામાં આવતા માલના શીપીંગ બીલમાં મળવાપાત્ર ડયુટી ડ્રો–બેક હાયર અને લોઅર રેટના મળવાપાત્ર કલેઈમની પ્રક્રિયામાં ભુલથી 'A' અગર 'C' લખાઈ ગયેલ હોય અને ડયુટી ડ્રો–બેક રેટ વધારે મળેલ ન હોવા છતા નિકાસકારોને કેન્દ્ર સરકારના CBITC ના સરકયુલર નં.૩૭/૨૦૧૮ તા.૯–૧૦–૨૦૧૮ મુજબ IGST રીફંડ આપવાનું બંધ કરવામાંઆવેલ હતું. જેના કારણે નિકાસકારોને ઘણી મુશ્કેલી ભોગવવી પડી રહી હતી. તે બાબત ધ્યાનમાં લઈ CBITC ના આ સરકયુલર અંગે તુરત પુનઃવિચારણા કરી વિદેશ વેપારને અવરોધક જોગવાઈ રદ કરી કોઈ પ્રોત્સાહનરૂપ જોગવાઈ કરવા રાજકોટ ચેમ્બર દ્વારા સબંધિત મંત્રાલયો–ડિપાર્ટમેન્ટોને વર્ષ ૨૦૧૮ થી રજુઆતો કરાયેલ હતી. પરંતુ આવી રજુઆતોનો કોઈ હકારાત્મક પ્રતિસાદ ન મળતા રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ પોતાની મેન્યુફેકચરીંગ કંપની મે. જયસન્સ એક્ષ્પોર્ટ દ્વારા વ્યકિતગત ધોરણે નામદાર હાઈકોર્ટમાં સ્પેશ્યલ સિવીલ એપ્લીકેશન : ૧૩૧૫૭/૨૦૨૨ દાખલ કરવામાંઆવેલ હતી. તેમની સતત મહેનત થકી નામદાર હાઈકોર્ટમાં આ વિષયક વિવિધ ચુકાદાઓ–અધિનિયમો–નોટીફિકેશનો વિગેરે પ્રસ્તુત કરી રીફંડ કેસને પુરે પુરો મજબુત બનાવવા સઘન પ્રયાસ કરાયેલ.

જે પ્રયાસનો સફળ ફલશ્રુતી અંતર્ગત કેન્દ્રીય મંત્રાલય દ્વારા કરવામાં આવેલ તમામ વિરોધો તથા રજુઆતોને ગેરમાન્ય રાખી રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ અને મે.જયસન્સ એક્ષ્પોર્ટના પાર્ટનરશ્રી પાર્થભાઈ ગણાત્રાની તરફેણમાં IGST ACT-2017, CGST ACT-2017 અને CGST RULES-2017 મુજબ મળવાપાત્ર થતી રીફંડની રકમ શિપીંગબીલ તારીખથી ચુકવણા તારીખ સુધી મુદલ સહિત ૯%ના વાર્ષિક દરે વ્યાજ સાથે ચુકવવા હુકમ ફરમાવવામાં આવેલ છે.

આમ જે કોઈ નિકાસકાર સભ્યોના શીપીંગબીલમાંભુલના કારણે રીફંડ રોકાયેલ હોય તો તે બાબતે વિશેષ માહિતી અથવા માર્ગદર્શનની જરૂર જણાય તો રાજકોટ ચેમ્બરનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવેલ છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના અવિરત પ્રયાસો થકી રાજકોટ ખાતે નિર્માણ પામેલ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ કરવા બદલ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો સહૃદય આવકાર સાથે આભાર...

દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વરદ હસ્તે સૌરાષ્ટ્રના નજરાણા સમાન હિરાસર ખાતે નિર્માણ પામેલ રાજકોટ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ તથા વિવિધ વિકાસ કાર્યોનું તા.૨૭મી જુલાઈ ૨૦૨૩ના રોજ લોકાર્પણ યોજવમાં આવી રહ્યુ છે. ત્યારે રાજકોટ–સૌરાષ્ટ્રની પ્રજાને આપેલ આ અમુલ્ય ભેટ બદલ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો સહૃદય આવકાર સાથે આભાર માને છે.

રાજકોટ ખાતે ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવા માટે ઓથોરીટી દ્વારા વર્ષ ૨૦૧૦માં મંજુરી આપવામાં આવેલ હતી. પરંતુ વર્ષ ૨૦૧૪ સુધી આ બાબતે કોઈપણ કાર્યવાહી થયેલ ન હતી. વર્ષ ૨૦૧૪ થી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશની કમાન સંભાળેલ ત્યારથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્ર તથા રાજ્ય સરકારના ઉડયનમંત્રીશ્રી–સંસદ સભ્યશ્રીઓને ૯ થી ૧૦ વખત દિલ્હી તથા ગાંધીનગર રૂબરૂ મુલાકાતો લઈ મિટીંગો યોજી અનેકવાર રજુઆતો કરી આ પ્રોજેકટને તાત્કાલીકના ધોરણે શરૂ કરવા માટે અવિરત પ્રયાસો કરવામાંઆવેલ હતા. જેના ફળસ્વરૂપે વર્ષ ૨૦૧૭માં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ખાત મુર્હત કરેલ હતું અને હવે આ ગ્રીન ફિલ્ડ એરપોર્ટનું લોકાર્પણ કરવામાં આવી રહયું છે. ત્યારે રાજકોટ–સૌરાષ્ટ્રની જનતા અને વેપાર–ઉદ્યોગકારોમાં સહર્ષ આનંદની લાગણી છવાયેલ છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કરાયેલ આ કુનેહભરી કામગીરીને આજે ખુબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. સાથો સાથ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીને રાજકોટ ખાતે લોકાર્પણ કાર્ય માટે પધારવા બદલ પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા સહૃદય આવકારવામાંઆવેલ છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ CGST ચીફ કમિશ્નરશ્રીમતી શિવા કુમારી મેડમની રૂબરૂ મુલાકાત લઈ GST ના વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવી...



CGST ચીફ કમિશ્નર શ્રીમતી શિવા કુમારી મેડમ રાજકોટ ખાતે આવેલ તે દરમ્યાન ડિપાર્ટમેન્ટ દ્વારા GST ને લગતા પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે મિટીંગ યોજવામાંઆવેલ હતી. આ મિટીંગ દરમ્યાન રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા તથા લીધીકા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખશ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ CGST ચીફ કમિશ્નરશ્રીમતી શિવા કુમારી મેડમની રૂબરૂ મુલાકાત લઈ મિટીંગમાં ઉપસ્થિત રહીને GST ને લગતા વિવિધ પ્રશ્નો–સુચનોની રજુઆત ધ્યાને મુકેલ હતી.

(૧) GST ના અમલીકરણ પછી અપીલના કેસો વધવા પામશે તે બાબતે રાજકોટ ચેમ્બર દ્વારા અગાઉ પણ

રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ ફાળવવા રજુઆત કરાયેલ હતી. તેમજ સરકારશ્રીના પ્રયાસો થકી ભારત સરકાર દ્વારા નોટીફીકેશન નં. SO-3009 તા.૨૧–૦૮–૨૦૧૯ થી રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ જાહેર કરવામાંઆવેલ હતી. પરંતુ કોઈ કારણોસર GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની રચના થઈ નથી અથવા કાર્યરત નથી. રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારોને અપીલને લગતા કેસો માટે ગાંધીનગર કે અમદાવાદ સુધીના લાંબા ધક્કા ખાવા પડે છે તેમજ આર્થિક નુકશાન પણ ભોગવવું પડી રહયું છે. આમ તેઓની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની તાત્કાલીક સ્થાપના કરવી ખાસ જરૂરી છે.

(૨) GST ની શરૂઆતમાં રીટર્ન ફાઈલ કરતી વખતે કોઈપણ ભુલ થયેલ હોય તો તેને સુધારવા માટે ONE TIME AMNESTY SCHEME અમલમાં મુકવી.

(૩) GST માં અપીલ ફાઈલ કરતા પહેલા ઉધોગકારોને ૩૦% જેવી અસહય ભરવાપાત્ર થતી પ્રિ–ડિપોઝીટ રકમમાં રાહત આપવી ખાસ જરૂરી છે.

(૪) GIDC માં પ્લોટ ટ્રાન્સફર કરતી વખતે જે GST ઉઘરાવવામાંઆવે છે તે અયોગ્ય છે. તો આ બાબતે તાત્કાલીક યોગ્ય કરવું.

(૫) બોગસ બિલીંગના કૌભાંડમાં સાચા ઉદ્યોગકારોને નુકશાની ભોગવવી ન પડે તે માટે આવા ગુન્હાતી પ્રવૃતિ કરનાર ખોટા ઉદ્યોગકારો સામે કડક કાર્યવાહી કરવી.

(૬) નિકાસ દરમ્યાન ફેકટરી સ્ટફીંગ કન્ટેઈનર હોય અને આવા કન્ટેઈનર RFID અને કસ્ટમ્સ સીલ બન્ને હોય તેવામાં E-WAY BILL ની જરૂરીયાત ન હોવી જોઈએ.

(૭) દરેક રાજયની ફિટમેન્ટ કમિટીમાં કેન્દ્ર સરકાર તરફથી કોઈ એક પ્રતિનિધિ હોવા જોઈએ. જેથી GST અંતર્ગત ઉદભવતા પ્રશ્નોનું ત્વરીત નિરાકરણ લાવી શકાય. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રના

ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા GST અંગેના રજુ કરાયેલ પ્રશ્નો અંગે CGST ચીફ કમિશ્નર શ્રીમતી શિવા કુમારી મેડમએ યોગ્ય કરવા હકારાત્મક અભિગમ દાખવેલ છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા પીજીવીસીએલના સયુંકત ઉપક્રમે વિજળીને લગતા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે સફળ ઓપન હાઉસ યોજવામાંઆવેલ...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપાર–ઉદ્યોગને લગતા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે અવાર–નવાર ઓપન હાઉસ યોજવામાં આવે છે. ત્યારે વેપાર–ઉદ્યોગકારો અને આમ જનતાને વીજળીને લગતી ઘણી ફરીયાદો હોય તેને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શહેરના વિવિધ એસોસીએશનોને સાથે રાખી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડના મેનેજીંગ ડિરેકટરશ્રી એમ.જે દવે સાહેબ, ચીફ એન્જીનિયરશ્રી લાખાણી સાહેબ, અધિક્ષક ઈજનેરશ્રીઓ તથા વિવિધ સબ ડિવીઝનના અધિકારીશ્રીઓ સાથે વિજળીને લગતા વિવિધ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા તા.૧૩–૭–૨૦૨૩ ના રોજ પીજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, રાજકોટ ખાતે ઓપન સફળ હાઉસનું આયોજન કરવામાં આવેલ. જે સતત અઢી કલાક આસપાસ ચાલેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં વિવિધ એસોસીએશનના હોદેદારો તથા અરજદારો હાજર રહ્યા હતા.

મિટીંગના પ્રારંભે પીજીવીસીએલના મેનેજીંગ ડિરેકટરશ્રી એમ.જે. દવે સાહેબએ સૌને આવકારતા

જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા કરાયેલ રજુઆતોને ધ્યાનમાં રાખી વિવિધ ડિવીઝનોના અધિકારશ્રીઓને હાજર રાખી આ ઓપન હાઉસ યોજેલ છે. જેમાંજેટલા પ્રશ્નોની રજુઆતો કરાશે તેમાં મહતમ પ્રશ્નોનું નિરાકરણ લાવવા પ્રયાસ કરાશે. તેમજ આ સિવાય અન્ય કોઈ પ્રશ્ન કે મુશ્કેલીઓ હોય તો અમારી ઓફિસનો સંપર્ક કરવો અમો હર હંમેશ મદદરૂપ થઈશું.

ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે રાજકોટ ચેમ્બર હરહંમેશ વેપાર–ઉદ્યોગકારો અને આમ જનતાની સાથે રહી તેઓના ઉદભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા માટે અગ્રેસર રહે છે. અમારી પાસે વેપાર–ઉદ્યોગકારો, અને આમ જનતાને વીજળીને લગતી ઘણી ફરીયાદો હોય તેને ધ્યાનમાં લઈ રાજકોટ ચેમ્બર દ્વારા શહેરના વિવિધ એસોસીએશનોને સાથે રાખીને ઓપન હાઉસ યોજેલ છે. બીપરજોય વાવાઝોડાની આફત સમયે પીજીવીસીએલ દ્વારા જે કામગીરી કરાયેલ છે. તે સરાહનીય છે. આ ઓપન હાઉસમાં વિજળીને લગતા મહતમ પ્રશ્નોનું નિરાકરણ લાવવા પ્રયાસ કરીશું તેમજ અમુક જે નિતી વિષયક પ્રશ્નો હોય તો તેની પણ સરકારશ્રી સમક્ષ રજુઆતો કરી ટુંક સમયમાં યોગ્ય નિકાલ લાવીશું. સાથોસાથ રાજય સરકારના ઉદ્યોગ વિભાગ દ્વારા સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ કમિટીની રચના કરવામાં આવેલ છે જેમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી રાજકોટ ચેમ્બરને પ્રતિનિધિત્વ આપવામાં આવેલ છે તો કોઈપણ પ્રશ્ન કે સુચનો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા ખાસ અનુરોધ કરેલ.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી** દ્વારા પીજીવીસીએલને લગતા નીચે મુજબના પ્રશ્નો–સુચનો ધ્યાને મુકવામાંઆવેલ.

(૧) શ્રી ફેઈઝ ઈન્ડસ્ટ્રીયલ વિજજોડાણમા અંદાજપત્ર ભરી ને પીજીવીસીએલનુ એગ્રીમેન્ટ થયેલ હોય તેમજ શેડ નુ વાયરીંગ પણ કમ્પ્લીટ હોવા છતા રાજકોટ સીટી ૧, ૨ અને ૩ ડીવીઝન હેઠળ આવતા સબડીવીઝનો દ્વારા ટેસ્ટ રીપોર્ટ સ્વીકારવામા આવતો નથી, ત્યાના અધિકારીઓ દ્વારા ફાઈલ ડીવીઝનમાથી પરત આવે ત્યાર બાદ જ આપનો ટેસ્ટ રીપોર્ટ સ્વીકારવામા આવશે તેવુ જણાવવામા આવે છે જેથી મુખ્ય ઈજનેર (ટેક) દ્વારા આપવામા આવેલ ગાઈડલાઈન નં. પીજીવીસીએલ/ટેક/૩૭૭૦ તા.૩–૬–૨૦૨૨ નો સ્પષ્ટ રીતે ભંગ થાય છે.

(૨) નવા વિજજોડાણના ગ્રાહક દ્વારા જયારે ઓનલાઈન અરજી કરવામા આવે છે ત્યારે સંપુર્ણ ડોકયુમેન્ટ ઓનલાઈન અપલોડ કરેલ હોય છે અને ત્યાર બાદ જ ઓનલાઈન ની આગળની કાર્યવાહી થાય છે, પરંતુ દરેક સબડીવીઝન દ્વારા આ બધા જ ડોકયુમેન્ટ ફરજીયાત પણે હાર્ડકોપી મા માંગવામા આવે છે અને બધુ જ પેમેન્ટ ઓનલાઈન કરેલ છે જેની રીસીપ્ટ પણ પીજીવીસીએલને હાર્ડકોપીમા આપવી પડે છે અને આ બધાની કાર્ડકોપી આપ્યા બાદ જ નવા વિજજોડાણની આગળની કાર્યવાહી કરવામા આવે છે. જેથી ઓનલાઈન અરજીનો કોઈ મતલબ રહેતો નથી.

(૩) નવા વિજજોડાણની ઓનલાઈન અરજીમા ગ્રાહક દ્વારા જે પેમેન્ટ કરવામા આવે છે તેનુ અંદાજપત્ર ઓનલાઈન ડાઉનલોડ થતુ નથી તથા વિજજોડાણની કેટેગરી પણ બતાવવામા આવતી નથી તેમજ સબડીવીઝન દ્વારા અંદાજપત્રની હાર્ડકોપી પણ આપવામાંઆવતી નથી. જેની સબડીવીઝનને જાણ કરવી જરૂરી છે કે ગ્રાહકોને પેનેન્ટ કરેલુ છે તેની અંદાજપત્રની નકલ આપવામા આવે જેથી ગ્રાહકોને કેટેગરીની

ખબર પડે અને વિજજોડાણ ચાલુ કરાવવા માટે અવારનવાર સબડીવીઝનના ઘકકા ખાવા ન પડે, ઓનલાઈન અરજી બાદ કામગીરીની પ્રકીયા જોઈ શકાય તેવી વ્યવસ્થા કરવી.

(૪) ગ્રાહકો દ્વારા જયારે ઓનલાઈન લોડ વઘારો કે લોડ ઘટાડાની અરજી કરવામા આવે ત્યારે કોઈક વાર ખોટા લોડની એન્ટ્રી થઈ જાય છે ત્યારે આવી અરજીમા સુઘારો કરવાની કે અરજી કેન્સલ કરવાની કોઈપણ વ્યવસ્થા નથી જે બાબતે યોગ્ય કરવું અને ગ્રાહક દ્વારા ઓનલાઈન એડીટ કરવા માટેની વ્યવસ્થા કરવી.

(૫) ઉદ્યોગનગર રાજકોટ સબડીવીઝનમાં મુકવામા આવેલ તમામ નવા વિજજોડાણની અરજીમાં વઘારાનો અંડરગ્રાઉન્ડ કેબલીંગનો ચાર્જ ફરજીયાત ગ્રાહકો પાસેથી વસુલવામા આવે છે. સબડીવીઝનમા તપાસ કરતા સમ્રાટ ઈન્ડ. એરીયા આઈપીડીએસ પાસે અંડરગ્રાઉન્ડ કેબલનો ચાર્જ ભરપાઈ કરાવવામા આવે છે અને પેમેન્ટ કર્યા બાદ અંદાજે પાંચ થી છ મહીના જેટલો સમય લાઈનકામમા લાગે છે કારણકે સબડીવીઝન તેમજ આરએમસીના મીસકોમ્યુનીકેશનના લીધે આટલો વિલંબ થાય છે.

(૬) હયાત તમામ પ્રકારના કનેકશનમાં ૩ વાગ્યા પછીના સમયમાં મીટર બળવુ, ટ્રાન્સફોર્મર, સીટી પીટી ખરાબ થવાના કિસ્સામાં બીજા દિવસે ઓફીસ સમય દરમીયાન કામગીરી થાય છે, શનિ રવિ અથવા તેને આગળ પાછળ રજા આવતી હોય તો આ કનેકશનનુ કામકાજ બંઘ રહે છે આ અંગે અગાઉ પણ ખુબજ રજુઆત કરેલ હોય પણ કોઈપણ પ્રકારનુ નિરાકરણ થયેલ નથી.

(૭) રાજકોટ સીટીની બહાર હાલ ખુબ જ મોટા પ્રમાણમા ઔદ્યોગીક એરીયા વિકાસ પામી રહ્યો છે જેથી મોટા પ્રમાણમા ઈન્ડસ્ટ્રીઝ આવેલા છે તેવી જગ્યાએ અલગથી ઔદ્યોગીક ફીડર આપવામા આવે તો મોટા પ્રમાણમા ટ્રીપીંગની સમસ્યા રહે છે તે ન રહે.

(૮) પારડી સબડીવીઝન હેઠળ આવતા માખાવડ, રાવકી, ખાંભા, પાળ પીપળીયા, રીબ, પડવલા, રીબડા, રોડ પીપળીયા જેવા નવા વિકસતા ઔદ્યોગીક વિસ્તારમા એક દિવસમા બે થી ત્રણ વખત ટ્રીપીંગની સમસ્યા રહે છે જેના કારણે મોટા ઉદ્યોગોને લાખો રૂપીયાની નુકશની આવે છે જે બાબતે યોગ્ય કાર્યવાહી કરી અલગ ઔદ્યોગીક ફીડર આપવામા આવે.

(૯) નવા વિકસતા ઔદ્યોગીક એરીયામાંકનેકશન અને ફીડરની સંખ્યાને ઘ્યાને લઈ માલ મટીરીયલ અને મેઈન્ટેનન્સ માટે વાહન ફાળવવા,અને શકય હોય ત્યાં અલગ સબડીવીઝનની અથવા ફોલ્ટ સેન્ટરની વ્યવસ્થા કરવી જોઈએ.

(૧૦) ચેકીંગ વખતે ઉદ્યોગકારોને ખોટી રીતે ૧૨૬ની કલમ મુજબ બીલ આપવામા આવે છે તેમજ ગ્રાહકોને અગાઉથી જ ચેકીંગ શીટમા સહી કરાવી લેવામા આવે છે જે યોગ્ય બાબત નથી.

(૧૧) લાઈટબીલ ચેકથી પેમેન્ટ કરેલ હોય અને કોઈ કારણોસર ચેક રીર્ટન થયેલ હોય તો જાણ કર્યા વગર કનેકશન કાપવામાંઆવે છે. અને પૈસા ભર્યા પછી બીજા દિવસે કનેકશન ચાલુ કરવામાંઆવે છે, જે સપ્લાય કોડ નોટીફીકેશન ૬/૨૦૧૬ નો ભંગ થાય છે જેમાંટાઈમ આપવો જરૂરી છે.

(૧૨) રહેણાંક વિજજોડાણ ઘરાવતા ગ્રાહકો જયારે સોલાર માટેની એપ્લીકેશન કરતા હોય ત્યારે ફરજીયાત ડી

પાઈપ કનેકશન કરવામા આવે છે અને TC કોસ્ટના ૭૦% રકમ ગ્રાહકો પાસેથી વસુલવામા આવે છે જે યોગ્ય બાબત નથી.

(૧૩) ગ્રાહક જયારે સિંગલ ફેઈઝ ટેમ્પરરી વિજજોડાણ મેળવવા માટે અરજી મુકયા બાદ વિજજોડાણ મળતા અંદાજે પંદર થી પચ્ચીસ દિવસ જેટલો સમય લાગે છે તેમજ થ્રી ફેઈઝ ટેમ્પરરી વિજજોડાણ મેળવવા માટે અરજી મુકયા બાદ વિજજોડાણ મળતા અંદાજે પચ્ચીસ થી પીસતાલીસ દિવસ જેટલો સમય લાગે છે, જેમા રેવન્યુ ચેક કર્યા બાદ સર્વે કરવામા આવે છે અને ત્યાર બાદ જ રજીસ્ટ્રેશન કરવામા આવે છે. જેથી ટેમ્પરરી વિજજોડાણ મેળવવા માટેની સમય મર્યાદાની ગાઈડલાઈન આપવી અને તે મુજબ ટેમ્પરરી વિજજોડાણ માટેની સબડીવીઝનો દ્વારા કાર્યવાહી થાય તેવી વ્યવસ્થા કરાવવી.

(૧૪) ટેમ્પરરી કનેકશનમાં ડીપોઝીટ રકમ લેવાની કોઈ ગાઈડલાઈન નથી જેથી બધા સબડીવીઝનોમા અલગ અલગ ડીપોઝીટની રકમ લેવામા આવે છે, તેમજ ડીપોઝીટ રીફંડ પ્રકળીયા ખુબ જ લાંબી છે, તેમજ ટેમ્પરરી અથવા ઈન્ડસ્ટ્રીયલ પીડીસી કરાવેલ કનેકશનમાંડીપોઝીટ રીફંડ માંટે ૩ થી ૬ મહીનાનો સમય લાગે છે. ટેમ્પરરી વિજજોડાણ ડીપોઝીટ આઘારીત હોય જેમા ડોકયુમેન્ટમા સરળતા હોવી જોઈએ.

(૧૫) ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાંફીડરની ક્ષમતા પુર્ણ થાય ત્યારે પીજીવીસીએલ ફીડર બાયફરગેશન ગ્રાહકના ખર્ચે કરવામાંઆવે છે, આવા માંટે સરકાર બજેટમાંજોગવાઈ પણ કરે છે અને ઉંચા સ્લેબનુ બીલીંગ કરતા ઉદ્યોગો પર આવુ ભારણ ન આવે તે પણ પીજીવીસીએલ. જોવુ જરૂરી છે.

(૧૬) એચ.ટી વિજજોડાણમા હાલ ફીકસ ચાર્જ અમલ હોય તેવા સંજોગોમાંઅંડરગ્રાઉન્ડ કેબલ ચાર્જ કવોટેશનમા બીનજરૂરી લગાવવામા આવે છે. આવા કામો અગાઉ પીજીવીસીએલ દ્વારા સલામતીને ધ્યાને લઈને થવા જોઈએ તે થતા નથી.

(૧૭) ગ્રાહકોને જયારે પોતાનુ મકાન તથા શેડનુ હયાત બાંઘકામ પાડી નવુ બાંઘકામ કરવાનુ હોય ત્યારે ત્યા લાગેલ કાયમી વિજજોડાણના મીટર ને નજીકના પોલ પર શીફટ કરી પાવર બંઘ કરવામા આવે પરંતુ પીડીસી કરવામા ન આવે તેમજ આવા બિલ્ડીંગનુ બાંઘકામ નવુ ટેમ્પરરી વિજજોડાણ મેળવી બાંઘકામ પૂર્ણ કરવામા આવે અને બાંઘકામ પૂર્ણ થયે ટેમ્પરરી વિજજોડાણ કાયમી ઘોરણે રદ કરી અગાઉ શીફટ કરેલ હયાત મીટર બિલ્ડીંગમા મુળ જગ્યાએ ફેરવી પાવર ચાલુ કરી આપવામા આવે તો ગ્રાહકોનો સમય અને નાણા ની બચત થઈ શકે.

(૧૮) દરેક શહેર તાલુકા કે ગ્રામ્ય વિસ્તારમાંમોટા ભાગે રહેણાંક બીનખેતી હોય છે, અને કનેકશનમાંખરેખર જમીન બીનખેતી હોવી જરૂરી છે, જીડીસીઆરમાં દરેક રહેણાંક એરીયામાં પ્રજાને વિવિઘ સેવાઓ જેવી કે ફલોર મીલ, પ્રાયમરી સ્કુલ, જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ હેર ડ્રેસર, દરજી, ગેરેજ, હોટેલ, દવાખાના, બેંક, મનોરંજન માંટે સાઘનો લગ્ન હોય, પાર્ટીપ્લોટ જેવી વિવિઘ પ્રકારમાં પ્રોવિઝન કરેલ છે જ માટે અલગ અલગ હેતુઓનો કનેકશન માટે જમીન બીનખેતી નો આગ્રહ રાખવો જોઈએ નહીં.

(૧૯) ખેતીવાડી વિજજોડાણમા નામ ટ્રાન્સફર કરતી વખતે જુના ગ્રાહક નુ રૂપીયા ૩૦૦ના સ્ટેમ્પ પેપર નોટરીવાળુ સંમતી પત્ર માંગવામા આવે છે જે યોગ્ય બાબત નથી.

(૨૦) જુના ખેતીવાડી ફીડરોમા મેઈનટેનન્સના અભાવના કારણે ખેતીવાડીમા પુરતો ૮ કલાક પાવર પણ મળતો નથી જેથી ટાઈમસર મેઈનટેનન્સ કરવુ જરૂરી છે.

(૨૧) વિજળી બેઈઝીક જરૂરીયાત છે અને દેશ તથા રાજયના અર્થતંત્ર/રોજગારી/ટેક્ષ જેવી બાબતો માટે ઈન્ડસ્ટ્રીઝ ખુબજ અગત્યનુ અંગ છે માટે ડીસ્કોમને નુકશાન ન જાય તે બાબતો સિવાય અન્ય બાબતોમા પડયા વગર વીજળી સરળતાથી ગુણવતા સભર અને કાયમી ફળી મળે તે બાબતે ડીસ્કોમ દ્વારા વિચાર કરવો ખુબ જ અગત્યનું છે.

લોઠડા–પિપલાણા–પડવલા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન દ્વારા અવાર–નવાર પાવર ફેઈલ થવા તથા 66 કેવી સબસ્ટેશન મુકવા માટે જગ્યાની ઘણાં સમયથી રજુઆત છે તેમજ કાયમી ઓફિસ ફાળવવી જરૂરી છે. જેના પ્રત્યુતરમાં પ્રમુખશ્રી વી.પી. વૈણવએ અને ચીફ એન્જીનીયરશ્રીએ આ બાબતે રાજકોટ જીલ્લા કલેકટરશ્રી તથા જેટકો સાથે પરામર્શ કરી જગ્યાની માંગણી કરી યોગ્ય કરીશું.

ખાંભા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, કુવાડવા ઈન્ડસ્ટ્રીયલ એરીયા એસોસીએશન, આજી જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, રીબડા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, હડમતાળા ઈન્ડસ્ટ્રીયલ ઝોન દ્વારા આવા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં ઔદ્યોગીક એકમોને અવાર–નવાર પાવર ટ્રીપીંગ થવાના કારણે ઉત્પાદન પ્રક્રિયામાંલાખો–કરોડોની નુકશાની થાય છે. જે કોઈ પણ સંજોગોમાં પોસાઈ શકે તેમ નથી. તેથી શહેરના આવા તમામ ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં ફીડરોમાં મેઈન્ટેનન્સ કરવું જરૂરી છે.

જેના પ્રત્યુતરમાં પીજીવીસીએલના એમડીશ્રી તથા ચીફ એન્જીનીયરશ્રીએ આવા તમામ ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં આવતા પાવર ફેઈલના પ્રશ્નોનું મહિનાના અંત સુધીમાં નિરાકરણ આવી જશે તેમજ જયારે જયારે ફીડરોના મેઈન્ટેનન્સ કરવામાં આવનાર હશે ત્યારે તેની બે દિવસ અગાઉ જાણ કરવાની વ્યવસ્થા કરાશે જેથી ઉદ્યોગકારોને મુશ્કેલી ન પડે. સાથો સાથ ડિવીઝનોમાં જે સ્ટાફનો અભાવ અને વ્હીકલ ન હોવાની ફરીયાદો અંગે હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય કરાશે. વધુમાંથી ફેઈઝ વિજજોડાણમાં વાયરીંગ પુર્ણ થયે ટેસ્ટ રીપોર્ટ સ્વીકારાશે, નવા વિજજોડાણની ઓનલાઈન અરજીમાંમીનીમમ ડોકયુમેન્ટ અને રેલેકશેશન આપીશું, લોડ વધારો કે ઘટાડાની ઓનલાઈન અરજીમાં રીવેરીફીકેશનની વ્યવસ્થા કરીશું જેથી ગ્રાહકોને મુશ્કેલી ન ભોગવવી પડે તેમ જણાવેલ.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે જે જે પ્રશ્નો રજુ થયા છે તેમાંથી મહતમ પ્રશ્નોનું નિકાલ થઈ ગયેલ છે. જેમાંખાસ કરીને ડીવીઝનોમાં સ્ટાફનો અભાવ, ફીડર મેઈન્ટેનન્સ, વ્હીકલની જરૂરીયાત જેવી મુશ્કેલીઓ દુર થવાથી નાના મોટા ૭૦% આસપાસ પ્રશ્નોનો નિકાલ થઈ જશે.

રાજકોટ ઈલેકટ્રીકલ લાઈસન્સ કોન્ટ્રાકટર એસોસીએશનના પ્રમુખશ્રી શિવલાલભાઈ બારસીયાએ વેપાર–ઉદ્યોગકારોને સેફટી અવરનેશ બાબતે જાણકારી આપેલ હતી.

ત્યાર બાદ ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયાના ચેરમેનશ્રી સંજયભાઈ લાખાણીએ આજ રોજ રાજકોટ ચેમ્બર તથા પીજીવીસીએલ દ્વારા વિજળીના પ્રશ્નોના નિરાકરણ માટે ખુબ જ સુંદર મિટીંગનું આયોજન કરેલ છે. જેમાં ઉપસ્થિત વિવિધ એસોસીએશનના પ્રતિનિધિઓ તથા અધિકારીશ્રીઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરેલ. આમ સમગ્ર ઓપન હાઉસ ભવ્યતી ભવ્ય બનેલ હતું.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ-અમદાવાદ ૬ લેન પ્રોજેક્ટ તાત્કાલીક પુર્ણ કરવા સરકારશ્રી સમક્ષ રજુઆત...

ગુજરાત રાજયની માળખાકીય સુવિધાઓ, ઈન્ફ્રાસ્ટ્રકચર લેવલે ખુબ જ ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. ત્યારે રાજકોટથી અન્ય મહત્વના મોટા શહેરોને જોડતો રાજકોટ–અમદાવાદ નેશનલ હાઈવેને ૪ લેનમાંથી ૬ લેન બનાવવાનો પ્રોજેકટ જે ખુબ જ અતિ મહત્વનો અને આવશ્યક છે. આ પ્રોજેકટ આશરે ૩ વર્ષથી કાર્યરત છે તેમજ આ પ્રોજેટકને વર્ષ ૨૦૨૦ સુધીની સમય મર્યાદામાં પુર્ણ કરવાનો હતો. પરંતુ આ પ્રોજેકટ ખુબ જ મંદગતીએ ચાલી રહ્યો છે અને હજુ આ અંતર્ગત ઘણું કામ બાકી લાગી રહ્યુ છે. ત્યારે આ પ્રોજેકટ કયારે પુર્ણ થશે તેનો કોઈ અંદાજ આવી શકતો નથી.

ગુજરાતના સ્વપ્ન સમાન આ પ્રોજેટની નિયુકત સમય મર્યાદામાં પુર્તતા ન થવાથી તેમજ સમગ્ર પ્રોજેકટ અંતર્ગત કેટલાય ડાયવર્ઝનો તથા ખોદકામોને કારણે વેપાર–ઉદ્યોગકારો અને આમ જનતાને અવર–જવર કરવામાં ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. આ નેશનલ હાઈવે સતત ધમધમતો હાઈવે હોય પ્રોજેકટ અંતર્ગત ડાયવર્ઝન અને ખોદકામને કારણે કલાકો સુધી ટ્રાફિક જામ થવાની પણ સમસ્યા ઉદભવી રહી છે. જેથી લોકોને નાણાં, સમય તથા ઈંધણનો પણ વ્યય થાય છે. સરકારશ્રી દ્વારા રાહદારીઓ પાસેથી ટોલટેક્ષ ઉઘરાવવામાં આવે છે. પરંતુ તેઓને રોડ–રસ્તાઓની આવી ખરાબ પરિસ્થિતીમાંથી પસાર થવું પડે તે ખુબ જ દુઃખ દાયક અને આશ્ચર્યચકિત જણાય રહ્યુ છે

વધુમાં આ ૬ લેન પ્રોજેકટની કામગીરીની સમીક્ષા માનનીય મુખ્યમંત્રીશ્રી ઘણા સમય પહેલા કરી ચુકયા છે તો ફરીવાર આ પ્રોજેકટની સમીક્ષા કરીને રાજકોટ–અમદાવાદ ૬ લેન પ્રોજેકટ તાત્કાલીક પુર્ણ થાય અને આ પ્રોજેકટ જયાં સુધી પુર્ણ ન થાય ત્યાં સુધી વાહન વ્યવહાર વિના અવરોધે ચાલુ રહે તેવી તમામ વ્યવસ્થા હાથ ધરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી, ગૃહમંત્રીશ્રી અમીતભાઈ શાહજી, રોડ–ટ્રાન્સપોર્ટ મંત્રીશ્રી નિતીનભાઈ ગડકરીજી તથા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની સફળ રજૂઆત...

## રાજકોટ–પુના માટેની રોજીંદી ફલાઈટ શરૂ...

રાજકોટ સૌરાષ્ટ્રનું પાર્ટનગર હોય વેપાર–ઉદ્યોગકારો તથા આમ પ્રજાજનોને વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હંમેશા પ્રયત્નશીલ રહી છે. રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા એરપોર્ટ સલાહકાર સમિતિની મિટીંગમાં તેમજ માનનીય સંસદ સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયાજી સમક્ષ એરલાઈન્સને લગતા વિવિધ પ્રશ્નોની રજૂઆતો કરવામાં આવેલ હતી. જેમા ખાસ કરીને રાજકોટ ઓટોપાર્ટસનું હબ હોય, ડિફેન્સ અને એરોસ્પેસના પાર્ટસનું વધુ ઉત્પાદન રાજકોટમાં થઈ રહ્યુ હોય અને હજારો વિદ્યાર્થીઓ અને આઈ.ટી. વ્યવસાયીકો પુના અવાર–નવાર મુસાફરી કરતા હોય છે. ત્યારે મુસાફરોને કોઈપણ જાતની મુશ્કેલી ન પડે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ–પુના–રાજકોટ માટેની રોજીંદી ફલાઈટ શરૂ કરવા રજુઆત કરવામાં આવેલ હતી.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજુઆતનો સ્વીકાર થયેલ છે અને ૩જી જુલાઈથી રાજકોટ –પુનાની રોજીંદી ફલાઈટ શરૂ થઈ જશે. તેથી રાજકોટ ચેમ્બરની માંગણીનો સ્વિકાર કરવા બદલ માનનીય કેન્દ્રીય ઉડ્ડયનમંત્રીશ્રી જયોતિરાદીત્ય સિંધીયા તથા સંસદસભ્યશ્રી મોહનભાઈ કુંડારીયાનો સહૃદય આભાર માને છે. આમ આ એરલાઈન્સની સુવિધા મળવાથી રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોમાં હર્ષની લાગણી છવાયેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ફીઓના સંયુકત ઉપક્રમે નિકાસકારો માટે લેટર ઓફ ક્રેડીટ, મેથોડ ઓફ પેમેન્ટ તથા ઈન્કોટર્મ્સ ૨૦૨૦ અંગે માર્ગદર્શન આપતા સેમિનારનું આયોજન કરવામાં આવેલ... જેમાં બહોળી સંખ્યામાં નિકાસકારો ઉપસ્થિત રહેલ..




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્ષપોર્ટ ઓર્ગોનાઈઝેશન(ફિઓ)ના સંયુકત ઉપક્રમે તા.૨૪–૬–૨૦૨૩, શનિવારના રોજ રાજકોટ ચેમ્બર હોલ ખાતે સવારના ૧૧:૦૦ થી સાંજના ૪:૦૦ વાગ્યા સુધી નિકાસકારો માટે લેટર ઓફ ક્રેડીટ, મેથોડ ઓફ પેમેન્ટ તથા ઈન્કોટર્મ્સ ૨૦૨૦ અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાંઆવેલ.

સેમિનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારતા જણાવેલ કે રાજકોટ ચેમ્બર અને ફીઓ દ્વારા ઘણાં વર્ષોથી નિકાસકારો માટે અલગ–અલગ વિષયો પર માર્ગદર્શન પુરૂ પાડતા વિવિધ સેમિનારો યોજવામાં આવી રહ્યા છે. હાલમાં નિકાસકારો માટે નિકાસ દરમ્યાન પેમેન્ટ રીલેટેડ ઘણી મુશ્કેલીઓ પડી રહેતી હોય છે. તેના નિવારણ માટે અને નિકાસ દરમ્યાન કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે

આજરોજ મહત્વના સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. જે સૌને ખુબ જ ઉપયોગી બની રહેશે. સાથો સાથ તાજેતરમાંજ રાજકોટ ખાતે છેલ્લા ત્રણેક મહિનાથી જોઈન્ટ ડીજીએફટીની જગ્યા ખાલી પડેલ હતી. જેના કારણે નિકાસકારોને ખુબ જ મુશ્કેલીઓ પડી રહેલ અને નિકાસ સલંગ્ન કાર્યવાહીઓ અટકી ગયેલ હોવાથી રાજકોટ ખાતે જોઈન્ટ ડીજીએફટીની ખાલી પડેલ જગ્યા તાત્કાલીક ભરવા માટે રાજકોટ ચેમ્બર દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજીને રૂબરૂ તેમજ લેખિત રજુઆતો કરવામાંઆવેલ હતી. જે રજુઆતને સફળતા મળેલ છે અને સોમવાર સુધીમાં નવા જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોની ચાર્જ સંભાળી લેશે.

ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રાસંગીક ઉદબોધન આપતા જણાવેલ કે વેપાર–ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે રાજકોટ ચેમ્બર સરકારશ્રી તથા વિવિધ ડિપાર્ટમેન્ટમાંઅગ્રેસર રહી એક સેતુ બની કાર્ય કરી રહયુંછે. આપણે સૌજાણીએ છીએ તેમ ભારત દેશ આજે ત્રીજી આર્થિક મહાસતા તરફ આગળ વધી રહયુંછે તેમજ દેશના અર્થતંત્રને વધુ વેગવંતુ બનાવવામાંનિકાસનો મહત્વનો સિંહફાળો રહયો છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમીને સાર્થક કરવામાંસૌસહભાગી બનીએ. રાજકોટ ચેમ્બર નિકાસક્ષેત્રે તેમજ અન્ય વિવિધ ક્ષેત્રો માટે સેમિનારો યોજે છે. જેનો ખાસ લાભ લેવા અનુરોધ કરેલ તેમજ કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરનો સંપર્ક કરવા જણાવેલ.

સેમિનારના ખાસ વકતા મુંબઈ સ્થીત ઈન્ટરનેશનલ ટ્રેડના સલાહકાર વકતાશ્રી મિહીર શાહ દ્વારા આજનો આ સેમિનારનુંઆયોજન કરવા બદલ રાજકોટ ચેમ્બર તથા ફિઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરેલ. નિકાસક્ષેત્રે ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે તે સ્વાભાવીક છે અને રિસ્ક પણ ઘણુંહોય છે જેમ કે પ્રોડકટ રિસ્ક, માર્કેટ રિસ્ક, પોલીટીકલ રિસ્ક, લીગલ/રેગ્યુલેશન રિસ્ક, બાયર રિસ્ક અને પેમેન્ટ રિસ્ક મહત્વના પરીબળો છે. તેનુંનિરાકરણ કેવી રીતે લાવી શકાય અને આપણા બિઝનેશને આગળ કેપ ધપાવી શકાય તે માટે આજના સેમિનારમાંમુખ્ય ત્રણ વિષયો જેવા કે લેટર ઓફ ક્રેડીટ, મેથોડ ઓફ પેમેન્ટ તથા ઈન્કોટર્મ્સ ૨૦૨૦ અંગે જાણકારી મેળવીશું. લેટર ઓફ ક્રેડિટએ વિદેશી બાયરની બેન્ક દ્વારા નિકાસકાર માલ મોકલે અને પુરાવા તરીકે નિકાસકારની બેન્કને જરૂરી ડોકયુમેન્ટસ રજુ કરે છે તે પછી ચુકવણી કરવા માટે કરારબદ્ધ પ્રતિબદ્ધતા છે. ટ્રેડ ફાઈનાન્સ ટુલ તરીકે લેટર ઓફ ક્રેડિટ નિકાસકારો અને બાયર બન્ને સુરક્ષિત રાખે છે. લેટર ઓફ ક્રેડિના મુખ્ય પાંચ પ્રકારો (૧) Irrevocable LC (૨) Transferable LC (૩) Back to Back (counter) LC (૪) Red Clause LC (Advance Payment LC) (૫) Revolving LC હોય છે. જયારે મેથોડ ઓફ પેમેન્ટમાંએડવાન્સ પેમેન્ટ, ડોકયુમેન્ટસ અગેઈન્ટસ પેમેન્ટ, ડોકયુમેન્ટસ અગેઈન્ટસ એકસેપ્ટન્સ અને એલ.સી.ની જાણકારી હોવી જરૂરી છે. જયારે ઈન્કોટર્મ્સ ૨૦૨૦ અંતર્ગત Ex Works, Free Carrier, Carriage Paid To, Carriage And Insurance Paid To, Delivered At Place, Delivered At

Place Unloaded, Delivered Duty Paid, Free Alongside Ship, Free On Board, Cost And Freight, Cost Insurance And Freight વિવિધ ટર્મ્સ વિષે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માર્ગદર્શન આપવામાંઆવેલ. તેમજ ઉપસ્થિત નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નોનો યોગ્ય પ્રત્યુતર પાઠવી નિરાકરણ લાવેલ.

સમગ્ર સેમિનારનું સંચાલન તથા ઉપસ્થિત નિકાસકારોનો આભાર વ્યકત ફીઓના વેસ્ટર્ન રીજીઓનલ હેડશ્રી જયપ્રકાશ ગોયેલએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme ની વ્યાજ સહાયની વર્તમાન મર્યાદા ૩% ને બદલે ૬% કરવા ફરીવાર કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામનજી સમક્ષ રજુઆત કરવામાં આવી.

કેન્દ્ર સરકાર દ્વારા MSME ઉત્પાદક નિકાસકારો માટે નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme જાહેર કરવામાં આવેલ. જે અંતર્ગત નિકાસકારો દ્વારા કરવામાં આવેલ પ્રી અને પોસ્ટ શીપમેન્ટ નિકાસ માટે લેવાયેલ લોન અંતર્ગત વ્યાજ સહાય ચુકવવામાંઆવે છે. અગાઉ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના અવીરત પ્રયાસ થકી આ સ્કિમની સમય મર્યાદા તા.૩૧–૩–૨૦૨૪ સુધી લંબાવવામાંઆવેલ છે.

પરંતુ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા જે રેપો રેટ વધારવામાંઆવેલ છે તેના કારણે બેન્કની લોન ખુબ જ મોંઘી થઈ ગયેલ છે. જેના કારણે નિકાસકારોને અસહ્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો છે. તેમજ આર્થિક બોજાનુંભારણ વધી રહ્યુ છે. જેથી નિકાસકારોની મુશ્કેલીઓને ધ્યાનમાંલઈ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme અંતર્ગત મળવાપાત્ર વ્યાજ સહાયની વર્તમાન મર્યાદા જે ૩% છે તેને વધારી ૬% કરવા ફરીવાર કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે.

## બિપોરજોય વાવાઝોડાનો સામનો કરવા ગુજરાત સરકારશ્રીએ પૂર્વ તૈયારી શરૂ કરી સરાહનીય પગલું ભરી સુંદર કામગીરી કરેલ. તે બદલ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આભાર માને છે....

અરબી સમુદ્રમાં ઉદ્‌ભવેલ બિપોરજોય વાવઝોડું ગુજરાત રાજય તરફ આવી પડેલ આ કુદરતી આફત સમયે જનજીવન ઉપર કોઈપણ જાતની મુશ્કેલી ઉભી ન થાય અને આપણે સૌસલામત રહી તેના માટે ગુજરાત સરકારશ્રીએ આવા ભયાનક વાવાજોડાનો સામનો કરવા જીલ્લા કક્ષા તેમજ તાલુકા કક્ષાએ પોતાની ટીમને મોકલી પૂર્વ તૈયારી શરૂ કરી લીધેલ હતી. અને સરકારી તંત્રએ સફળતાપૂર્વક આપતીજનક વાવાજોડાનો સામનો કરી જાનહાની ટાળવાનો પ્રયત્ન કરેલ તે સરાહનીય પગલું છે. તે માટે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ તેમની સમગ્ર ટીમને આવી સુંદર કામગીરી કરવા બદલ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ અભિનંદન પાઠવેલ. સાથોસાથ રાજકોટ ચેમ્બરે કરેલ અપીલના અનુસંધાને વેપાર–ઉદ્યોગકારોએ પણ પોતાના કામધંધા સ્વૈચ્છીક બંધ રાખી તેમજ આમ પ્રજાજનોએ ખાસ સાવચેતી રાખી રાજકોટ ચેમ્બર સાથે તાલ મીલાવેલ તે બદલ તેઓ સમક્ષ પણ આભારની લાગણી વ્યકત કરેલ.

રાજકોટ ચેમ્બર હર હંમેશની જેમ સરકારશ્રી સાથે તેમજ પબ્લીકના "સુખે સુખી અને દુખે દુખી" હોય તે માટે ૨૪ કલાક રાજકોટ ચેમ્બરની ઓફિસ ખુલ્લી રાખી કંટ્રોલ રૂમ શરૂ કરી ઘણા લોકોને ગાઈડન્સ અને સહકાર પુરો પાડેલ. આવી ખરાબ પરિસ્થિતીના સમયે રાજકોટ ચેમ્બર લોકોની સાથે છે. તે માટે રાજકોટ ચેમ્બરનો કંટ્રોલ રૂમ બીજા દિવસે સાંજ સુધી ચાલુ રાખેલ હતો.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તમામ વેપાર–ઉદ્યોગકારોને સ્વૈચ્છીક બંધ રાખી સાવચેતી રાખવા પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા અપીલ કરી કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બર દ્વારા ૨૪ કલાક કન્ટ્રોલ રૂમ શરૂ કરાયેલ...

બિપોરજોય વાવાઝોડું આજે આક્રમક સ્વરૂપ ધારણ કરનાર હોય અને ભારે પવન સાથે વરસાદની આગાહી કરવામાંઆવેલ છે. જેના તકેદારીના ભાગરૂપે તા.૧૪ અને ૧૫ જુન ૨૦૨૩ બે દિવસ સ્વૈચ્છીક બંધ રાખી તમામ વેપાર–ઉદ્યોગકારો, આમ પ્રજાજનોને ખાસ સાવચેતી રાખવી અને ઘરની બહાર ન નિકળવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ખાસ અપીલ કરવામાં આવેલ.

તેમજ કોઈપણ આકસ્મિક ઘટના બને અને મદદની જરૂર પડે તો રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાઉન્ડ ધી કલોક ૨૪ કલાક શરૂ કરાયેલ કન્ટ્રોલ રૂમનં.૦૨૮૧–૨૨૨૭૪૦૦ / ૨૨૨૭૫૦૦ મો.૭૩૮૩૧૨૭૪૦૦ અને ઉદ્યોગો માટેનો ખાસ કન્ટ્રોલ રૂમનં.૭૮૭૪૬૦૫૧૧૮ પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ જોઈન્ટ ડીજીએફટીની ખાલી પડેલ જગ્યા તાત્કાલીક ભરવા માનનીય કેન્દ્રીયમંત્રીશ્રી પિયુષ ગોયેલજી સમક્ષ રજુઆત કરવામાં આવી...

છેલ્લા ત્રણેક મહિનાથી રાજકોટ જોઈન્ટ ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડની જગ્યા ખાલી પડેલ છે. જેના કારણે રાજકોટ–સૌરાષ્ટ્રના નિકાસકારોને ખુબ જ હાલાકીનો સામનો કરવો પડી રહયો છે. તેમજ નિકાસ સલંગ્ન કાર્યવાહીઓ અટકી પડેલ છે.

તેથી રાજકોટ–સૌરાષ્ટ્રના નિકાસકારોના વિશાળ સમુદાય અને તેઓને પડી રહેલ મુશ્કેલીઓને ધ્યાનમાંરાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી સમક્ષ રાજકોટ જોઈન્ટ ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડની જગ્યા તાત્કાલીક ભરવા રજુઆત કરવામાંઆવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ ગાંધીનગર ખાતે Special Task Force Committee ની મળેલ મિટીંગમાંઉપસ્થિત રહી વેપાર–ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજુઆત કરેલ...

રાજય સરકારના ઉદ્યોગ ડિપાર્ટમેન્ટ દ્વારા આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૨૪ આયોજનના પુર્વ તૈયારીના ભાગરૂપે અને નવી પ્રોત્સાહન યોજનાઓના ઘડતર જેવી અગત્યની કામગીરી કરવા અને વખતો વખત સરકારશ્રીને થયેલ કામગીરી અંગે રીપોર્ટ કરવા માટે Special Task Force Committee કમિટિની રચના કરવામાંઆવેલ છે. જેમાંસમગ્ર–સૌરાષ્ટ્રમાંથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની નિમણુંક કરાયેલ છે. આ Special Task Force Committee કમિટિની પ્રથમ મિટીંગ તા.૭–૬–૨૦૨૩ ના રોજ માનનીય અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી આર્યા સાહેબની અધ્યક્ષતામાં, ઉદ્યોગ ભવન, ગાંધીનગર ખાતે યોજવામાંઆવેલ હતી. આ મિટીંગનો મુખ્ય ઉદ્દેશ આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૨૪ ની પુર્વ તૈયારી કરવા તેમજ ઔદ્યોગીક નિતીમાંફેરફાર કરવા માટે કમિટીના સભ્યો પાસેથી સુચનો માંગવામાંઆવેલ હતા. જેમાંરાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ ઉપસ્થિત રહી વેપાર–ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજુઆત ધ્યાને મુકેલ હતી. જેમાંમુખ્યત્વે ઔદ્યોગીક નિતીને લગતા નીચે મુજબના પ્રશ્નોને ખાસ પ્રાધાન્ય આપવામાંઆવેલ.

**(૧) વાઈબ્રન્ટ ગુજરાતનુંરાજકોટ ખાતે આયોજન કરવા બાબત.**

રાજય સરકાર દ્વારા આંતરરાષ્ટ્રિય સ્તરે રાજયના વેપાર–ઉદ્યોગને વધુ વેગ મળે તે શુભ આશયથી

વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરવામાંઆવેલ હતી. જે પરંપરા મુજબ આ વર્ષનું વાઈબ્રન્ટ ગુજરાતનું આયોજન ૪–ઝોનમાં કરવાનો જે નિર્ણય કર્યો છે. તે આવકારદાયક છે. વાઈબ્રન્ટ ગુજરાત થકી રાજયના તમામ વેપાર–ઉદ્યોગકારોને પોતાના વેપાર–ધંધાને વધુ સમૃદ્ધ બનાવવામાં ખુબ જ ઉપયોગી બને છે.

રાજકોટ–સૌરાષ્ટ્રનું પાટનગર હોય રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વર્ષ ૨૦૧૬માં માનનીય પુર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલજીની ઉપસ્થિતીમાં વાઈબ્રન્ટ સૌરાષ્ટ્રનું આયોજન કરેલ હતું અને તેને ખુબ જ સારી સફળતા મળેલ હતી. સૌરાષ્ટ્રના મુખ્ય મથક તરીકે રાજકોટ શહેર ઓટોપાર્ટસના હબ તરીકે જાણીતું છે તથા આસપાસના શહેરો જેવા કે જામનગર બ્રાસ પાર્ટસનુંહબ છે જયારે મોરબી સીરામીક સમગ્ર વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે. ત્યારે આ વખતનું વાઈબ્રન્ટ ગુજરાત જે ૪–ઝોનમાં યોજાવવાનું નક્કી કરેલ છે. તેમાં રાજકોટ ખાતે વાઈબ્રન્ટ ગુજરાતનું આયોજન કરવું તે સમગ્ર સૌરાષ્ટ્ર માટે વિશેષ બાબત ગણાશે.

**(૨) ગુજરાત રાજયના માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડીની સહાય મર્યાદા વધારવા બાબત.**

સરકારશ્રી દ્વારા MSME એકમોને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે. ગુજરાત રાજયના MSME એકમોનો વધુ વિકાસ થાય તે માટે રાહત પેકેજો–સ્કિમો અમલમાં મુકેલ છે. ગુજરાત રાજયમાંઆશરે ૪ લાખથી પણ વધુ MSME એકમો કાર્યરત છે અને નવા પણ સ્થપાઈ રહયા છે. રાજય સરકાર દ્વારા નવી ઔદ્યોગીક નિતી–૨૦૨૨ અમલમાં મુકેલ હોય જેમાં માત્ર માઈક્રો યુનીટોને (૧ કરોડ સુધીના રોકાણકારોને) જ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી ૧૦% મળવાપાત્ર થાય છે. જયારે પાછળની તમામ ઔદ્યોગીક પોલીસીઓમાં માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી મળવાપાત્ર થતી હતી. વધુમાં અન્ય રાજયોની પોલીસીમાંતેના નિતિ નિયમો મુજબ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડીની ટકાવારી આપણાં ગુજરાત રાજય કરતા વધુ જણાઈ રહી છે. તો ગુજરાતને જ આવો અન્યા શા માટે ? માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સપનાને સાર્થક કરવા તેમજ ગુજરાતના ઉદ્યોગકારોનો વધુ વિકાસ થાય અને અર્થતંત્રમાં સહભાગી બની શકે તે માટે નવી ઔદ્યોગીક નિતીમાં ફેરફાર કરી ગુજરાત રાજયના તમામ માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી મળવાપાત્ર થાય તેમજ આ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડીની અપર લીમીટ ૩૦ લાખ સુધી વધારી આપવી.

**(૩) રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવા અંગે.**

રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવાની માંગણી ઘણા સમયથી પેન્ડીંગ છે. પુર્વ મુખ્યમંત્રીશ્રીએ આ માંગણીનો સ્વીકાર કરેલ હોય તેમજ અંદાજે આશરે ૩૨ એકર જગ્યાનું સ્માર્ટ સીટી એરીયામાં પ્રોવીઝન કરેલ હોય આપશ્રી આ અંગે તાત્કાલીક નિર્ણય લઈ સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગને વધુ વેગવંતુ બનાવો એવી અમારી માંગણી સ્વીકારી રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવી આ પ્રશ્ન અતી સેન્સીટીવ હોય તાત્કાલીક અસરથી ઘટતું કરવું.

**(૪) રાજકોટ ખાતે ડિફેન્સ અને એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી સ્થાપવા માટે જંત્રીના ૨૫%ના દરે તાત્કાલીક જમીન ફાળવવા બાબત.**

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય, સૌરાષ્ટ્રમાં આશરે ૧૫૦૦ MSME ઈન્ડસ્ટ્રીઝ ફોર્જીંગ તેમજ કાસ્ટીંગ (ફાઉન્ડ્રી) આવેલ છે. જેમાંથી આશરે ૨૫૦ યુનિટો ડિફેન્સ અને એરોસ્પેસ સાથે ડાયરેકટ અને ઈનડાયરેકટ જોડાયેલ છે. હાલના ડિફેન્સ અને એરોસ્પેસ પોલીસીમાં જંત્રીનો દર ૫૦% હોય તેમજ જંત્રીના દર ઓલમોસ્ટ ડબલ થઈ ગયેલ છે તો ૫૦% વાળો દર ૧૦૦% જેવો થઈ રહયો છે. જો રાજકોટમાં ડિફેન્સ અને એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીને બુસ્ટ આપવુંહોય તો રાજકોટ ખાતે ડિફેન્સ અને એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી સ્થાપવા માટે જંત્રીના ૨૫%ના દરે તાત્કાલીક જમીન ફાળવવી ખાસ જરૂરી છે. જેથી આવી ઈન્ડસ્ટ્રીને વધુ વેગ મળશે અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર થશે.

**(૫) ગુજરાતની નવી ઔદ્યોગીક નિતી અંતર્ગત તાલુકાઓની કેટેગરીમાં ફેરફાર કરવા અંગે.**

ગુજરાતની નવી ઔદ્યોગીક નિતીમાં તાલુકાઓની કેટેગરીમાં ફેરફાર કરવો ખુબ જ જરૂરી છે. હાલની પોલીસીમાં કેટેગરી ૧, ૨, ૩ પ્રમાણે સબસીડી અને વ્યાજ સહાય આપવામાંઆવે છે. જેના કારણે ઘણા તાલુકાઓને અન્યાય થતો હોય તેવુંજણાય છે. આમ જે અગાઉની પોલીસી મુજબ કોર્પોરેશનની હદની અંદર અને કોર્પોરેશનની હદની બહાર આવતા એકમોને સબસીડી અને વ્યાજ સહાય મળવાપાત્ર થતી હતી તે મુજબ ફેરફાર કરવો. જેથી હાલના કાર્યરત અને નવા સ્થપાતા ઉદ્યોગોને સરકારના તમામ લાભો મળવાપાત્ર થાય. જેથી MSME એકમોને ફાયદો થશે.

**(૬)** વિદેશોમાં યોજાતા ટ્રેડ ફેર અને ઔદ્યોગીક પ્રદર્શનોમાં ભારતીય ઉત્પાદકો, વાણિજયીક એકમો તથા નિકાસકારો ભાગ લઈ શકે તે માટે સરકારશ્રી દ્વારા રૂા. ૫ લાખ સુધીની સહાય મર્યાદા નક્કી કરવામાં આવેલ છે. પરંતુ પ્રવર્તમાન પરિસ્થિતી અને સંજોગોને ધ્યાને લેતા આ રકમ ખુબ જ ઓછી લાગે છે. આ માટેની સહાય મર્યાદા રૂા. ૩૦ લાખ સુધી વધારી આપવી.

**(૭)** નવી ઔદ્યોગીક નિતીમાં માત્ર મેન્યુફેકચરર એકમોને જ કેપીટલ સબસીડી અને ઈન્ટરેસ્ટ સબસીડી આપવામાંઆવે છે, પરંતુ રાજકોટમાં સર્વિસ સેકટરનો વ્યાપ વધુ હોય તેમજ આ સેકટર મોટા પાયે રોજગારીનું સર્જન કરી રહ્યુ હોય તેને પણ નવી ઔદ્યોગીક નિતીનો લાભ મળવો જોઈએ.

**(૮)** ઔદ્યોગીક નિતિ ૨૦૨૦માં સમગ્ર ગુજરાત માંથી કવોલિટી સર્ટીફિકેશનમાં સહાય મેળવવા ગાંધીનગર ઉદ્યોગ ભવનમાં ઘણી ફાઈલો પેન્ડીંગ છે. આ પોલીસીમાં કોઈ નિર્ણય લેવાના વાંકે ઘણા સમયથી આ કાર્યવાહી ઠપ થઈ ગયેલ હોય. તો આ બાબતે તાત્કાલીક યોગ્ય કરવું.

ઉપરોકત રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રજુ કરાયેલ પ્રશ્નો અંગે અધિક ઉદ્યોગ કમિશનરશ્રી આર્યા સાહેબએ હકારાત્મક અભિગમ દાખવી આ અંગે તાત્કાલીક વિચારણા કરી યોગ્ય કરવા ખાત્રી આપેલ છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા જીઆઈડીસી વસાહતોમાં પ્લોટ/શેડની પ્રથમ ફાળવણી સમયે અને આવી મિલ્કતોની તબદીલી સમયે જીઆઈડીસી ચાર્જીસની સાથે ભરવાની થતી સ્ટેમ્પ ડયુટીની વસુલાતમાં રાહત આપવા અંગે સરકારશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજ્ય તથા કેન્દ્ર સરકાર દ્વારા ઉદ્યોગોને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે. ઉદ્યોગો દેશ તથા રાજયના વિકાસમાં સહભાગી બની અર્થતંત્રને વધુ મજબુત બનાવવામાંમહત્વની ભુમિકા ભજવે છે. ત્યારે આવા ઉદ્યોગો રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય સ્તરે હરિફાઈમાં આગળ વધે અને તેઓને વધુ વેગ મળે તે શુભ આશય સાથે સરકારશ્રી દ્વારા અઢળક સ્કિમો તથા રાહત પેકેજો અમલમાં મુકેલ છે. જે સરાહનીય છે.

હાલમાં સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ અને નોંધણી સર નિરીક્ષકની કચેરી, ગાંધીનગરએ જીઆઈડીસીના મેનેજીંગ ડિરેકટરશ્રીને જણાવ્યા મુજબ રાજયની જીઆઈડીસી વસાહતોમાં પ્રથમ પ્લોટ/શેડ ફાળવણી સમયે અને ભવિષ્યમાં આવી મિલ્કતોની તબદીલી સમયે થતા એગ્રીમેન્ટમાં સ્ટેમ્પ ડયુટી ભરવાપાત્ર થાય છે. જીઆઈડીસીની કાર્યપદ્ધતી મુજબ પ્લોટની ફાળવણી સમયે કે પ્લોટની તબદીલી સમયે ફાળવણીદાર/તબદીલી કરાવનાર સાથે જરૂરી ડોકયુમેન્ટસ કરી તેઓના નામે પ્લોટ ફાળવણી/ટ્રાન્સફર (ટ્રાન્સફર ફી વસુલ લઈ) કરે છે. જો ફાળવણીદાર/તબદીલ કરાવનારને સબ રજીસ્ટ્રારની કચેરીમાં એગ્રીમેન્ટ રજીસ્ટર્ડ કરાવવાની જરૂર ન હોય તો તેવા કિસ્સામાંસ્ટેમ્પ ડયુટી ભરવામાં આવતી નથી.

જ્યારે સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ અને નોંધણી સર નિરીક્ષકશ્રીના જણાવ્યા અનુસાર આવા એગ્રીમેન્ટ સ્ટેમ્પ ડયુટી વસુલ થવાને પાત્ર છે. આથી હાલમાં તબદીલી કરાવનાર નિગમ સાથે થયેલ લેખ/ડીડ ઓફ એસાઈન્મેન્ટસનું સબ રજીસ્ટ્રાર ઓફિસમાં રજીસ્ટ્રેશન કરાવવા જાય છે ત્યારે તેમને આવા કિસ્સામાં અગાઉ જે તે સમયે ભરવાપાત્ર થતી બાકી રહી ગયેલ સ્ટેમ્પ ડયુટીની રકમ પણ ભરવાની થાય છે. અગાઉનાંપ્રથમ ફાળવણીદાર કે તબદીલી કરાવનારની કોઈ વિગત અંતિમ પ્લોટ ધારક પાસે ન હોય તે સ્વાભાવીક છે ત્યારે અગાઉની બાકી રકમ પણ અંતિમ પ્લોટ ધારકે ભરવાની થતી હોવાને કારણે તેમના પર આર્થિક ભારણ વધવા પામે છે. જેના કારણે ઘણાં કિસ્સામાં આગળની દસ્તાવેજી અને તેને આનુસાંગીક કાર્યવાહી અટકી ગયેલ છે. આવા સંજોગોમાં ઉદ્યોગકારોને પડતું આર્થિક ભારણ અને પડતી મુશ્કેલીઓના યોગ્ય નિરાકરણ લાવવા નીચે મુજબની રજુઆત ધ્યાને મુકીએ છીએ.

(૧) જીઆઈડીસીની કાર્યવાહી મુજબ થયેલ પ્લોટની પ્રથમ ફાળવણી/તબદીલીના કિસ્સામાં અગાઉ લીઝડીડ/ ડીડ ઓફ એસાઈન્ટમેન્ટ જેવા લેખ રજીસ્ટર્ડ થયેલ નથી તેવા કિસ્સામાંન ભરવામાં આવેલ સ્ટેમ્પ ડયુટીની રકમ માફ કરવામાંઆવે.

(૨) જીઆઈડીસીની ટ્રાન્સફર ફી + સ્ટેમ્પ ડયુટી એમ થઈને કુલ થતી મોટી રકમમાં રાહત આપવા જીઆઈડીસીએ તેમની ટ્રાન્સફર ફી ને બદલે નાની એવી પ્રોસેસીંગ ફી વસુલ લઈ યોગ્ય નિરાકરણ લાવવામાં આવે.

આમ ઔદ્યોગીક વિકાસ જળવાઈ રહે તેમજ તેઓને કોઈપણ જાતની મુશ્કેલી ન ભોગવવી પડે તે માટે ઉદ્યોગકારોને જીઆઈડીસીમાં પ્લોટ ટ્રાન્સફર કરતા સમયે ભરવી પડતી ઉપરોકત અસહય ફી માંતાત્કાલીક ઘટાડો કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી, ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજી તથા શ્રી જગદિશભાઈ વિશ્વકર્માજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા એસોચેમ ગુજરાત કાઉન્સીલના MSME કમિટિના ચેરમેનશ્રી પાર્થભાઈ ગણાત્રાના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્રના ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગોને વધુ મજબુત બનાવવા અંગે સેમીનારનુંઆયોજન કરવામાંઆવેલ...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા એસોચેમ ગુજરાત કાઉન્સીલના MSME કમિટિના ચેરમેનશ્રી પાર્થભાઈ ગણાત્રાના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્રના ફુડ પ્રોસેસીંગ એકમોને વધુ મજબુત બનાવવા અંગે તા.૨૬–૫–૨૦૨૩ ના રોજ હોટલ ફર્ન ખાતે માર્ગદર્શક સેમીનારનુંઆયોજન કરવામાંઆવેલ.

આ સેમીનારમાં રાજકોટના ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, લઘુ ઉદ્યોગ ભારતીના પ્રમુખશ્રી હંસરાજભાઈ ગજેરા, નાબાર્ડ રાજકોટ રીજીઓનના ડીડીએમશ્રી ધર્મેન્દ્ર ચૌહાણ, એસોચેમ ગુજરાત સ્ટેટ કાઉન્સીલ સ્ટેટ હેડશ્રી વિપુલ બી.જી. તથા બહોળી સંખ્યામાં ઉદ્યોગકારો–નિકાસકારો ઉપસ્થિત રહયા હતા.

સેમીનારમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા એસોચેમ ગુજરાત કાઉન્સીલના MSME કમિટિના ચેરમેનશ્રી પાર્થભાઈ ગણાત્રાએ ફુડ પ્રોસેસીંગ કરતા એકમોને હાલની તકે ઉજજવળ ઉદ્યોગ તરીકે ગણી શકાય. ખાદ્ય પદાર્થોના આરોગ્ય વિષયક ગુણો તથા લાભોને ધ્યાનમાં રાખતા સરકારશ્રીએ પણ વર્ષ ૨૦૨૩ ને આંતરરાષ્ટ્રિય ધાન્ય વર્ષ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આવા ફુડ પ્રોસેસીંગ એકમોને વધુ મજબુત બનાવવા તેમજ બાજરી તથા બાજરી આધરીત વિવિધ ઉત્પાદનોનું મુલ્યવર્ધન, માર્કેટીંગ, નિકાસ અને પ્રમોશન કઈ રીતે કરી શકાય. સાથો સાથ આવા એકમોને રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય સ્તરે એકઝીબિશનમાં ભાગ લેવા તથા સરકારશ્રી દ્વારા મળવાપાત્ર વિવિધ લાભદાયક યોજનાઓથી માહિતગાર કરવામાં આવેલ.

## સમગ્ર સૌરાષ્ટ્રમાંથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની ગુજરાત રાજયની સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ કમિટિમાં નિમણુંક...

તાજેતરમાં જ ગુજરાત રાજય સરકારના ઉદ્યોગ વિભાગ દ્વારા રાજયના ઔદ્યોગિક વિકાસ અર્થે વૈશ્વિક મૂડીરોકાણ આકર્ષવા માટે સમયાંતરે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ– ૨૦૨૪ નું આયોજન કરવામાં આવનાર હોય. તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે રાજયની ઔદ્યોગિક પ્રોત્સાહન યોજનાઓના પૂનઃમૂલ્યાંકન અને આગામી સમયમાં નવી પ્રોત્સાહન યોજનાઓના ઘડતર જેવી અગત્યની કામગીરી કરવા અને વખતો વખત સરકારશ્રીને થયેલ કામગીરી અંગે રીપોર્ટ કરવા માટે તેમજ રાજયની નવી ઔદ્યોગીક નિતિની રચના કરવા અને હાલની યોજનાનાં અમલીકરણમાં પડતી મુશ્કેલી દૂર કરવાના શુભ આશય સાથે માનનીય અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં "**સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ કમિટિ**" ની રચના કરવામાં આવેલ છે.

આ કમિટિમાં સમગ્ર સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી વરિષ્ઠ મહાજન સંસ્થા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી.વૈષ્ણવને સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. આ નિમણુંકથી રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારોમાં હર્ષની લાગણી છવાયેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ લાંબા સમયથી સ્ટે થઈને પેન્ડીંગ રહેલ લેન્ડગ્રેબિંગ એક્ટની પીટીશનનો તાત્કાલીક નિકાલ લાવવા ગુજરાત રાજય સરકાર સમક્ષ રજૂઆત...

ગુજરાત રાજય સરકાર દ્વારા 'ગુજરાત લેન્ડગ્રેબિંગ (પ્રોહિબીશન) એકટ–૨૦૨૦' તે તા. ૦૯ ઓકટોબર ૨૦૨૦ નાં રોજથી અમલમાં લઈ આવવામાં આવેલ છે જેનો મુખ્ય હેતુ ગુજરાત રાજયમાં ક્યાંય પણ ગેરકાયદેસર રીતે કોઈ જ જમીન, પ્લોટ કે મકાન પર કોઈ વ્યકિત ગેરકાયદેસર કબજો કરે તો તેની સામે સબંધિત કલેકટર કચેરીમાં તે વ્યકિત કે જેની માલિકીની મિલ્કત હોય તે લેન્ડગ્રેબિંગ કાયદાની જોગવાઈ મુજબ ફરિયાદ કરી અને જેથી તેની મિલ્કત પરથી ગેરકાયદેસર કબજો હટાવવા માટે તે કાયદાકીય કાર્યવાહી કરી શકે.

લેન્ડગ્રેબિંગ એકટની જોગવાઈનાં Ultra Wires નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ Special Civil Application No. 2995 of 2021 થી પડકારવામાંઆવેલ તે કામનાં પીટીશનર (આરોપીઓને) સામેની કાયદાકીય કાર્યવાહી તા. ૧૮.૦૨.૨૦૨૧ નાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટે કરવામાં આવેલ હતી જેથી કલેકટર તેમજ પોલીસ અધિકારીઓને આગળની કાર્યવાહી કરી શકે નહી. ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ગુજરાતનાં અલગ–અલગ જિલ્લાઓમાંથી અનેક પીટીશનરો દ્વારા તે કાયદાનાંUltra Wires ચેલેન્જ કરવામાંઆવેલ છે જેથી આશરે ૭૦૦ થી વધારે લેન્ડગ્રેબિંગ કાયદા અન્વયેની ફરિયાદ કે અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટે કરવામાં આવેલ છે.

નામદાર હાઈકોર્ટ ધ્વારા તા. ૧૮.૦૨.૨૦૨૧ નાંરોજ સ્ટે કરવામાંઆવેલ મેટરનુંન્યાયિક નિરાકરણ આજદિન સુધી થયેલ ન હોય અને ત્યારબાદ આશરે ૭૦૦ થી વધારે લેન્ડગ્રેબિંગ કાર્યવાહી નામદાર હાઈકોર્ટ સમક્ષ સ્ટે હોય આમ ગુજરાત સરકારે જે શુભ હેતુથી લેન્ડગ્રેબિંગ એકટની જોગવાઈઓ બનાવવામાંઆવેલ હોય તેનો લાભ ગુજરાતની જનતાને મળી રહેલ નથી.

તેથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી તથા કાયદામંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ સમક્ષ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં લાંબા સમયથી સ્ટે થઈને પેન્ડીંગ રહેલ લેન્ડગ્રેબિંગ એક્ટની પીટીશનનો તાત્કાલીક નિકાલ લાવવા રજૂઆત કરેલ છે.

## ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાના નેતૃત્વ હેઠળ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા વિવિધ એસોસીએશનના હોદેદારોએ રાજયના ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજીની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈ MSME ને લગતા વિવિધ પ્રશ્નોની ધારાદાર રજુઆત કરવામાંઆવી...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપાર–ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓના યોગ્ય નિરાકરણ માટે સરકારશ્રી સમક્ષ અવાર–નવાર રજુઆતો ધ્યાને મુકી હંમેશા અગ્રેસર રહી મહત્વની ભુમિકા ભજવે છે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ વિવિધ એસોસીએશનોના હોદાદારો સાથે તા.૨૦–૪–૨૦૨૩ ના રોજ રાજકોટ સરકીટ હાઉસ ખાતે રાજયના માનનીય ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજીની અધ્યક્ષતામાં રાજકોટ–સૌરાષ્ટ્રના ઉદ્યોગોને લગતા પ્રશ્નોનુંયોગ્ય નિરાકરણ લાવવા ઓપન હાઉસ યોજવામાંઆવેલ હતું. તે દરમ્યાન રજુ કરાયેલ પ્રશ્નો અંગે તેનુંતાત્કાલીક નિવારણ કઈ રીતે આવી શકે તેની ચર્ચા–વિચારણા માટે ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાના નેતૃત્વ હેઠળ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, લોધીકા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખશ્રી નરેન્દ્રસિંહ જાડેજા, રાજકોટ એન્જીનિયરીંગ એસોસીએશનના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ પાંચાણી, આજી જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખશ્રી નરેશભાઈ શેઠએ રાજયના ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજીની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લીધેલ હતી. આ મુલાકાત દરમ્યાન માનનીય કેબીનેટ મંત્રીશ્રીમતી ભાનુબેન બાબરીયા તથા ધારાસભ્યશ્રીમતી ડો.દર્શિતાબેન શાહ પણ જોડાયેલ હતા.

આ મુલાકાત દરમ્યાન રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા MSME ને લગતા વિવિધ પ્રશ્નો ધ્યાને મુકી યોગ્ય નિરાકરણ લાવવા ધારદાર રજુઆત કરવામાંઆવેલ હતી.

(૧) ગુજરાત રાજયમાંઆશરે ૪ લાખથી પણ વધુ MSME એકમો કાર્યરત છે અને નવા પણ સ્થપાઈ રહયા છે. રાજય સરકાર દ્વારા નવી ઔદ્યોગીક નિતી–૨૦૨૨ અમલમાં મુકેલ હોય જેમાં માત્ર માઈક્રો યુનીટોને (૧ કરોડ સુધીના રોકાણકારોને) જ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી ૧૦% મળવાપાત્ર થાય છે. જયારે પાછળની તમામ ઔદ્યોગીક પોલીસીઓમાં માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી મળવાપાત્ર થતી હતી. તેથી નવી ઔદ્યોગીક નિતીમાં તાત્કાલીક ફેરફાર કરી રાજયના તમામ MSME એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી મળવપાત્ર થાય તેવી જોગવાઈ કરવી ખાસ જરૂરી છે.

(૨) ગુજરાતમાં ઘણી બધી MSME ઈન્ડસ્ટ્રીઝ સ્થપાયેલ હોય તેમજ MSME ની મર્યાદા આશરે ૫૦ કરોડ સુધી વધારેલ હોય તેને ધ્યાનમાં રાખીને GIDC માં૩૦૦૦ ચો.મી.ને બદલે જો ૬૦૦૦ ચો.મી. જમીન ઉદ્યોગકારોને ૫૦%ના દરે આપવી. જેથી ઉદ્યોગોનો સારો એવો વિકાસ થશે અને એમ.એસ.એમ.ઈ સેકરટને બુસ્ટ મળશે.

(૩) રાજય સરકારની સીઆઈપી સહાગ યોજના હેઠળ લોધીકા ઔદ્યોગીક વસાહતમાં પાણી–પુરવઠા યોજના સાકાર થયેલ છે. વસાહતમાં પીવાના પાણીનો અન્ય કોઈ સ્ત્રોત ન હોય ગુ.પા.પુ. બોર્ડ દ્વારા એનસી–૨૦ પાઈપલાઈન માંથી ૧ એમએલડી પાણી કનેકશન આપવામાંઆવેલ છે. આ કનેકશન માત્ર પીવાના માણી માટે જ મંજુર થયેલ છે. આમ છતા ગુ.પા.પુ.બોર્ડ વસાહતને મળતા પીવાનાં પાણીના બીલની આકારણી ઔદ્યોગીક વપરાશના દરથી એટલે કે રૂા.૫૬.૫૯/– પ્રતિ કી.લી.નાંઉચા દરથી કરે છે. વધુમાં આ દરમાં દર વર્ષે ૧૦ ટકા જેવો વધારો કરવામાંઆવે છે. પાણીના ઉચા દર, પાણી વિતરણ માટે થતો વિવિધ ખર્ચ જેવો કે મરામત, જાળવણી, ઈલેકટ્રીસીટી, વિતરણ એજન્સી વગેરે જેવા ખર્ચને કારણે પાણીનો વિતરણ દર પ્રતિ કી.લી. રૂા.૯૯/–(+ જીએસટી) જેવો થાય છે. જે દર પીવાના પાણી માટે એમએસએમઈ માટે ખુબ જ વધારે ગણાય. આથી લોધીકા ઔદ્યોગીક વસાહતને રાહત દરે અથવા રેસીડેન્સીયલના દરે પીવાનું પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી.

(૪) રાજકોટની આજી જીઆઈડીસી ઈન્ડસ્ટ્રી એસોસીએશન બન્ને ડિપાર્ટમેન્ટને ટેક્ષ ભરે છે. પરંતુ તેઓને જરૂરી પ્રાથમિક સુવિઓ મળવાપાત્ર થતી નથી, તેઓ પોતાના સ્વ ખર્ચે તમામ સુવિધાઓ મેળવે છે. ડબલ ટેક્ષેશનનો પ્રશ્ન સમગ્ર ગુજરાત લેવલનો હોય આ અંગે તાત્કાલીક યોગ્ય કરવા અનુરોધ કરેલ. જે અંગે ઉદ્યોગમંત્રીશ્રીએ ટુંક સમયમાં રાજય સરકાર દ્વારા ઠરાવ પસાર કરી દેવામાં આવશે.

(૫) જી.આઈ.ડી.સી.માંપ્લોટ ટ્રાન્સફર કરવા માટે નિતી નિયમ મુજબ ટ્રાન્સફર ફી સાથે ૧૮% GST વસુલવામાં આવે છે. તો આ કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરી તાત્કાલીક યોગ્ય કરવું.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજી સમક્ષ રજુ કરાયેલા વિવિધ પ્રશ્નો માંથી પાંચેક પ્રશ્નોનું ટુંક સમયમાં નિરાકરણ આવી જશે તેવી આશા વ્યકત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ટ્રાફિકને લગતા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે ટ્રાફિક શાખાના ડેપ્યુટી પોલીસ કમિશ્નરશ્રી તથા આસિસ્ટન્ટ પોલીસ કમિશ્નરશ્રી અને તેમની ટીમ સાથે ઓપન હાઉસ યોજવામાં આવેલ...




રાજકોટ શહેરમાંટ્રાફિક સમસ્યા દિન પ્રતિદિન ઘેરી બનતી જાય છે. તેમજ વેપાર–ઉદ્યોગકારો તથા આમ જનતાને ટ્રાફિકના કારણે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે તેના યોગ્ય અને સચોટ નિરાકરણ લાવવા માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિવિધ એસોસીએશનોના હોદેદારો સાથે ટ્રાફિક શાખાના ડેપ્યુટી પોલીસ કમિશ્નર શ્રીમતી પુજા યાદમ મેડમ, આસિસટન્ટ પોલીસ કમિશ્નરશ્રી જે. બી. ગઢવી સાહેબ તથા અન્ય અધિકારીશ્રીઓની ઉપસ્થિતીમાં ઓપન હાઉસ યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં વિવિધ એસોસીએશનોના હોદેદારો ઉપસ્થિત રહેલ.

મિટીંગના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ખાસ ઉપસ્થિત નવનિયુકત ટ્રાફિક શાખા ડેપ્યુટી પોલીસ કમિશ્નર શ્રીમતી પુજા યાદવ મેડમ તથા આસિસટન્ટ પોલીસ કમિશ્નરશ્રી જે. બી. ગઢવી સાહેબ અધિકારીશ્રીઓએ ટ્રાફિકને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ઓપન હાઉસ યોજવા સમય ફાળવેલ તે બદલ આભારની લાગણી વ્યકત કરેલ. રાજકોટ શહેરને વિકાસલક્ષી શહેર તરીકે આગળ ધપાવવા માટે શહેરમાંટ્રાફિક સમસ્યા મહત્વનો પ્રશ્ન છે. ત્યારે આવા પ્રશ્નોનું નિરાકરણ કેમ લાવી શકાય તેમજ અમુક નિતિ વિષયક પ્રશ્નોના

નિરાકરણ માટે વિવિધ ડિપાર્ટમેન્ટ સાથે સંકલન કરી યોગ્ય કરવા પ્રયાસ કરીશું.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા વિવિધ એસોસીએશનનો દ્વારા ટ્રાફિકને લગતા વિવિધ પ્રશ્નો રજુ કરવામાંઆવેલ.**

(૧) જામનગર રોડ પર રૂડા પાસેનો આવેલ રસ્તો ટૂંક સમયથી બંધ કરવામાં આવેલ છે જેના કારણે લોકોને ખુબજ મુશ્કેલી પડી રહી છે તો આ રસ્તો તાત્કાલીક ખુલો કરવા અનુરોધ.

(૨) મહિલા કોલેજ ચોક થી કોટેચા ચોક સુધીનો રન લાબો હોય તો તે માટે ટૂંકો યુ–ટર્ન કરવો.

(૩) જીલ્લા પંચાયત ચોકમાંથતો ટ્રાફિક જામનુંનિરાકરણ લાવવા બાબત.

(૪) હરિહર ચોકમાં વોકળા ઉપર પે–એન્ડ પાર્કિંગ બનાવી ટ્રાફીક સમસ્યા હળવી કરી શકાય તે બાબત.

(૫) શહેરમાં રાજકોટ મહાનગરપાલિકાના ઘણાંપ્લોટો ખાલી છે ત્યાંપાર્કિંગ વ્યવસ્થા ગોઠવવા બાબત.

(૬) હોસ્પિટલ ચોકથી આગળ રેલ્વે સ્ટેશન રોડ પર બન્ને બાજુંશાક–બકાલાવાળાને દુર કરી ગેબનશાહપીરવાળા રોડ પર ફેરવવા બાબત.

(૭) ટ્રાફિક વોર્ડન દ્વારા પ્રજાજનો સાથે કરવામાં આવતા અશોભનિય વર્તન અટકાવવા બાબત.

(૮) જે જે જગ્યાએ ઓવરબ્રીજ બને છે ત્યાંપ્રથમ સર્વિસ રોડ બનાવવા જોઈએ જેથી ટ્રાફિક સમસ્યા હળવી થઈ શકે.

(૯) ટ્રાફિક પોલીસ કાર અને બાઈકના માલિકોને પી.યુ.સી. બનાવવાનું કહે છે જે સારૂ છે પરંતુ છકડો અને ઓટો રીક્ષા જેવા પ્રદુષિત વાહનોને પણ દંડ કરવો જોઈએ.

(૧૦) રોંગ સાઈડ પર ચાલતા વાહનોને દંડ કે મોમો કરી નિયમની કડક અમલવારી કરાવવી જરૂરી છે.

(૧૧) ઓટોરીક્ષાવાળા બસસ્ટેન્ડની બહાર ઢેબર રોડ પર ભારે ટ્રાફિક જામ કરે છે. જેના કારણે અવર–જવર કરતા મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે તો આ માટે યોગ્ય વ્યવસ્થા કરવી.

(૧૨) શહેરમાં સવારે ૯ થી રાત્રે ૯ વાગ્યા સુધી ખાનગી બસોને મંજૂરી ન હતી. પરંતુ હવે પીક અવર્સમાંમોટી ટાંકી ચોક જેવા સાંકડા રસ્તાઓ પરનું બસનું અવર–જવર જોવા મળે છે. તે અંગે યોગ્ય કરવું.

(૧૩) રૈયા રોડ, ઈન્દિરા સર્કલ, યુનિવર્સિટી રોડ, કિસાનપરા ચોક, ટાગોર રોડ વગેરે જેવા મોટા ટ્રાફિકવાળા રસ્તાઓ પર ટ્રાફિક પોલીસ જોવા મળતી નથી જેના કારણે ખાસ કરીને સાંજના સમયે ટ્રાફિક જામની પરિસ્થિતી સર્જાય છે. તે અંગે યોગ્ય કરવું.

(૧૪) દેશના મેટ્રોસીટીમાં જે ટ્રાફીક સીસ્ટમનુંપાલન થઈ રહયુંછે. તેવી જ રીતે જો રાજકોટમાંપણ આવી ટ્રાફીક સીસ્ટમની અમલવારી કરવામાંઆવે તો મહત્તમ ટ્રાફીક સમસ્યાનું નિરાકરણ થઈ શકે.

(૧૫) શહેરના ટ્રાફીક સીગ્નલની અમલવારી થતી નથી ખાસ કરીને ઓટોરીક્ષાવાળા મનફાવે તેમ વાહનો ઉભા રાખી દે છે. તો ટ્રાફીક જવાનો દ્વારા આ બાબત ખાસ તકેદારી રાખવી જરૂરી છે.

(૧૬) જે લોકો ટ્રાફીક સિગ્નલ તોડે તેને ત્યાને ત્યાજ દંડ કરવો જરૂરી છે. કારણ કે ઈ–મેમો આવે જેનાથી કોઈ ટ્રાફીક ડીસીપ્લીનનું પાલન કરતું નથી.

(૧૭) કોટેચા ચોક પાસે કાલાવડ રોડ પર સ્વામિનારાયણ મંદિર પાસે પગપાળા રોડ ક્રોસ કરતા લોકો ખાસ કરીને સીનીયર સીટીઝન લોકો માટે બ્રિજ અથવા વોકર્સ થાય તો ટ્રાફિકનો પ્રશ્ન હલ થઈ શકે.

(૧૮) ચાલુ વાહને સ્કૂટર અને બાઈક પરથી થુંકતા લોકો માટે નિયમ બને તો સારૂ. પાછળ આવતા લોકોનું વિચાર્યા વગર થુંકે છે. આવા લોકોને દંડ કરવો જોઈએ.

(૧૯) શહેરમાં ઘણી જગ્યાઓ એવી છે કે જયા પાર્કિંગ કે નો પાર્કિંગના બોર્ડ નથી અને જેના કારણે ગમે ત્યાં પાર્કિંગ થાય છે અને આમ પ્રજા અને વેપારીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તો આ અંગે યોગ્ય કરવું. – વ્યકિતઓના રહેણાંક બહાર કે વ્યાપારની જગ્યા બહાર જે તે વ્યકિતની દેરખેર નીચે "પે એન્ડ પાર્કીંગ"શરૂ કરવુંજોઈએ. દંડની રકમમાંથી અમુક રકમ સંભાળતો હોય તેને આપવી જોઈએ. આ રીતે કોઈ ખોટી કનળગત નહી થાય અને સરકારને સુવ્યવસ્થા સાથે આવક ઉભી થશે.

(૨૦) આજી ડેમ ચોક થી રામવન જવા માટે સર્વિસ રોડ ન હોવાથી ત્યાં બહુજ ટ્રાફિક થાય છે કેમ કે એક રોડ ઉપર વાહનો સામ સામે આવી જાય છે. અને તે જગ્યાએ અકસ્માતો થતા હોય છે. તો આ અંગે યોગ્ય કરવું.

(૨૧) કુવાડવા રોડ ફર્ન હોટેલની સામે તથા ગ્રીનલેન્ડ ચોકડી પાસે ઈકો વાળા પેસેન્જરને બેસાડવા માટે જેમતેમ પાર્કિંગ કરી ત્રાસ ફેલાવે છે જેને કારણે ટ્રાફિક સમસ્યા ઘણી રહે છેતો આ અંગે યોગ્ય કરવું.

(૨૨) ગોંડલ ચોકડી–ક્રિષ્નાપાર્ક પાસે રાજકોટ ફલાઈ ઓવર બ્રિજ ચાલુ થઈ ગયો હોવા છતા અને રસ્તા પુરતા પ્રમાણમાં પહોળા થઈ ગયા હોવા છતા પણ ખાનગી બસો, ટેકસીઓ તથા ઓટોરીક્ષા ચાલકો દ્વારા દિવસભર મનફાવે તેમ રસ્તાની વચ્ચે મુસાફરોને બેસાડવા માટે વાહનો ઉભા રાખી દે છે જેના કારણે બ્રિજ પાસે અવાર–નવાર ટ્રાફિક જામ થાય છે. જેથી ખાનગી બસો અને ઓટોરીક્ષા માટે પેસેન્જર પિક અપ એરીયા નક્કી કરવો જોઈએ. અથવા બ્રિજ નીચે પાર્કીંગ વ્યવસ્થા ઉભી કરવી. તેમજ ખોટા પાર્કિંગ અને ખોટી સાઈડ ડ્રાઈવિંગ માટે દંડ વસુલવા માટે CCTV કેમેરા લગાવવા જરૂરી છે.

(૨૩) રાજકોટ શહેરમાં ચાલતી સીટી બસના બસ સ્ટોપનું અંતર સુસંગત હોવું જોઈએ. શહેરમાં મોટાભાગના બસ સ્ટોપ ચાર રસ્તા પર અથવા તો રસ્તાના ખુણા પર હોય છે જેને કારણે ટ્રાફિક સમસ્યા ઉદભવે છે. આથી આ માટે બસ સ્ટોપનું રી–સર્વે કરી યોગ્ય કરવું.

(૨૪) શહેરમાં જે જગ્યાએ ટ્રાફિકની સમસ્યા વધુ છે તેવા ચાર રસ્તાઓ પર ટ્રાફિક બ્રિગેડ અને ટ્રાફિક પોલીસનો ટાઈમીંગ થોડો વધારો કરવો જરૂરી છે.

(૨૫) ટ્રાફિક સિગ્નલ ઉપર યોગ્ય લાઈનમાં લોકો ઉભા રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. સિગ્નલ બંધ હોવા છતા અમુક લોકો સિગ્નલ તોડીને નિકળી જતા હોય છે તો આ બાબતે ખાસ અવરનેસ લાવવી તેનું કડક અમલવારી થાય તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૨૬) ટ્રાફિક ટોઈંગ વાન ચોકકસ એરીયામા જ ફરતી રહે છે તેની કામગીરી સારી છે પરંતુ શહેરના અન્ય એરીયા જેવા કે સોરઠીયાવાડી ચોકથી નિલકંઠ વાળા રોડ, રણછોડનગર, કુવાડવા રોડ, ભાવનગર રોડ વગેરેમાં ટોઈંગ વાન કામગીરી હાથ ધરવામાં આવે. તેમજ ટ્રાફીક ટોઈંગવાળા થોડો માનવીય અભિગમ દાખવવો જોઈએ.

(૨૭) ટ્રાવેર્લ્સની બસોને શહેરમાં પ્રવેશવા માટેનો જે ટાઈમ છે તે ટાઈમ બાદ જ પ્રવેશ આપવામાં આવે તે જરૂરી છે.

(૨૮) પબ્લીક લાઈન ઓફ સ્ટ્રીટનો ઉપયોગ કરી રસ્તા મોટા કરવા બાબતે યોગ્ય કરવું. છેલ્લા કેટલા વર્ષોથી ગોંડલ રોડ ઉપર બાલાશ્રમથી માલવીયા ચોક સુધીનો રસ્તો ખુબજ સાંકડો છે. અને ત્યા ટ્રાફિકની સમસ્યા વધુ થાય છે. તો આ બાબત જે તે ડિપાર્ટમેન્ટ સાથે સંકલન કરી યોગ્ય કરશો.

(૨૯) સ્કુલ જતા બાળકોને ટુવ્હીલરનો મહતમ ઉપયોગ કરતા હોય છે પરંતુ તેઓ પાસે પાકુ લાયસન્સ હોતુ નથી તેથી સ્કુલ સાથે સંકલન કરી જે બાળકો પાસે લાયસન્સ ન હોય તેવા બાળકો ટુવ્હીલરનો ઉપયોગ ન કરે. તેની જાણકારી આપવી.

(૩૦) દરેક ચા–પાનના ગલ્લા તેમજ ખાસ કરીને જે મોટી હોટલ છે જયા આડેધડ પાર્કીગ કરી ટ્રાફિક જામ કરતા હોય છે તો ત્યા ટ્રાફીક ટોઈંગ ચેકીંગ કરે તો લોકો આવા ભયથી યોગ્ય પાર્કિંગ કરતા થશે. તો આ અંગે યોગ્ય કરવું.

(૩૧) શકય હોય મોટી સીટી બસને મોટા રોડ અને ભીડ વગરના રોડ ઉપર ચલાવવામાં આવે જેથી કરીને ટ્રાફિક સમસ્યા થોડે અંશે હલ થઈ શકે.

(૩૨) દરેક ટ્રાફિક સિગ્નલ પોઈન્ટ ઉપર ડાબી–સીધી–જમણી બાજુ જવાની સાઈન દર્શાવી જેથી પબ્લીક તેના વાહનો એ રીતે જ સિગ્નલ ઉપર ઉભા રાખે. તે માટે પબ્લીકમાં અવરનેસ લાવી યોગ્ય વ્યવસ્થા હાથ ધરવી.

(૩૩) સ્વામીનારાયણ મંદિર કાલાવડ રોડ ઉપર જે ડીવાઈડર બંધ કરી આપ્યુ છે તે ખોલી આપવું જોઈએ કારણે કે તેનાથી કોટેચા ચોકમાં ટ્રાફીક સમસ્યા વધુ વકરે છે તેમજ સ્વામિનારાયણ મંદિર પાસેની સોસાયટીમાં જવા તથા સામેની સાઈડ અમીન માર્ગ જવા માટે માણસોને મુશ્કેલી પડી રહી છે. તો આ અંગે યોગ્ય કરવું.

(૩૪) સોની બજાર વિસ્તારમાં ખુબ જ બહોળી સંખ્યામાં વેપારીઓ તથા કારીગરોની દુકાનો આવેલ છે.

સોની બજાર કોઠારીયા નાકા ચોકથી દરબારગઢ સુધીનો વિસ્તાર જેમાં જુની ગધીવાડ, બોઘાણી શેરી, સવજીભાઈની શેરી, દેરાસર, ગઢની રાંગ, નવાનાકા રોડ, ખત્રીવાડ જેવી નાની–મોટી શેરીઓ આવેલ છે. આ બધો જ વિસ્તાર કોમર્શીયલ અને સાંકડો રસ્તાઓ છે. અહીં દિવસ દરમ્યાન અનેકવાર ટ્રાફિક જામ થતો હોય ત્યારે ચાલીને જવુંપણ મુશ્કેલીરૂપ બની રહે છે. તેમજ કોઈ આકસ્મીક દુર્ઘટના બને તે સમયે ફાયર ફાઈટર, એમ્બ્યુલન્સ કે પોલીસ વાહનને પણ સ્થળ પર પહોંચવામાં મુશ્કેલી પડે છે. સોની બજારમાં ટ્રાફિક સમસ્યાના મુખ્ય કારણો અને તેના નિરાકરણ માટેના સુચનો નીચે પ્રમાણે છે.

૧. દરબારગઢથી કોઠારીયા નાકા ચોક તરફ જવામાં વર્ષોથી વન–વે હોવા છતા તેનો અમલ થતો નથી. તો આ વન–વેનું ચુસ્ત અમલીકરણ કરાવવું.

૨. ટેલીફોનના થાંભલા અથવા અન્ય રોડ પરની જગ્યાએ ખુલ્લે આમ ઉભી રહેતી ચાની લારીઓ, ચાના થડાઓ, પાનની લારીઓ, ફ્રુટની લારીઓ વિગેરે ઉભા રહેતા હોવાથી પુષ્કળ પ્રમાણમાં ટ્રાફિક થાય છે. તેથી આવી જગ્યાઓ રોકી ઉભા રહેતા લારી–ગલ્લા, ચા વાળા વિગેરેને દુર કરી તેના માટે પેટ્રોલીંગ કરવું જરૂરી છે.

૩. આ વિસ્તારોમાં માલવાહક વાહનો જેવા કે પાણીના કેરબાની રીક્ષાઓ, ગેસના બાટલાની રીક્ષાઓ, ફુડ પેકેટનાં વાહનો જેવા અન્ય માલવાહક વાહનો ગમે તે સમયે આવી ગમે ત્યાં વાહનો રાખી માલની ડીલવરી કરતા હોય છે. તેથી ડીલવરી કરવા આવતા માલવાહક વાહનો માટે ચોક્કસ સમય સવારે ૧૦:૩૦ પહેલા અને બપોરે ૨:૦૦ થી ૪:૦૦ નો સમયગાળો કરવો.

૪. આ વિસ્તારમાં પાર્કિંગની કોઈ સુવિધા ન હોય બહારથી આવતા વાહનો આડેધડ પાર્કિંગ કરી પોતાના કામે ચાલ્યા જાય છે. તેથી આડેધડ પાર્કિંગ કરાયેલ વાહનોને દુર કરી યોગ્ય વ્યવસ્થા કરવી.

૫. સોની બજાર વિસ્તારમાં અગત્યના પોઈન્ટ પર ટ્રાફિક વોર્ડન ન હોવાથી ટ્રાફિક સમસ્યા ઉદ્‌ભવે છે. તેથી આવા વિસ્તારોમાં ટ્રાફિક વોર્ડનો ફાળવવા.

૬. કોઠારીયાનાકા ચોકમાં જ્યાં હાલ પે એન્ડ પાર્ક ફોર વ્હીલ માટે ફાળવવામાંઆવેલ છે ત્યાંમલ્ટી લેવલ પાર્કિંગ તાત્કાલીક બની શકે તો ઉકેલ લાવી શકાય.

(૩૫) આજી જીઆઈડીસીમાં ખુબ જ મોટી સંખ્યામાં ઉદ્યોગો સ્થપાયેલા છે. આજી ઈન્ડસ્ટ્રીઝમાંથી કોઠારિયા ચોકડી બાજુ જતા સર્વિસ રોડ છે જે બંધ કરેલ હોવાથી આજી જીઆઈડીસી ની બાજુમાં આવેલ શ્રીહરિ ઈન્ડસ્ટ્રીઝ એરિયા, સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝ એરિયા, મીરા ઉદ્યોગ એરિયા, મધુરમ ઈન્ડસ્ટ્રીઝ એરિયા જેવા અનેક નાના મોટા ઉદ્યોગો આવેલા છે. જેમા ઈન્ડસ્ટ્રીઝમાં જવા માટે લાંબો રૂટ કાપવો પડે છે. જેને કારણે ટ્રાફિકની સમસ્યા ખુબ જ રહે છે. જેના કારણે ઈન્ડસ્ટ્રીના માલની અવર–જવર કરતા વાહનો તેમજ

ઈન્ડસ્ટ્રીમાં કામ કરતા કારીગરોને ખુબ જ હાલાકી ભોગવવી પડે છે. તો આ સર્વિસ રોડ તાત્કાલીક ચાલુ કરવામાં આવે તો મહત્તમ ટ્રાફીક સમસ્યાનું નિરાકરણ થઈ શકે.

(૩૬) શહેરના મુખ્ય બજારો જેવી કે લાખાજીરાજ રોડ, ત્રિકોણબાગ, સાંગણવા ચોકથી ખડપીઠ સુધી અનઅધિકૃત રીતે વેચાણ કરતા ફેરીયાઓ, પાણીપુરીની રેકડીવાળાઓ અને પાથરણાવાળાઓ ટ્રાફીકને અવરોધરૂપ હોય, આવા લોકોને ત્યાંથી હટાવી દેવા અને દરરોજ માટે ત્યા ટ્રાફિક પોલીસમેનની હાજરી રાખવી ખૂબ જ જરૂરી છે.

(૩૭) ધમેન્દ્ર રોડ, ઘી કાંટા રોડ, લાખાજીરાજ રોડ ઉપરથી જાહેરનામાનો ભંગ કરી ગમે ત્યારે છકડો રીક્ષા અને પેસેન્જર રીક્ષા તથા અન્ય મોટા વાહનો પસાર થાય છે, તેનું કડક ટ્રેકીંગ કરવામાં આવે તે જરૂરી છે.

(૩૮) શહેરના ટ્રાફિક સિગ્નલો ઉપર ટ્રાફીક પોલીસમેન ન હોવાને કારણે સિગ્નલ તોડીને ૨ વ્હીલર, ૩ વ્હીલર નીકળી અને અન્ય વાહન ચાલકોને પરેશાન કરે છે તો આ અંગે યોગ્ય કરવું.

(૩૯) ક્રિષ્નાપાર્ક (ગોંડલ ચોકડી) પર બસો, ટેક્ષી તથા ઓટો રીક્ષા માટે પ્રોપર સ્ટેન્ડની વ્યવસ્થા ન હોવાને કારણે પેસેન્જર લેવા માટે વાહનો રોડ પર જ ઉભા રાખે છે. જેથી રોડની લેન બ્લોક થાય છે. અને ટ્રાફિક થાય છે. અહીં વિશાળ સુઆયોજિત બ્રિજ બનવા છતા કયારેક બંને બાજુ ટ્રાફિક હોય છે જેના નિકારણ માટે યોગ્ય વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૪૦) રાજકોટ થી ગોંડલ તરફ જતા કોઠારીયા ચોકડી પર રેલ્વે ફાટક બાજુ જવા માટે રોન્ગ સાડઈમાં વાહનો આવવાથી ટ્રાફિક જામ થાય છે. તો આ અંગે યોગ્ય કરવું.

(૪૧) ખોડિયાર હોટેલ (ટોયોટા શો રૂમ) તથા કોરાટ ચોક પાસે રોજિંદો ટ્રાફિક જામ થાય છે. આ અંગે તાત્કાલીક યોગ્ય કરવું.

(૪૨) કેનાલ રોડ ઉપર કેવડાવાડી તરફથી આવતા રસ્તે બસ કે એમ્બ્યુલન્સ નિકળે છે ત્યારે વળવા માટે પુરતી જગ્યા ન મળવાના કારણે ઘણી વખત ટ્રાફિક જામ થઈ જાય છે તો આ અંગે સત્વરે ઘટતુ કરવું.

(૪૩) અટીકા ફાટક તથા પી.ડી. માલવીયા કોલેજ ફાટક પાસે અતિશય ટ્રાફિક જામ થાય છે તે બાબત.

(૪૪) ગોંડલ રોડ રાજકમલ પેટ્રોલ પંપ સામેની ફાટક પાસે પણ અતિશય ટ્રાફિક જામ રહે છે. તે બાબત.

(૪૫) ગોંડલ રોડ ગુરૂકુલ બ્રીજ પર અવાર–નવાર ટ્રાફિક જામ રહે છે. તેમજ આ બ્રીજ પર માણસો પોતાના વાહનો ઉભા રાખીને ફોટા પાડતા હોય છે. જેના કારણે પણ ટ્રાફિક સમસ્યા રહે છે.

(૪૬) ટ્રાન્સપોર્ટ ઓફિસ આસપાસ ઘણી બધા ટ્રકો ઉભા રહેતા હોવાથી તેમજ લોડીંગ પણ રસ્તાઓ બ્લોક કરીને કરતા હોવાથી ટ્રાફિક જામની સમસ્યા રહે છે.

(૪૭) મોટાભાગના ચોક તથા વળાંક પર વાહનો પાર્ક થયેલા હોય છે જે પણ ખુબ જ અડચણરૂપ હોય છે.

(૪૮) રસ્તાઓ પર મોટા ભાગના ચા–પાનના ગલ્લા, લારીઓની બહાર અડધો રોડ રોકાય તે રીતે આડેધડ વાહનો રાખી દે છે જેના કારણે ખુબ જ ટ્રાફિક જામ થાય છે.

(૪૯) નાનામવા ચોક ૧૫૦ ફુટ રીંગ રોડ થી ગોંડલ રોડ ચોકડી તરફ મોટાભાગના લોકો કામધંધા માટે અવર–જવાર કરતા હોય છે. ત્યારે સવારે ૭ થી ૧૦ અને રાત્રે ૬ થી ૯ પુસ્કળ પ્રમાણમાં ટ્રાફિક સમસ્યા ઉદભવતી હોય છે. તો આ સમયે ટ્રાફિક વોર્ડન હોવા છતા ટ્રાફિક કંટ્રોલ કરી શકતા નથી. તેથી આ રોડના દરેક સર્કલે ટ્રાફિક સમસ્યા ન ઉદભવે તે માટે યોગ્ય વ્યવસ્થા હાથ ધરવી જરૂરી છે.

(૫૦) ટ્રાફિકથી વ્યસ્ત રસ્તાઓ પર "નો પાર્કિંગ" નો અમલ ફરજિયાત થવો જોઈએ. સાથોસાથ "નો સ્ટોપીંગ" પણ હોવું જોઈએ. જેથી રીક્ષા કે અન્ય ખાનગી વાહન પેસેન્જર લેવા મુકવા ન ઉભા રહે આ માટે બસ સ્ટોપની જેમ અમુક જગ્યાએ જ વાહન ઉભા રાખવાનો નિયમ હોવો જોઈએ. પાર્કીગ પણ વધુમાં વધુ ૩૦ મીનીટ પુરતુ જ હોવુંજોઈએ.

(૫૧) ચાર રસ્તાની ચારે બાજુ ૧૦૦ મીટર સુધી કોઈપણ વાહન ઉભુ ન રહે તેનો કડક રીતે અમલ થવો જોઈએ. સાઈડ ખુલે ત્યારે તેનાથી આગળ રીક્ષા, રેકડી કે બીજા વાહનો ઉભા હોય છે. તેથી સાઈડ ખુલ્યા પછી આગળ જવામાં વાહનને અડચણ થાય છે અને ટ્રાફિક જામ થાય છે તો આ અંગે યોગ્ય કરવું.

(૫૨) ૧૫૦ ફુટ રીંગ રોડ તેમજ શહેરના ઘણા રસ્તા પર "નોન યુઝ" વાહનો ઘણા સમયથી પડેલા છે. તો આવા નડતર રૂપ વાહનોને હટાવવા જોઈએ તેમજ દંડ કરવો જોઈએ.

(૫૩) દરેક ટ્રાફિક સિગ્નલ પર જમણી તરફ જવા માટે યુ ટર્ન મારે તેની ખાસ તકેદારી રાખવી જોઈએ.

(૫૪) ટ્રાફિક બ્રિગેડના ઘણા ખરા યુનિફોર્મ સાથે તેમના નામની પ્લેટ લગાડતા નથી.

(૫૫) દરેક ટ્રાફિક પોઈન્ટ ઉપર ટ્રાફિક બ્રિગેડની જવાબદારી શું તે જાહેરમાં બોર્ડ મુકવું જોઈએ.

(૫૬) સુરતની જેમ અહિયા પણ ટ્રાફિક બ્રિગેડને લાઠી અને મોબાઈલ સાથે રાખવાની મનાઈ કરવી જોઈએ. જેથી તેઓ ટ્રાફિક નિયમનની કામગીરી સરખી રીતે કરી શકે.

(૫૭) ઘણાં ખરા પોઈન્ટ પર ટ્રાફિક બ્રિગેડ ટ્રાફિક કિલયર કરવાને બદલે વાહન રોકી ખોટી રીતે હેરાન કરતાં જોવા મળે છે. તેમને પુછતાં તેવો કહે છે કે અમોને વાહ અને ડોકયુમેન્ટસ ચેક કરવાની સતા ઉપરી અધિકારીએ આપેલ છે. જો આ સાચું હોય તો ડિપાર્ટમેન્ટએ જાહેર કરવું જોઈએ.

(૫૮) કાલાવાડ રોડ, મોટા મૌવા પછી અમુક ટ્રાફિક બ્રિગેડ વાહન રોકી હેરાન કરતાં હોય છે. ત્યાં પોલીસ કોન્સટેબલ ઘણી બખત હાજર રહેતા નથી. ફકત ટ્રાફિક બ્રિગેડ જ જોવા મળે છે.

(૫૯) ત્રિકોણબાગથી જમણી સાઈડ વળવા માટે મોટી બસો ડાબી સાઈડ પૂરેપૂરી આવીને જમણી સાઈડ ટન મારે છે તે બાબતે યોગ્ય કરવું.

(૬૦) બાપુના બાવલાની સામેની સાઈડના રોડ પર નો એન્ટ્રી આવેલી છે છતા બધા જ વાહનો અવર જવર કરે છે.

(૬૧) સાંગણવા ચોકમાં બાલાજી સેન્ડવીચ પાસે પણ આ જ પ્રકારે નો એન્ટ્રીનો કોઈ જ અમલવારી થતી નથી તેમ જ ત્યાં બેસેલ વોર્ડનો કોઈપણ જાતની કાર્યવાહી કરતા નથી. તદઉપરાંત ત્યાંથી અંદરની તરફ એટલે કે ધર્મેન્દ્ર રોડ ઘીકાંટા રોડ જવા માટે નો એન્ટ્રી છે બાલાજી સેન્ડવીચ થી ત્રિકોણબાગ જવા માટે નો એન્ટ્રી છે. આ બધી જગ્યાએ નો એન્ટ્રીનું પાલન થતું નથી. તો તે યોગ્ય કરવું.

(૬૧) ગોંડલ રોડ પર સ્વામીનારયણ મંદિર પાસે ઓવરબ્રીજ બનતો હોવાથી ત્યાં ટ્રાન્સપોર્ટરોને આવવા માટે નો–એન્ટ્રી કરવામાં આવેલ છે. તો તે નો–એન્ટ્રી ખોલવા બાબત.

(૬૨) અમીન માર્ગ પર ઘણાં નાના–મોટા વેપારીઓની દુકાનો આવેલ છે ત્યા વાહનનો પાર્કિંગ માટે ઓડ–ઈવન મુજબ વ્યવસ્થા કરવી.

(૬૩) માર્કેટીગ યાર્ડ થી ગ્રીનલેન્ડ ચોકડીના અન્ડરબ્રીજ પાસે ટ્રફિક જામ થવાની સમસ્યા રહે છે. તો બાબતે યોગ્ય કરવું.

(૬૪) મકકમ ચોકમાં ફોર વ્હીલરમાં વગર બ્લેક ફિલ્મએ મેમાં આવે છે તો આ બાબતે યોગ્ય કરવું.

મિટીંગમાં ખાસ ઉપસ્થિત મદદનીશ પોલીસ કમિશ્નર શ્રીમતી પુજા યાદવ મેડમ, આસિસટન્ટ પોલીસ કમિશ્નરશ્રી જે. બી. ગઢવી સાહેબ તથા તેમની ટીમ દ્વારા ઓપન હાઉસમાં રજુ કરાયેલ તમામ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ. તથા વિવિધ એસોસીએશનોના પ્રશ્નો શાંત ચીતે સાંભળી યોગ્યગ પ્રત્યુતરો આપેલ. તેમજ જે તે જગ્યાએ ટ્રાફિક સમસ્યા ઉદ્‌વતી હોય ત્યા રૂબરૂ સ્થળ મુલકાત લઈ તથા જે પ્રશ્નો બીજા ડિપાર્ટમેન્ટને સલગ્ન હસે તો તે ડિપાર્ટમેન્ટને સાથે રાખી તેનું યોગ્ય નિરાકરણ લવવા પ્રયત્ન કરીશું.

મિટીંના અંતે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ ઉપસ્થિત ટ્રાફિક શાખાના અધિકારીશ્રીઓ તથા વિવિધ એસોસીએશનોના હેદેદારોનો આભાર વ્યકત કરેલ તેમજ આગામી ટુંક સમયમાં RMC / PGVCL વિગેરે ડિપાર્ટમેન્ટને સાથે રાખી ઓપન હાઉસ યોજીશું જેથી મહતમ પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે સમગ્ર મિટીંગનું સંચાલન રાજકોટ ચેમ્બરના કારોબારી સભ્યશ્રી નરેશભાઈ શેઠએ કરેલ.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓ દ્વારા નવનિયુકત કલેકટરશ્રી, PGVCL–એમ.ડી., RMC કમિશ્નરશ્રી, RMC ડેપ્યુટી કમિશ્નરશ્રી, તથા રાજકોટ રેન્જ આઈ.જી.પી.નુંઅભિવાદન કરવામાંઆવ્યું...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, માનદ્ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા, કારોબારી સભ્યશ્રી અશોકભાઈ વિરડીયા, નિલેશભાઈ ભલાણી, મનોજભાઈ ઉનડકટ, સમીરભાઈ વેકરીયા તથા સિધ્ધાર્થભાઈ પોબારૂ દ્વારા રાજકોટ શહેરના નવ નિયુકત થયેલ કલેકટરશ્રી પ્રભવ જોશી સાહેબ, પીજીવીસીએલ મેનેજીંગ ડિરેકટરશ્રી એમ.જે. દવે સાહેબ, રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી આનંદ પટેલ સાહેબ, ડેપ્યુટી કમિશ્નરશ્રી અનિલ ધામેલીયા સાહેબ, તથા રાજકોટ રેન્જ આઈ.જી.પી.શ્રી અશોક કુમાર યાદવ સાહેબનું મોમેન્ટો અર્પી અભિવાદન કરવામાંઆવ્યું.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નવ નિયુકત અધિકારશ્રીઓની સાથે મળી વેપાર–ઉદ્યોગકારો તેમજ શહેરની જનતાને કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે હંમેશા કાર્ય કરીશું. તેમજ રાજકોટ શહેરના વિકાસને વધુ વેગ આપવા સહભાગી થઈશું.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓએ કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી તથા રેલ્વેમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશજીની રાજકોટ ખાતે રૂબરૂ મુલાકાત લઈ વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવી...







રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા તથા કારોબારી સભ્યો દ્વારા રાજકોટ ખાતે પધારેલ કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી તથા રેલ્વેમંત્રીશ્રીમતી દર્શનાબેન જરદોશજીની રૂબરૂ મુલાકાત લઈ વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાંઆવેલ.

**કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી સમક્ષ નીચે મુજબ રજુઆત કરવામાં આવી.**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા MSME ઉત્પાદક નિકાસકારો માટે નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત નિકાસકારો દ્વારા કરવામાં આવેલ પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ નિકાસ માટે લેવાયેલ લોન અંતર્ગત વ્યાજ સહાય ચુકવવામાં આવે છે. પરંતુ હાલમાંજ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા રેપોરેટમાંવધારો કરવામાં આવેલ છે તેના કારણે બેન્કની લોન ખુબ જ મોંઘી થઈ ગયેલ છે અને નિકાસકારોને ખુબ જ મુશ્કેલી પડી રહી છે. તેથી નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme અંતર્ગત વ્યાજ સહાયની મર્યાદા જે ૩% છે તેને વધારી ૬% કરી આપવી.

(૨) સરકારી વિવિધ કચેરીઓ જેવી કે, CGST / SGST / DGFT / Customs / Labor / District Industries Centre ને વિશાળ જગ્યામાંએક જ પ્રિમાઈસીસમાંબનાવવી.

(૩) રાજકોટ ખાતે સંપુર્ણ સુવિધા સાથેનું કન્વેશન સેન્ટર ફાળવવું.

(૪) રાજકોટ ખાતે પ્લગ અને પ્લે સુવિધા સાથે નિકાસ એકમો માટે નવુંકલસ્ટર ફાળવવું.

(૫) રાજકોટમાંહાલ કાર્યરત તેમજ નવા સ્થપાતા MSME એકમોનો વધુ વિકાસ થાય અને દેશ તથા રાજયના અર્થતંત્રના વિકાસમાં સહભાગી બની શકે તે શુભ આશય સાથે રાજકોટમાં વિશાળ જગ્યામાં તમામ સુવિધાઓ સાથેનું MSME ભવન બનાવવું. હાલમાં આવું MSME ભવન અમદાવાદ ખાતે કાર્યરત છે.

(૬) મનરેગા હેઠળ સરકાર દ્વારા જે ચુકવણું કરવામાં આવે છે તે જ રકમ જો મનરેગા હેઠળના કામદારોને MSME એકમોમાં કામગીરી સોંપવામાં આવે તો લઘુતમ વેતનમાં કોઈ ફેર પડતો નથી અને આ સંપુર્ણ વ્યવહાર પુર્ણતયા પારદર્શક હોવાને કારણે કોઈ નાણાંકિય ગેરરીતી થવા પામશે નહી.

(૭) રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટના નિકાસકારો માટે આગામી સમયમાંએક્ષપોર્ટ ફેસીલીટેશન પ્રોગ્રામના આયોજન માટે યોગ્ય તારીખ સમય ફાળવવો.

(૮) રાજકોટ ખાતે ખાલી પડેલ જોઈન્ટ ડી.જી.એફ.ટીની જગ્યા તાત્કાલીક ભરવી, જેથી રાજકોટના નિકાસકારોને કોઈપણ મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

**કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રીમતી દર્શનાબેન જરદોશજી સમક્ષ નીચે મુજબ રજુઆત કરવામાં આવી.**

(૧) રાજકોટ–સૌરાષ્ટ્રની જનતા હજારોની સંખ્યામાં અવાર–નવાર હરિદ્વારધામ ખાતે મુસાફરી કરતા હોય છે. ત્યારે રાજકોટ ખાતેથી અઠવાડીયામાં માત્ર શુક્રવારે જ ઉતરાંચલ એકસપ્રેસ ટ્રેન ચાલુંછે. હરિદ્વારા

દેશનું અત્યંત ધાર્મિક અને ઐતીહાસીક સ્થળ હોય અને રાજકોટ–સૌરાષ્ટ્રથી મુસાફરોની સંખ્યા દિન–પ્રતિદીન વધી રહેતી હોવાથી ઉતરાંચલ એકસપ્રેસ ટ્રેનને અઠવાડીયામાંત્રણ વખત શરૂ કરવી. વધુમાં હરિદ્વાર મેઈલને રાજકોટ સુધી લંબાવવી જેથી મુસાફરોને કોઈપણ મુશ્કેલી ન પડે.

(૨) રાજકોટ–સૌરાષ્ટ્રના મોટા ભાગના લોકો રાજકોટ થી બોરીવલી સુધી મુસાફરી કરતા હોય છે. પરંતુ મુંબઈ સેન્ટ્રલ – હાપા દુરન્તો એકસપ્રેસને બોરીવલી ખાતે સ્ટોપ ન આપવાને કારણે ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. તેથી મુંબઈ સેન્ટ્રલ – હાપા દુરન્તો એકસપ્રેસને બોરીવલી ખાતે તાત્કાલીક સ્ટોપ આપવો જરૂરી છે.

(૩) રાજકોટ–સુરેન્દ્રનગર ડબલ ટ્રેકનુંકામ પુર્ણ થઈ ગયેલ છે અને ઈલેકટ્રીફીકેશનનું કામ પણ એકાદ મહિનામાં પુરી થઈ જશે. તેથી રાજકોટ તથા સમગ્ર સૌરાષ્ટ્રના લોકોને સુવિધા મળી રહે તે માટે વંદે ભારત, રાજધાની એકસપ્રેસ અને સતાપ્દી ટ્રેનને રાજકોટ સુધી લંબાવવી ખાસ જરૂરી છે.

(૪) ટ્રેનનં. ૨૨૯૨૩ / ૨૨૯૨૪ બાંન્દ્રા ટર્મીનસ – જામનગર – બાંન્દ્રા સોમવાર, ગુરૂવાર અને શનિવારે ચાલે છે. ત્યારે મુસાફરોની વધતી જતી સંખ્યાને ધ્યાનમાં રાખીને આ ટ્રેનને દરરદોજ ચાલું કરવી જરૂરી છે.

(૫) ઓખા–મુંબઈ સૌરાષ્ટ્ર મેઈલ (૨૨૯૪૬) નો સમય તેના ઓરીજીનલ સમય મુજબ રાખવો.

(૬) દ્વારકા અને અયોધ્યા અત્યંત ધાર્મિક અને ઐતીહાસીક મહત્વ ધરાવતા શહેરો હોય અને લાખો યાત્રીકો આ સ્થળની મુલાકાત લેતા હોય છે ત્યારે આ બન્ને શહેરો વચ્ચે ડાયરેકટ ટ્રેન ઉપલબ્ધ ન હોય ઓખા–અયોધ્યા–ઓખા વાયા મથુરા સપ્તાહમાં બે વખત ન્યુ સુપર ફાસ્ટ ટ્રેન શરૂ કરવી જરૂરી છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ રાજ્યના ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજીની અધ્યક્ષતામાં ઉદ્યોગોને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવેલ...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારોના ઉદ્‌ભવતા પ્રશ્નોનું યોગ્ય અને ઝડપી નિરાકરણ લાવવા માટે સરકારશ્રી સમક્ષ રાજકોટ ખાતે એક ઓપન હાઉસ યોજવા રજુઆત કરવામાં આવેલ હતી. તે રજુઆતને માન આપી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ રાજયના માનનીય ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજીની અધ્યક્ષતામાંતા.૨૦–૪–૨૦૨૩ ના રોજ સરકીટ હાઉસ, રાજકોટ ખાતે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવેલ. આ ઓપન હાઉસમાં ઈન્ડસ્ટ્રીઝ અને માઈન્સ ડિપાર્ટમેન્ટના એડીશનલ ચીફ સેક્રેટરીશ્રી એસ. જે. હૈદર સાહેબ, જી.આઈ.ડી.સી.ના વાઈસ ચેરમેન તથા એમ.ડી.શ્રી ડો. રાહુલ ગુપ્તા સાહેબ, ધારાસભ્યશ્રી રમેશભાઈ ટિલાળા તથા શ્રીમતી ડો.દર્શિતાબેન શાહ પણ ખાસ ઉપસ્થિત રહેલ. તેમજ બહોળી સંખ્યામાં સૌરાષ્ટ્રની તમામ ચેમ્બર ઓફ કોમર્સ અને રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશન, શાપર–વેરાવળ ઈન્ડ. એસોસીએશન, લોધીકા જીઆઈડીસી ઈન્ડ. એસોસીએશન, આજી જીઆઈડીસી ઈન્ડ. એસોસીએશન, લોઠડા–પીપલણા–પડવલા ઈન્ડ. એસોસીઅશનો સહિત વિવિધક્ષેત્રના એસોસીએશનો પોતાના પ્રશ્નો સહિત આ ઓપન હાઉસમાં જોડાયેલ હતા.

રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી સમગ્ર રાજકોટ–સૌરાષ્ટ્રના ઉદ્યોગોના પ્રશ્નોને વાચા આપવા રાજયના માનનીય ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજીએ સુરત શહેરને સમય ફાળવી દીધેલ હોવા છતા રાજકોટ ખાતે ઓપન હાઉસ યોજવા સમય ફાળવી ઉપસ્થિત રહેલ તે બદલ આભારની લાગણી વ્યકત કરેલ. ગુજરાત રાજય દેશનું ગ્રોથ એન્જીન છે. વિકાસશીલ રાજય તરીકે આગળ ધપી રહયું છે. રાજકોટ ચેમ્બર સૌરાષ્ટ્રની તમામ ચેમ્બર ઓફ કોમર્સ અને વિવિધ એસોસીએશનોને સાથે રાખીને કામ કરી રહી છે. તેમજ MSME ક્ષેત્રે રાજકોટ અવ્વલ નંબરે રહયું છે. ત્યારે આવનારા દિવસોમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમી વધારવાનું વિઝન છે તેમાંસુર પુરાવી તે વિઝન પુરૂં પાડવા પ્રયાસ કરાશે. સ્વાભાવીક છે કે વિકાસશીલ રાજયમાં પ્રશ્નો વધુ હોય અને સરકાર પાસે વેપાર–ઉદ્યોગની અપેક્ષા વધારે હોય છે ત્યારે રાજકોટ ચેમ્બર તથા સૌરાષ્ટ્રની ચેમ્બરો તથા વિવિધ એસોસીએશનો દ્વારા જે જે પ્રશ્નો રજુ કરવામાં આવે તેનો યોગ્ય ઉકેલ આવે તેવી આશા વ્યકત કરેલ.

રાજયના માનનીય ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજીએ આજના ઓપન હાઉસનું આયોજન કરવા બદલ હર્ષની લાગણી વ્યકત કરેલ તેમજ ગુજરાતનો વિકાસ ખુબ જ ઝડપથી વધી રહયો છે. દેશના અર્થતંત્રને આગળ ધપાવવામાં ગુજરાત રાજયએ મહત્વની ભુમિકા ભજવી છે. તેમજ ભારત દેશને જી–૨૦ ની અધ્યક્ષતા મળી છે તે આપણા માટે ગૌરવની વાત છે અને વિશ્વમાં ભારત દેશ એક મજબુત અને સક્ષમ દેશ બની આત્મનિર્ભર ભારત બની રહયુ છે. સરકાર દ્વારા જીઆઈડીસી અંતર્ગત ઉદ્યોગકારોને કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે તમામ કાર્યવાહી ડીઝીટલ કરી પારદર્શકતા દાખવી છે અને મહતમ પ્રશ્નોનુંસોલ્યુશન પણ લાવેલ છે. ત્યારે આજરોજ ઉદ્યોગકારો તરફથી જે કાંઈ પ્રશ્નો રજુ થશે. તેનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરાશે.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપાર–ઉદ્યોગને લગતા વિવિધ પ્રશ્નો ધ્યાને મુકેલ.**

(૧) ગુજરાતમાંઉદ્યોગકારોને **GIDC** ની જમીન ૫૦% રાહત દરે આપવા અંગે.

ગુજરાતમાં ઘણી બધી MSME ઈન્ડસ્ટ્રીઝ સ્થપાયેલ હોય તેમજ MSME ની મર્યાદા આશરે ૫૦ કરોડ સુધી વધારેલ હોય તેને ધ્યાનમાં રાખીને GIDC માં૩૦૦૦ ચો.મી.ને બદલે જો ૬૦૦૦ ચો.મી. જમીન ઉદ્યોગકારોને ૫૦%ના દરે આપવી. જેથી ઉદ્યોગોનો સારો એવો વિકાસ થશે અને એમ.એસ.એમ.ઈ સેકરટને બુસ્ટ મળશે.

તેમજ રાજકોટ ઔદ્યોગીક હબ હોવાને કારણે વેપાર–ઉદ્યોગને માટે મોટી GIDC બનાવવી ખુબ જરૂરી છે. તેથી દેવગામ–ખીરસરા GIDC નો વ્યાપ વધારવો જરૂરી છે. હાલ દેવગામ–ખીરસરાની સામે છાપરા ગામમાં ૧૦૦ હેકટર જેટલી ખરાબાની સરકારી જમીન આવેલ છે. તેમજ ૧૦૦ હેકટર ગૌચરની જમીન છે તેવું અમારા ધ્યાનંમા આવેલ છે. તેથી અગાઉ અમારી માંગણી ૩૪૧ હેકટર માંથી માત્ર ૯૧ હેકટરમાંજે GIDC બનતા ૨૫૦ હેકટર જેટલી જમીન ખાલી પડેલ છે. તો ઉપરોકત બન્ને ખરાબાની જમીન ફાળવી દેવગામ–ખીરસરા GIDC નો વ્યાપ આશરે ૫૦૦ હેકટર સુધી કરવા અનુરોધ છે.

(૨) ઔદ્યોગીક એકમોના વિકાસ માટે GIDC દ્વારા એલોટ કરેલા પ્લોટમાં F.S.I. ૧.૬ માંથી ઘટાડીને ૧ કરેલ છે. તેને બદલી ૧.૬ રાખવી તેમજ ગ્રાઉન્ડ ફલોરમાં નવા જી.ડી.સી.આર મુજબ બાંધકામનો અમલ, ઉપરાંત GIDC માં૫૦૦૦ મીટરમાં કોમન પ્લોટની જોગવાઈ રદ કરવી અને બાંધકામમાં૧૩ મીટર હાઈટમાં વધારો કરવા બાબત.

**(૩) GIDC ઓમાં થયેલ ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરવા માટે ઈમ્પેક્ટ ફી ની જોગવાઈની મુદત વધારવા બાબત.**

રાજય સરકાર દ્વારા તમામ નગરપાલિકા, શહેરી વિકાસ સતા અને નગરપાલિકા વિસ્તારોમાંગેરકાયદેસર રહેણાંક બાંધકામોને ઈમ્પેકટ ફી વસુલી કાયદેસર કરવા માટેની જોગવાઈ અમલીકૃત કરેલ છે. જે થકી મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને ખુબ જ ફાયદો થશે. જી.આઈ.ડી.સી.ઓમાંજે ગેરકાયદેસર બાંધકામો થયેલા છે તે કાયદેસર કરવા માટે ઈમ્પેકટ ફી ની જોગવાઈ ચાલુ છે. જેની મુદત તા.૧૧–૫–૨૩ના રોજ પૂરી થાય છે. તે વધુ છ માસ માટે વધારવા રજૂઆત છે.

**(૪) વિવિધ ઔદ્યોગીક વસાહતને ગુ.પા.પુ. બોર્ડ દ્વારા મળતા પીવાનાંપાણીના બીલની આકારણી ઔદ્યોગીક વપરાશના દરને બદલે પીવાના પાણીના દરથી કરવા બાબત.**

રાજય સરકારની સીઆઈપી સહાગ યોજના હેઠળ લોધીકા ઔ. વસાહતમાં પાણી–પુરવઠા યોજના સાકાર થયેલ છે. વસાહતમાં પીવાના પાણીનો અન્ય કોઈ સ્ત્રોત ન હોય ગુ.પા.પુ. બોર્ડ દ્વારા એનસી–૨૦ પાઈપલાઈન માંથી ૧ એમએલડી પાણી કનેકશન આપવામાંઆવેલ છે. આ કનેકશન માત્ર પીવાના માણી માટે જ મંજુર થયેલ છે. આમ છતા ગુ.પા.પુ.બોર્ડ વસાહતને મળતા પીવાનાંપાણીના બીલની આકારણી ઔદ્યોગીક વપરાશના દરથી એટલે કે રૂા.૫૬.૫૯/– પ્રતિ કી.લી.નાં ઉચા દરથી કરે છે. વધુમાં આ દરમાંદર વર્ષે ૧૦ ટકા જેવો વધારો કરવામાં આવે છે. પાણીના ઉચા દર, પાણી વિતરણ માટે થતો વિવિધ ખર્ચ જેવો કે મરામત, જાળવણી, ઈલેકટ્રીસીટી, વિતરણ એજન્સી વગેરે જેવા ખર્ચને કારણે પાણીનો વિતરણ દર પ્રતિ કી.લી. રૂા.૯૯/–(+ જીએસટી) જેવો થાય છે. જે દર પીવાન પાણી માટે એમએસએમઈ માટે ખુબ જ વધારે ગણાય.

લોધીકા ઔ.વસાહતમાં હાલમાં કાર્યરત આશરે ૧૨૦૦ જેટલી ઈન્ડસ્ટ્રીમાંઆશરે ૫૦૦૦૦ જેટલું માનવબળ કરી રહ્યુ છે. આટલા માનવબળને પીવા માટે જરૂરી પાણીના જથ્થાની સામે મંજુર થયેલ ૧ એમએલડી કનેકશન મારફત મળતુંપાણી (આશરે ૮૦૦ કી.લી.પ્રતિ દિન) ઘણું અપુરતુ છે. આથી પીવાના પાણીનો ઔદ્યોગીક વપરાશ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

ઉપરોકત કારણોસર લોધીકા ઔ. વસાહતની પાણી–પુરવઠા પ્રોજેકટની જાળવણી અને સંચાલનની કામગીરી કરતા એસોસીએશનએ ઘણીવાર રાજય સરકારનાંપાણી–પુરવઠા વિભાગને પીવાના પાણીના દરથી બીલની આકારણી કરવા રજુઆત કરેલ છે. આથી આ રજુઆતનો વ્હેલીતકે સ્વીકાર થાય તે માટે યોગ્ય કરશોજી.

**(૫) જી.આઈ.ડી.સી.માં૫૦૦૦ ચો.મી. કે તેથી વધારે મોટા પ્લોટમાં૮% કોમન પ્લોટની જગ્યા છોડવાની જોગવાઈ બાબત.**

આગાઉના પ્લોટ/શેડનુંકુલ ક્ષેત્રફળ ૫૦૦૦ ચો.મી. થી ઓછું હોય અને એડજોઈનીંગ/એકકાત્રીકરણ થયા પછી શેડ/પ્લોટનુંકુલ ક્ષેત્રફળ ૫૦૦૦ ચો.મી. થી મોટું થતું હોઈ તો આ સંજોગોમાં શેડ/પ્લોટનું ક્ષેત્રફળના ૮% COP (કોમન પ્લોટ) જગ્યા છોડવી અશકય બને છે.

GIDC નિગમ દ્વારા પ્લોટ ફાળવણી સમયે કોમન પ્લોટ માટેની જગ્યા ફાળવવામાંઆવે જ છે તો વ્યકિતગત પ્લોટ માટે ફરી આવી જોગવાઈ હોવી ન જોઈએ. આથી શેડ/પ્લોટનુંક્ષેત્રફળના ૮% COP (કોમન પ્લોટ) જગ્યા છોડવાના નિયમને તત્કાલ રદ કરવો.

**(૬) જીઆઈડીસીમાં બે પ્લોટ હોલ્ડર્સની ભાગીદારી પેઢી હેઠળ બન્ને પ્લોટનુંએકત્રીકરણ કરવા માટે.**

જી.આઈ.ડી.સી. સ્થીત બે પ્લોટ હોલ્ડર્સની ભાગીદારી પેઢી હેઠળ બન્ને પ્લોટનું એકત્રીકરણ કરવા માટે જી.આઈ.ડી.સી.ના નિતી નિયમ મુજબ કોઈ એક ભાગીદારની ૫૧% ભાગીદારી હોવી આવશ્યક છે, નહિ તો ટ્રાન્સફર ફી વધારે લાગે છે.

આવી અવ્યવહારૂ જોગવાઈ સત્વારે દુર કરવાની જરૂરીયાત છે કેમ કે ભાગીદારી પેઢીમાં ભાગીદારોનો શેર ગમે તે હોઈ શકે. આ કિસ્સામાં ટ્રાન્સફર ફી રદ કરવી જોઈએ.

**(૭) ઉદ્યોગકારો અને GIDC ના લાભાર્થે કોમર્શીયલ બાંધકામ/વપરાશની પરવાનગી અંગે.**

જે તે GIDC ને શહેર તરફ જોડતા મુખ્ય માર્ગે કે GIDC માંઆવેલ મુખ્ય માર્ગો પર આવેલા પ્લોટ/શેડને કોમર્શીયલ હેતુ માટે ઉપયોગ કરવાની પરવાનગી આપવી જરૂરી છે કારણ કે કોઈપણ GIDC નજીકમાંબેન્ક, રેસ્ટોરન્ટ, ટુલ/હાર્ડવેર/મશીનરી સ્પેર પાર્ટસની દુકાનો વગેરે હોવી ખુબ જ આવશ્યક હોઈ છે. આથી ઉદ્યોગકારો અને GIDC ના લાભાર્થે કોમર્શીયલ બાંધકામ/વપરાશની પરવાનગી આપવાની જોગવાઈ કરાવી.

(૮) GIDC માં પ્લોટ ટ્રાન્સફર વખતે અનઅર્થોરાઈઝડ બાંધકામ હોય તો પેનલ્ટી સાથે પ્લોટ ટ્રાન્સફર થઈ શકે છે. જયારે પેટા ભાડા (Sublet) ના કિસ્સામાં પેનલ્ટી લઈને પણ કરાર થઈ શકતો નથી. તો આ બાબત પણ કરાર થઈ શકે તે માટે યોગ્ય કરવા વિનંતી.

(૯) **રાજકોટ ખાતે રામનગર ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના ઔધોગીક એકમોને ધારાધોરણ મુજબની ફી લઈને રેગ્યુલાઈઝ કરવાની માંગણી પેન્ડીગ હોય તો તે અંગે ઘટતું કરશોજી.**

શ્રી રામનગર ઈન્ડસ્ટ્રીયલ એરીયા એસોસીએશન દ્વારા રાજકોટ શહેરના સર્વેનં.૨૧૫ પૈકી જમીન એકર ૧૧–૦૫ ગુંઠાના ઔદ્યોગીક હેતુ માટે નિયમીત કરી આપવા ઘણાં વર્ષોથી માંગણી કરાયેલ છે. જેમાં નાના–મોટા વિવિધ આશરે ૨૫૦ થી વધારે કારખાનાઓ આવેલ છે. તેઓ દ્વારા કલેકટરશ્રીના તા.૨૪–૨–૧૯૯૨ નાં હુકમથી ભવિષ્યમાં ભરવાની દંડની રકમ અન્વયે ઉચ્ચક રકમ સરકારશ્રીમાં ભરપાઈ કરેલ છે. ઉપરાંત સને ૧૯૯૨માં દબાણનાં કેસો ચાલેલ છે. પ્રર્વતમાન બજાર કિંમતની રકમ તેઓ હાલની પરિસ્થિતીએ ભરી શકે તેમ નથી તેથી અગાઉની ૧૯૯૨ની સ્થિતીએ સવાલવાળી જમીનની બજાર કિંમત તેઓ ભરવા સહમત છે. આ બાબતે કલેકટર કચેરી દ્વારા અગાઉ દરખાસ્તો મહેસુલ વિભાગોમાં મોકલેલ છે પરંતુ હજુ કોઈપણ નિરાકરણ થયેલ નથી.

સરકારશ્રી દ્વારા ઉદ્યોગોને ખુબ જ પ્રોત્સાહન આપવામાંઆવી રહ્યુ છે. ત્યારે આવા એકમોનો વધુને વધુ વિકાસ થાય અને તમામ સુવિધાઓ મળવાપાત્ર થાય તે માટે શ્રી રામનગર ઈન્ડસ્ટ્રીયલ એરીયા એસોસીએશનના આઉદ્યોગીક એકમોને ધારા ધોરણ મુજબની ફી લઈને નિયમબધ્ધ કરી આપવા અનુરોધ છે.

**(૧૦) ગુજરાત રાજયના MSME એકમોને કેપીટલ ઈન્વેસ્ટેમેન્ટ સબસીડીની સહાય મર્યાદા વધારવા બાબત.**

સરકારશ્રી દ્વારા MSME એકમોને ખુબ જ પ્રોત્સાહન આપવામાંઆવી રહ્યુ છે. ગુજરાત રાજયના MSME એકમોનો વધુ વિકાસ થાય તે માટે રાહત પેકેજો–સ્કિમો અમલમાંમુકેલ છે. ગુજરાત રાજયમાં આશરે ૪ લાખથી પણ વધુ MSME એકમો કાર્યરત છે અને નવા પણ સ્થપાઈ રહ્યા છે. રાજય સરકાર દ્વારા નવી ઔદ્યોગીક નિતી–૨૦૨૨ અમલમાંમુકેલ હોય જેમાંમાત્ર માઈક્રો યુનીટોને જ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી ૧૦% મળવાપાત્ર થાય છે. જયારે પાછળની તમામ ઔદ્યોગીક પોલીસીઓમાં તમામ MSME એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી મળવાપાત્ર થતી હતી. વધુમાં અન્ય રાજયોની પોલીસીમાં તેના નિતિ નિયમો મુજબ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડીની ટકાવારી આપણાંગુજરાત રાજય કરતા વધુ જણાઈ રહી છે. તો ગુજરાતને જ આવો અન્યા શા માટે ? માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સપનાને સાર્થક કરવા તેમજ ગુજરાતના ઉદ્યોગકારોનો વધુ વિકાસ થાય અને અર્થતંત્રમાં સહભાગી બની શકે તે માટે નવી ઔદ્યોગીક નિતીમાં તાત્કાલીક ફેરફાર કરી ગુજરાતના MSME એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડીની સહાય મર્યાદા તાત્કાલીક વધારવી.

(૧૧) રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવા અંગે.

રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવાની માંગણી ઘણા સમયથી પેન્ડીંગ છે. પુર્વ મુખ્યમંત્રીશ્રીએ આ માંગણીનો સ્વીકાર કરેલ હોય તેમજ અંદાજે આશરે ૩૨ એકર જગ્યાનું સ્માર્ટ સીટી એરીયામાંપ્રોવીઝન કરેલ હોય આપશ્રી આ અંગે તાત્કાલીક નિર્ણય લઈ સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગને વધું વેગવંતુ બનાવો એવી અમારી માંગણી સ્વીકારી રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવી યોગ્ય કરશોજી. આ પ્રશ્ન અતી

સેન્સીટીવ હોય તાત્કાલીક અશરથી ઘટતું કરવા અનુરોધ.

(૧૨) રાજકોટ ચેમ્બરને પોતાની બિલ્ડીંગ બનાવવા રાહત દરે જમીન ફાળવવા અંગે.

રાજકોટ ચેમ્બરને પોતાની બિલ્ડીંગ બનાવવા માટે રાહત દરે જમીન ફાળવવા માટેની વર્ષો જુની માંગણી પેન્ડીંગ હોય. તો તાત્કાલીક અસરથી અમોને ૧૦ હજાર ચો. મીટર જગ્યા ટોકન દરે ફાળવવા વિનંતી. અમારી સંસ્થાની આ જગ્યા સ્માર્ટ સીટી એરીયામાં કન્વેન્સન સેન્ટરની સાથે જ ફાળવવામાંઆવે તો ઘણી બધી સરળતા થઈ શકે. અગાઉ પૂર્વ મુખ્યમંત્રીશ્રીએ આ અંગે સ્થળ પણ ફાઈનલ કરી આપેલ હતું તો તાત્કાલીક અસરથી જગ્યા ફાળવવા અનુરોધ છે.

(૧૩) રાજકોટ ખાતે ડિફેન્સ એરોસ્પેશ ઈન્ડસ્ટ્રી સ્થાપવા બાબત.

આંતરરાષ્ટ્રિય કંપનીઓ ભારત ખાતે ડિફેન્સ એરોસ્પેશને લગતી ઉત્પાદકીય પ્રવૃતિઓ જેમ કે, એરપ્લેન, એરોસ્ટ્રકચર્સ, કમ્પોનેન્ટસ, સિસ્ટમ એસેમ્બલી વિગેરેને વેગવંતી બનાવેલ છે. અમોને દ્રઢ વિશ્વાસ છે કે રાજકોટ આવી ડિફેન્સ સલંગ્ન ઉત્પાદકીય એકમોને સંપુર્ણતઃ અને સર્વથા ઉપયોગી થાય તે માટેની તમામ લાયકાતો તથા સુવિધાઓ ધરાવે છે. ફાયદાકારક નીચી ઉત્પાદન કિંમતો, પુરતી ઉત્પાદકીય વિદ્વવતા તથા પ્રાપ્તીને કારણે રાજકોટ આ માટે અતિ પસંદગીનું સ્થળ બની શકે તેમ છે. આપશ્રી વિદીત છો તે મુજબ રાજકોટ ઓટો પાર્ટસના ઉત્પાદનનું હબ ગણાય છે અને ખુબ જ નજીકમાંઆવેલ જામનગરના બ્રાસ પાર્ટસ ઉત્પાદનો સાથે મળીને ઉપરોકત દરખાસ્તને સંપુર્ણ પણે સિધ્ધ કરી શકે તેમ છે. આથી તમામ સંજોગોને ધ્યાને રાખી રાજકોટ ખાતે ડિફેન્સ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી સ્થાપવા કરવા અનુરોધ કરીએ છીએ.

સૌરાષ્ટ્રમાંઆશરે ૧૫૦૦ MSME ઈન્ડસ્ટ્રીઝ ફોર્જીંગ તેમજ કાસ્ટીંગ (ફાઉન્ડ્રી) આવેલ છે. જેમાંથી ૨૫૦ યુનિટો ડિફેન્સ તેમજ એરોસ્પેસ સાથે ડાયરેકટ કે ઈનડાયરેકટ જોડાયેલ છે. આ રાજકોટમાં ડિફેન્સ અને એરોસ્પેસને બુસ્ટ આપવું હોય તો પોલીસીમાં જમીન વેચાણ અંગે ફેરફાર કરી. કોસ્ટલ એરીયાને બદલે સમગ્ર ગુજરાત માંથી જંત્રીના ૨૫% ના દરે આ ઉદ્યોગને આપવી જેથી મોદી સાહેબનું આ ઉદ્યોગ માટેનું સપનું સાકાર થાય.

(૧૪) સંકલન સમિતિની રચના કરવા અંગે.

કોઈપણ રાજયનો વિકાસ કરવા માટે તમામ મોટા શહેરમાં ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ એસોસીએશનો સ્થપાયેલ છે. ચેમ્બર કાયમી ધોરણે પારદર્શક તેમજ તટષ્ઠતા પૂર્વક કામગીરી કરે છે. અને આમ પ્રજા વેપારીઓ ઉદ્યોગકારો તેમજ સરકારશ્રીને ડાયરેકટ કે ઈનડાયરેકટ મદદરૂપ થાય છે. આમ જો રાજકોટમાંરાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ ના નેજા નીચે વિવિધ એસોસીએશનોને સાથે રાખીને તેમજ કલેકટરશ્રી, પોલીસ કમિશ્નરશ્રી, મ્યુનીસીપીલ કમિશ્નરશ્રી, એમ.ડી. પી.જી.વી..સી.એ.લ

તેમજ રૂડા અધ્યક્ષશ્રીની એક સંકલન સમીતીની રચના નામદાર કલેકટરશ્રીની અધ્યક્ષતામાં કરવામાં આવે તો ઘણા બધા નાના–મોટા પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે. આ અંગે તાત્કાલીક ઘટતું કરશો.

(૧૫) રાજકોટ ખાતે ઈમિટેશન જવેલરી પાર્ક સ્થાપવા બાબત.

રાજકોટ ખાતે ઈમિટેશન જવેલરી પાર્ક મંજુર કરવું. કારણ કે, સમગ્ર ભારતમાં સૌથી વધારે ઈમિટેશનનું પ્રોડકશન રાજકોટમાં થાય છે. આ ઉદ્યોગ ગુહ ઉદ્યોગ હોય આશરે ૪.૫ લાખ લોકોને રોજગારી પુરી પાડે છે. જે પૈકી આશરે ૨.૫ લાખ મહિલાઓને રોજગારી મળે છે. તેથી રાજકોટ ખાતે ઈમિટેશન જવેલરી પાર્ક સ્થાપવાથી ઈમિટેશન ઉદ્યોગોને વેગ મળશે તેમજ લાખો લોકોને રોજગારી મળશે.

તેમજ સૌરાષ્ટ્રની તમામ ચેમ્બર ઓફ કોમર્સ તથા વિવિધ એસોસીએશનો દ્વારા વન ટુ વન પ્રશ્નો રજુ કરવામાંઆવેલ અને સતત બે કલાક ચાલેલ ઓપન હાઉસમાંરાજયના માનનીય ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજી, ઈન્ડસ્ટ્રીઝ અને માઈન્સ ડિપાર્ટમેન્ટના એડીશનલ ચીફ સેક્રેટરીશ્રી એસ. જે. હૈદર સાહેબ, જી.આઈ.ડી.સી.ના વાઈસ ચેરમેન તથા એમ.ડી.શ્રી ડો. રાહુલ ગુપ્તા સાહેબએ તમામના રજુ કરાયેલ પ્રશ્નો ખુબ સારી રીતે સાંભળી યોગ્ય અને સંતોષકારક પ્રત્યુતર આપેલ. તેમજ વ્યકિતગત–સામુહીક તેમજ નિતિવિષયક પ્રશ્નોની યોગ્ય છણાવટ કરી આગામી દિવસોમાં તમામ પ્રશ્નોનુંચોકકસ પણે નિરાકરણ લાવવામાં આવશે તેવી ખાત્રી આપેલ હતી.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરકારશ્રીએ તાજેતરમાં લઘુતમ વેતનના દરમાં ૨૫% જેટલા વધારા અંગે ફેરવિચારણા કરવા માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલજી સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજય સરકાર દ્વારા તાજેતરમાં લઘુતમ વેતનનાં દરમાં ૨૫% જેટલો વધારો કરવામાં આવેલ છે. જેના કારણે ઉદ્યોગકારોને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. લઘુતમ વેતનમાં૨૫% જેટલો વધારો થવાને કારણે ઉદ્યોગોને ખુબ જ મોટું આર્થિક નુકશાન ભોગવવુંપડશે. તેમજ પ્રવર્તમાન ધંધાકીય હરિફાઈ તથા મંદીને કારણે ઉદ્યોગોને કોઈપણ પ્રકારના વધારાના વળતર વગર આટલો મોટો લઘુતમ વેતનના રૂપમાં ફટકો પડવાની શકયતા છે અને કેટલાય નાના ઉદ્યોગકારોને ધંધો બંધ કરવાની ફરજ પડશે.

૨૫% નો લઘુતમ વેતન વધારો ચુકવ્યા પછી પણ તેને આનુસાંગીક પ્રાવધાનીક ખર્ચાઓ જેવા કે, પ્રોવીડંટ ફંડ, ESIC, ગ્રેચ્યુટી, રજાનો પગાર વગેરે તમામ બાબતોમાં ઉદ્યોગોએ વધારવામાં આવેલ વેતનના પ્રમાણમાં તફાવતની રકમ પણ ચુકવવી પડશે. આવી તફાવતની રકમ ચુકવવા માટે ઉદ્યોગોને ઓછામાં ઓછું૩ વર્ષ સુધી ખાસ મુકિત આપવી. તેમજ પ્રવર્તમાન વેતન દર રૂા.૯૫૦૦/– વધીને રૂા.૧૨૦૦૦/– થવા પામશે. આટલો મોટો વધારો ઉદ્યોગો કોઈપણ સંજોગોમાં સહન કરી શકે તેમ નથી.

ઉપરોકત તમામ બાબતોને ધ્યાનમાં લઈ લઘુતમ વેતન દરમા ૨૫% જેટલો અસહ્ય વધારા અંગે ફેર વિચારણા કરવા તેમજ ઉદ્યોગકારોએ ચુકવવાપાત્ર થતી તફાવતની રકમ સબસીડી રૂપે પરત ચુકવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ગુજરાત રાજયમાં નવા જંત્રીના દરની અમલવારી કરવાની છેલ્લી તા.૧૫-૪-૨૦૨૩ હોય તેની સમય મર્યાદા ૬ મહિના સુધી વધારવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજય સરકાર દ્વારા નવા જંત્રી દરમાં વિસંગતતાઓ હોય તે દુર કરવા અંગે જંત્રી વધારાના રાજયના વિકાસ લક્ષી નિર્ણયને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે. સાથોસાથ સમગ્ર રાજયમાં પણ આ નિર્ણયની છેલ્લી તારીખ ૧૫–૪–૨૦૨૩ હોય તેમજ સરકારે જાહેર કરેલ નિર્ણયનો સમયગાળો ખૂબ જ ટૂંકો હોય સરકારે વ્યવસ્થિત પણે અને સારી રીતે નિર્ણય લેવો હોય તો દરેક જીલ્લા વાસઈ કલેકટરશ્રીની અધ્યક્ષતામાં નીચલા સ્ટાફ પાસેથી જંત્રીના દરની સર્વેની કામગીરી લઈ અને આ નિર્ણય કરવામાં આવે તો જ આ નિર્ણય ખરા અર્થમાં ખેડૂતો તેમજ વેપારીઓને હિત કરતા ગણાશે અને સરકારશ્રીના કામગીરીના વિકાસમાં દીવાદાંડી સમાન ગણાશે.

આથી આમ જનતાને મુશ્કેલી ન પડે અને સરકારે જંત્રીનો દર એવરેજ કરી નિર્ણય કર્યા સિવાય બીજો કોઈ છૂટકો જ નથી જે બીન વ્યવહારૂ ગણાશે. જંત્રીના દરની ચોકકસ પણે ખાત્રી કરવા માટે આજની તારીખથી રેવન્યુ ડિપાર્ટમેન્ટના તમામ અધિકારીઓને કામે લગાડવામાં આવે તો પણ ૬ મહિનાનો સમયગાળો લાગે અને આમેય હમણાંજ ગુજરાત રાજયમાં બીન ખેતીના કેસો તા.૧૫–૪–૨૦૨૩ સુધીમાં પુરા કરવા નામદાર ગુજરાત હાઈકોર્ટ જણાવેલ છે. જે પ્રેકટીકલી શકય નથી. ઉલ્ટામાંનવા લીટીગેશનો ઉભા થશે.

હાલમાં સરકાર દ્વારા જંત્રીના સર્વેની કામગીરી હાથ ધરાયેલી જ છે. પણ દરેક શહેરની એરીયાવાઈઝ એરીયામાં રેસીડેન્સીઅલ, કોમર્શીઅલ કે ઈન્ડસ્ટ્રીઅલ વાઈસ તેમજ દરેક જીલ્લા શહેરી વિકાસ સતા મંડળના એરીયાવાઈસ કે એરીયા બહારના તાલુકાઓ કે ગ્રામ્યના સ્થળ ઉપર સર્વે નંબર વાઈસ નવી જંત્રીના દર રજુ કરવા એ ઘણું જ કઠીન તેમજ ક્રીટીકલ કામ હોય આના સમાધાન અંગે સમય મર્યાદા એ જ આની દવા હોય. જો ૬ મહિનાનો સમય વધારી સરકાર ઘટતુંકરશે તો મોટાભાગની જંત્રીમા રહેલી વિસંગતતાઓ દૂર થશે. તેમજ ગુજરાત સરકારને પોતાની રેવન્યુ આવકમાંઅણધાર્યો વધારો થશે જે સરકારે કલ્પનામાંપણ વિચાર્યુ ન હોય.

સરકારે એ પણ વિચારવુંજોઈએ કે જયા જંત્રીના દર વ્યાજબી છે ત્યાંવધારો ન કરવો જોઈએ. અને આજની બજારે જયા જંત્રીના દર બરોબર હોય તેવી જગ્યાએ હાલના જંત્રીના દર તે મુજબ યથાવત રાખવા જોઈએ.

હાલમાં સરકારશ્રીએ સગવડતાના ભાગરૂપે તા.૧૫–૪–૨૦૨૩ સુધીમાં કોઈપણ મિલ્કતના સોદાનું રજીસ્ટ્રેશન કરાવી લે તો જુની જંત્રીનો નિયમ લાગુ પડશે. તેવો હુકમ ફરમાવેલ છે. જે સરકારશ્રીનું પગલું સરાહનીય છે તેમજ હાલમાં તમામ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં ખૂબ જ વધારે ઘસારો જોવા મળે છે. અને સર્વર ડાઉનનાં રોજબરોજની સમસ્યાઓ ઉભી થઈ રહી છે. જેથી લોકોને ખૂબ જ હાલાકી પડી રહી છે. અને આમેય આ નિર્ણય ૬ મહિનાની મુદત વધારા સમાન ગણાય, તો શા માટે ૬ મહિનાનો મુદત વધારો ન આપવો ?

(૧) જો આ ૬ મહિનાનું એકસટેન્શન આપવામાં આવે તો ગુજરાત રાજયના કોઈપણ મેગા સીટીમાં કે જયા ઘણા વિસ્તારોમાં એરીયા મુજબના જયા ભાવ ઉંચા છે. ત્યાં જંત્રીના દર નીચા છે. અને જયા ભાવ નીચા છે ત્યાં જંત્રીના દર ઉંચા છે. માટે આ વિસંગતતા દૂર કરી શકાય.

(૨) શહેરોના જુના વિસ્તારોમાં જંત્રીના દરો ઉચ્ચા છે તેમજ નવા વિકસીત વિસ્તારોમાં જંત્રીના દર નીચા છે. આથી જુના વિસ્તારોના જંત્રીનો દર યથાવત રાખવામાં આવે તો તે લોકોનો પણ સર્વાય થઈ શકે.

(૩) શહેરી વિકાસ સતા મંડળ નીચે આવતા જમીનમાં પણ ૪ પ્રકાર છે. ખેતી લાયક, બીન ખેતી લાયક, ગ્રીન ઝોન અને ઔદ્યોગિક ઝોન. આમ ચારેય ઝોનમાં સર્વાંગી વિકાસ કરવો હોય તો ચારેય ઝોનની જંત્રી અલગ અલગ હોવી જોઈએ. જેમ કે બીન ખેતીલાયક તેમજ ગ્રીન ઝોનનો જંત્રીનો દર ખૂબ નીચો હોવો જોઈએ. શહેરી વિકાસ સતા મંડળ બહાર આવતા ગામડાઓમાં ઘણી જગ્યાએ ખેતીની જમીનમાં હાલના દરોમાં તેમજ જંત્રીના દરોમાંખૂબજ મોટી વિસંગતતાઓ છે તે પણ દૂર કરવી જરૂરી છે.

(૪) કોઈપણ રાજયને વિકાસીલ કરવું હોય તો સૌપ્રથમ ગામડાથી વિકાસની શરૂઆત કરવી જોઈએ. આમ ગ્રામ્યકક્ષાના ખેતીના જંત્રીના દરોને પ્રાયોરીટી આપી ગામડામાં જંત્રીના દરમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવી જોઈએ. ગામડા સદ્ધર થશે તો શહેર સદ્ધર થશે જ.

(૫) રાજયના કોઈપણ શહેરનો ઝડપી વિકાસ કરવો હોય તો તાત્કાલીક અસરથી એરીયાવાઈસ ખૂબ બારીકતા પૂર્વક જંત્રીના દરનો તેમજ મિલ્કતની માર્કેટ વેલ્યુનો અભ્યાસ કરીને જ જંત્રીના દરમાંફેરફાર કરવા જોઈએ. જેથી શહેરનો સર્વાંગી વિકાસ થાય. તેમજ સરકારની રેવન્યુ આવકમાં ઘટાડાને બદલે ખાસો એવો વધારો થાય.

(૬) શહેરી વિકાસ સતા મંડળની નીચે આવતા તમામ ગામના સર્વે નંબરોમાં ઝોન પ્રમાણે વ્યાજબી દરની જંત્રીના દરમાં ફેરફાર કરવો જરૂરી છે. જેથી જુના શહેરોના પેરેરલ આવેલ શહેરી વિકાસ વિસ્તારના ગામોનો શહેરી કરણની જેમ વિકાસ થાય. આમ આવા વિસ્તારમાંજંત્રીના દરમાંનજીવો ફેરફાર કરી શકાય. જેના પરિણામરૂપે આવા શહેરોનો ઝડપી વિકાસ થાય અને વિકાસશીલ રાજયમાંફેરવી શકાય.

આમારી આ તમામ માંગણીઓ છેલ્લા દોઢ મહિનાથી સર્વે અને મનોમંથન તેમજ ખેડૂતોના, વિપારીઓના, બિલ્ડરોના, ઈન્વેસ્ટરોના આવેલા પ્રશ્નોને શાંતીચીતે સાંભળી તેમજ દરેકની સાથે વન ટુ વન મિટીંગ કરી તેમના યોગ્ય પ્રતિભાવ લઈ નામદાર સરકારશ્રીને આ તમામ વર્ગની વેદનાને વાચા આપવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. અને જો સરકારશ્રી આવો નિર્ણલ લેશે તો તે સરાહનીય પગલુંગણાશે જે તમામ લોકોના હિતમાં રહેશે. આમ કરવાથી સરકારની રેવન્યુ આવકમાં એકપણ રૂપિયાનો ઘટાડો થતો નથી. જો આવુંસચારુ પગલું સરકાર ભરશે તો આવનારા દિવસોમાં ઘણી બધી વિટંબણાઓ અને લીટીગેશન દૂર થશે અને સરકારનું આવકાદાયક પગલુંગણાશે. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી સમક્ષ ગુજરાત રાજયમાં નવા જંત્રીના દરની અમલવારી કરવાની છેલ્લી તા.૧૫–૪–૨૦૨૩ હોય તેની સમય મર્યાદા ૬ મહિના સુધી વધારવા રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજુઆત...

### રાજકોટ–મુંબઈ માટે સવારની ફલાઈટ શરૂ કરવામાં આવી...

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય. રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારો, આમ જનતા રાજકોટથી મુંબઈ અવાર–નવાર પોતાના ધંધાર્થે તેમજ આરોગ્યલક્ષી સારવાર મેળવવા મુસાફરી કરતા હોય છે. અને દિનપ્રતિદિન મુસાફરોની સંખ્યા વધતી જાય છે. હાલ રાજકોટ એરપોર્ટ ઉપર એપ્રન સુવિધા ઉપલબ્ધ હોય હાલ પાંચ ફલાઈટ લેન્ડીંગ થઈ શકવાની ક્ષમતા હોય તેમજ રાજકોટથી સવારે ૬–૦૦ વાગ્યે મુંબઈ જતી એરઈન્ડીયાની ઘણા સમયથી ફલાઈટ બંધ થતા વેપારીઓને તેમજ મુસાફરોને પરાવાર મુશ્કેલી પડે છે.

રાજકોટથી મુંબઈ સવારે જઈ સાંજે પરત ફરવા વાળો વેપારી વર્ગ ઘણો વધારે હોય તેમજ મુંબઈ એરપોર્ટ પર એર ઈન્ડીયા માટે આ સ્લોટ ખાલી હોય તાત્કાલીક રાજકોટ–મુંબઈ એરઈન્ડીયાની સવારની ફલાઈટ તથા મુંબઈથી રાજકોટ પરત ફરવા માટે રાતની ફલાઈટ શરૂ કરવા તેમજ જો એરઈન્ડીયા આ સ્લોટ ચલાવવા ન માંગતું હોય તો બીજી એરલાઈન્સને આ સ્લોટ તાત્કાલીક ફાળવી સવારની ફલાઈટ ચાલુ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય કેન્દ્રીય ઉડયનમંત્રીશ્રી જયોતિરાદીત્ય સિંધિયાજી તથા માનનીય સંસદ સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયાજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ હતી. જે રજુઆતનો સ્વીકાર થયેલ છે અને રાજકોટ–મુંબઈ માટે સવારની ફલાઈટ ૨૪ એપ્રિલથી શરૂ કરવામાં આવશે. આમ રાજકોટ ચેમ્બરની માંગણીનો સ્વિકાર કરવા બદલ માનનીય કેન્દ્રીય ઉડ્યનમંત્રીશ્રી જયોતિરાદીત્ય સિંધીયા તથા સંસદસભ્યશ્રી મોહનભાઈ કુંડારીયાનો સહૃદય આભાર માને છે. તેમજ આ એરલાઈન્સની સુવિધા મળવાથી રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોમાં હર્ષની લાગણી છવાયેલ છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ઈન્ડો–આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુકત ઉપક્રમે ‘‘આફ્રિકામાં વેપારની રહેલ વિપુલ તકો’’ અંગે સેમીનાર યોજવામાં આવેલ... જેમાં બહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો ઉપસ્થિત રહેલ...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ઈન્ડો–આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુકત ઉપક્રમે "આફ્રિકામાં વેપારની રહેલ વિપુલ તકો" અંગે તા.૨૮–૩–૨૦૨૩, મંગળવારના રોજ બપોરે ૪:૦૦ વાગે રાજકોટ ચેમ્બર હોલ, કરણસિંહજી રોડ રાજકોટ ખાતે સેમીનાર યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામા વેપાર–ઉદ્યોગકારો ઉપસ્થિત રહેલ.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌને આવકારી જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા અવાર–નવાર વિવિધ સેકટરને લગતા સેમીનારો યોજવામાં આવે છે. ત્યારે વેપાર–

ઉદ્યોગકારોને નવા અન્ય દેશોમાં વેપાર કરવામાં ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે તેમજ જે તે દેશના નિતી નિયમો અને સરકારના મળવાપાત્ર લાભોથી વંચિત રહી જતા હોય છે. ત્યારે આફ્રિકાના વિવિધ શહેરોમાં રાજકોટના વેપાર–ઉદ્યોગકારો પોતાના બીઝનેશને કેવી રીતે ડેવલોપ કરી શકે તેવા શુભ આશય સાથે આજના આ સેમીનારનું આયોજન કરેલ છે. જે ખુબ જ ઉપયોગી બની રહેશે અને વેપાર–ધંધાને વધુ વેગવંતુ બનાવવા મદદરૂપ થશે.

સેમીનારમાં ખાસ ઉપસ્થિત ઈન્ડો–આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સેક્રેટરી જનરલ શ્રીમતી સુનંદા રાજેન્દ્રનએ આજનો આ સેમીનાર યોજવામાં બદલ આભાર વ્યકત કરેલ. આફ્રિકમાં વેપારની કેવી કેવી તકો રહી છે ત્યારે આ માટે આપણે શું કરવું જોઈએ તેની જાણકારી આપતા જણાવેલ કે, આફ્રિકામાં કુલ ૫૪ શહેરો છે અને તેમાં ૫ ઝોન છે ઈસ્ટ, વેસ્ટ, નોર્થ, સધર્ન અને સેન્ટ્રલ આફ્રિકા તરીકે જાણીતું છે. તેની જાણ આપણને હોવી ખાસ જરૂરી છે. ઝોન વાઈસ કેટલુ પોપ્યુલેશન અને તેના GDP વિષે માહિતી આપી. તેમજ આ આફ્રિકાના આ ૫૪ શહેરોમાં વિવિધ સેકટરો જેવા કે, ઈમિટેશન અને કોસ્ટયુમ જવેલરી, એગ્રીકલ્ચર, ફુડ પ્રોસેસીંગ, IT & ICT, કોમર્શીયલ ફાર્મિંગ, સીડ મેનેજમેન્ટ, મશીનરી અને ઈકવીપમેન્ટસ, હેન્ડીક્રાફટ, પમ્પસ, સોલાર અને રીન્યુએબલ એનર્જી, ફાર્મા, એજયુકેશન, બિલ્ડીંગ મટીરીયલ સપ્લાય, સેનેટરીવેર્સ, કન્સ્ટ્રકશન, હોસ્પિટાલીટી, ઈન્ફ્રાસ્ટ્રકચર, ડિઝાઈનીંગ અને એન્જીનીયરીંગ, લેધર, ટેક્ષટાઈલ, માઈનીંગ, ઓટોમોબાઈલ, ફિશરીઝ, સ્કીલ ડેવલોપમેન્ટ ટ્રેનીંગ, ઓઈલ અને ગેસ, રેડીમેઈડ, હેલ્થકેર વિગેરેમાં વેપારની ઘણી બધી તકો છે. આફ્રિકા વિશ્વનો સૌથી મોટો બીજો ખંડ છે, રણ અને લાંબી નદી લાઈન તેમજ વિશ્વનું ૫૦% સોનું ધરાવતો દેશ છે. ત્યાં પોપ્યુલેશન ખુબ જ વધારે છે અને માર્કેટ પણ સારૂ છે, ઔદ્યોગીકરણ ઝડપથી થઈ રહ્યુ છે, ઈન્ફ્રાસ્ટ્રકચર આગળ વધી રહયું છે, કૃષિ અને સંસાધનો સંપતિ માટે નવીનતા સાથે ત્યાં૧૦ ઉદ્યોગોમાં માછીમાર ઉદ્યોગ, કાપડ, ખાણકામ, ઈન્ફ્રાસ્ટ્રકચર, કૃષિ, તેલ, નાણા, પરીવહન, હેલ્થકેર અને સ્પેશ ઉદ્યોગ સૌથી ઝડપથી વિકસી રહ્યા છે. આફ્રિકામાં ધંધાને વેગ આપવા માટે બજારમાં પ્રવેશતા પહેલાં સંશોધન કરવું, પ્રોડકટને સારી રીતે ડિઝાઈન કરવી, પોતાની લોજીસ્ટીક વ્યવસ્થા રાખવી, ચુકવણી વ્યુહરચનાનું મુલ્યાંકન કરવુ, ભાવોની વ્યુહરચના વિશે વિચારવું, ઉપભોકતાને શિક્ષીત કરી માર્કેટીંગ માટેની વ્યુહરચના ગોઠવવી, સ્થાનીક કંપનીઓ સાથે સંયુકત રીતે ભાગીદાર થવું, આફ્રિકામાં થતા વિવિધ એકઝીબીશનોમાં ભાગ લેવા જેબી બાબતો અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સંપુર્ણ માહિતી આપેલ. તેમજ રાજકોટના ઉદ્યોગકારો પોતાનો બિઝનેશ ડેવલોપ કરવા માંગતો હોય તો રાજકોટ ચેમ્બર અને ઈન્ડો–આફ્રિકન ચેમ્બર સંપુર્ણપણે સહયોગ આપશે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા 9 HABITS OF SUPER SUCCESSFUL PEOPLE વિષય પર મોટીવેશનલ સેમિનાર યોજવામાં આવેલ... જેમાં બહોળી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહેલ...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા.૧૩–૩–૨૦૨૩, સોમવારના રોજ, સાંજે ૫:૦૦ થી ૭:૦૦, રાજકોટ ચેમ્બર હોલ, કરણસિંહજી રોડ, રાજકોટ ખાતે **9 HABITS OF SUPER SUCCESSFUL PEOPLE** વિષય પર મોટીવેશનલ સેમિનાર યોજવામાં આવેલ. જેમાં પ્રખ્યાત ઈન્ટરનેશનલ મોટીવેટરશ્રી નિખીલ દેસાઈ દ્વારા રસપ્રદ માર્ગદર્શન આપવામાંઆવેલ. આ સેમિનારમાં બહોળી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહયા હતા.

સેમિનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા દ્વારા સૌને આવકારતા આજના સેમીનારના મુખ્ય વકતાશ્રી નિખીલ દેસાઈ કે જેઓ ઈન્ટરનેશનલ મોટીવેટર તરીકે જાણીતા છે અને વર્લ્ડ **HRD** કોંગ્રેસ તરફથી લાઈફ ટાઈમ અચીવમેન્ટસ એવોર્ડ મેળવેલ છે. તેમજ જીવનમાં આપણને દરેક કાર્યોમાં સફળતાઓ મેળવવાની ઈચ્છા હોય છે પરંતુ અમુક જગ્યાએ નિષ્ફળતા પણ મળતી હોય છે. સફળતાની સીડીઓમાં નડતરરૂપ થતી અમુક આદતોમાં સુધારો લાવવો જરૂરી છે. જેનાથી જીવનમાં અને આપણા વેપાર–ધંધામાં ખુબ જ ઉપયોગી બની રહેશે. તેવા

શુભ આશય સાથે આજરોજ આ સેમીનારનું આયોજન કરેલ છે જે થકી કેટલાક પરીવર્તનો લાવવામાં મદદરૂપ બનશે.

સેમીનારમાં ખાસ ઉપસ્થિત પ્રખ્યાત ઈન્ટરશેનશલ મોટીવેટરશ્રી નિખીલ દેસાઈએ આજનો આ સેમીનાર યોજવાની તક આપવા બદલ રાજકોટ ચેમ્બર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરેલ. તેમજ જીવનમાં સફળ થવા અને બદલાવ લાવવા માટે આપણે શું શું કરવુ જોઈએ. વિશ્વમા આજે અનેક લોકો ટોચ ઉપર છે અને સફળતાના શિખરો સર કર્યા છે તે માટે તેઓ ખુબ જ સંઘર્ષ અને મહેનત કરી છે. ત્યારે આપણે પણ આપણા જીવનમાં કે પછી વેપાર–ધંધાઓમાં કઈ કઈ આદતો અપનાવવી જોઈએ જેનાથી પરિવર્તન લાવી શકીએ. ખાસ કરીને ૯ આદતો કેળવવી જોઈએ જેવી કે (૧) લાઈફ લોન્ગ લનર્સ બનવું(૨) જીવનમાં પાવરફુલ વિઝન રાખવું(૩) સ્માર્ટ ગોલ સેટ કરવો (૪) માસ્ટ ટાઈમ મેનેજમેન્ટ ગોઠવવું (૫) કોમ્યુનીકેટ કમ્પલીટલી (૬) ઉત્સાહી બનવું(૭) તણાવનુંસારી રીતે સંચાલન કરવું (૮) ટીમ બનાવવી (૯) આરોગ્ય પર ખાસ ફોકસ કરવું જેવા મુદ્દાઓ પર પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા તેઓએ પોતાની આગવી શૈલીમાં માર્ગદર્શન આપેલ. તેમજ ઉપસ્થિત સભ્યો દ્વારા પુછાયેલ પ્રશ્નોના યોગ્ય પ્રત્યુતર આપેલ.

સમગ્ર સેમીનારનું સંચાલન અને ઉપસ્થિત સભ્યોશ્રીનો આભાર વ્યકત રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અમદાવાદ જતી તમામ ટ્રેનો રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર–૧ પરથી જ ફરી શરૂ કરવા રેલ્વે DRM તથા સંસદસભ્યોશ્રી સમક્ષ રજુઆત...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહી તે માટે અવિતર પ્રયાસો કરવામાંઆવે છે. ત્યારે હાલમાં રાજકોટ–સુરેન્દ્રનગર ડબલ ટ્રેકનું કામ પુર જોશથી ચાલી રહ્યુ છે. જે સારી બાબત છે. પરંતુ આ કામગીરીને કારણે રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશનનાં પ્લેટફોર્મ નંબર ૧ ઉપરથી અમદાવાદ જતી તમામ ટ્રેનોને પ્લેટફોર્મ નંબર ૨ અને ૩ ઉપરથી શરૂ કરવામાં આવેલ છે. જેના કારણે મુસાફરોને ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. સાથો સાથ સ્ટોલના વેપારીઓના ધંધામાં પણ માઠી અસર પડી રહી છે.

ડબલ ટ્રેકની કામગીરીને કારણે થોડા સમય માટે પ્લેટફોર્મ નંબર ૨ અને ૩ પરથી અમદાવાદ જતી ટ્રેનો ઉપડે તો બરોબર છે. પંરતુ કાયમીના ધોરણે જો આ બન્ને પ્લેટફોર્મથી ટ્રેનો ઉપડે તો મુસાફરો અને વેપારીઓ માટે મુશ્કેલીરૂપ સાબીત થશે. તેથી આ મુશ્કેલીને ધ્યાનમાંલઈ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ રેલ્વે DRM શ્રી અનિલકુમાર જૈન સાહેબ, માનનીય સંસદસભ્યશ્રી મોહનભાઈ કુંડારીયાજી તથા શ્રી રામભાઈ મોકરીયાજી સમક્ષ અમદાવાદ જતી તમામ ટ્રેનો રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ ઉપરથી જ ફરીથી શરૂ કરવા રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા કે. કે. એસોસિએટ્સ ના સંયુકત ઉપક્રમે નિકાસકારો માટે "ગમે ત્યાંનિકાસ કરો અમે તમારૂ દેવું વસુલ કરીશું" વિષય પર માહિતી સભર અને સફળ સેમિનાર યોજવામાં આવેલ...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા કે. કે. એસોસીએટ્સ હૈદરાબાદનાં સંયુકત ઉપક્રમે તા.૨–૩–૨૦૨૩, ગુરૂવાર સાંજે ૬–૦૦ વાગ્યે, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી રોડ, રાજકોટ ખાતે"ગમે ત્યાં નિકાસ કરો અમે તમારૂ દેવું વસૂલ કરીશું" વિષય પર સેમીનાર યોજવામાં આવેલ. જેમાં અપેક્ષીત સંખ્યા કરતા બહોળી સંખ્યમાં નિકાસકારો ઉપસ્થિત રહેલ અને તમામને સંતોષકારક માર્ગદર્શન મળ્યાનો આનંદ વ્યકત કરેલ.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના માનદ્‌મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌને આવકારી જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા અવાર–નવાર વિવિધ સેકટરને લગતા સેમીનારો યોજવામાં આવે છે. ત્યારે નિકાસકારો માટે સૌથી ચિંતાનો વિષય એ હોય છે કે આંતરરાષ્ટ્રિયમાં નિકાસ દરમ્યાન પૈસાની ઉઘરાણી કેવી રીતે કરીશું આના કારણે ઘણાં લોકો એક્ષપોર્ટથી દુર રહેતા હોય છે. ત્યારે આ સમસ્યાને દુર કરવા અને નિકાસકરોના વેપારમાં વૃધ્ધિ થાય તે માટે આજના આ સેમીનારનું આયોજન કરેલ છે. જે ખુબ જ ઉપયોગી બની રહેશે.

સેમીનારમાં ખાસ ઉપસ્થિત કે કે એસોસીએટસ–હૈદ્રાબાદના શ્રી કમલ ખાંડેવાલએ રાજકોટ ચેમ્બર દ્વારા આ સેમીનારનું આયોજન કરવા બદલ આભાર વ્યકત કરતા જણાવેલ કે આંતરરાષ્ટ્રિયમાં કાનુની કાર્યવાહી તથા સફળતાપુર્વક નિકાસકારોના ભંડોળને પુનઃપ્રાપ્ત કરવા અમો મદદરૂપ થઈએ છીએ. જેમ કે વૈશ્વીક નિકાસ ડેટ રીકવરી સોલ્યુશન, ટ્રેડ ડિસ્પ્યુટ રીઝોલ્યુશન, આબ્રિટ્રેશન ગ્રાહક નાણાંકિય દેવુંસંગ્રહ, સાયબર લો કન્સલ્ટીંગ, આબ્રિટ્રેશનની પ્રોસિજર અને તેના કલોઝ, એગ્રીમેન્ટ, કોન્ટ્રાકટ ફોર્મેટ કઈ રીતે કરવું જેવા વિવિધ મુદાઓ પર પાવરપોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપવામાંઆવેલ. તેમજ ઉપસ્થિત નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે વિગતવાર પ્રત્યુતર આપેલ. સમગ્ર સેમીનારનું સંચાલન તથા ઉપસ્થિત નિકાસકારોનો રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ આભાર વ્યકત કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ સિવીલ હોસ્પિટલમાં"યેલો ફિવર વેકસીન" નો સ્ટોક તાત્કાલીક ઉપલબ્ધ કરાવવા કેન્દ્ર તથા રાજય સરકાર સમક્ષ રજૂઆત...

રાજકોટ ચેમ્બરના અથાગ પ્રયત્નોથી વર્ષ ૨૦૧૭ થી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે યેલો ફિવર વેકસીનેશન સેન્ટર શરૂ કરવામાંઆવેલ. રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારો પોતાના ધંધાર્થે તેમજ અન્ય પ્રવાસીઓને આફ્રિકાના દેશોમાંજવા માટે "યેલો ફિવર વેકસીનેશન" લેવુંફરજીયાત છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાંદર બુધવારે આ વેકસીન આપવામાંઆવે છે અને લોકોએ ટોકન લીધા હોવા છતા સ્ટોક ખલાશ થવાના કારણે બે થી ત્રણ અઠવાડીયા સુધી રાહ જોવી પડતી હોય છે પરંતુ હાલમાંછેલ્લા ઘણાંસમયથી રાજકોટ સિવિલમાં વેકસીનેશનનો સ્ટોક ઉપલબ્ધ ન હોવાથી લોકોને જામનગર સુધી જવુંપડે છે. જેથી તેઓને ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે અને સમય તથા આર્થીક નુકશાન પણ થઈ રહયુંછે. તેથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તાત્કાલીક યેલો ફિવર વેકસીનનો પુરતા પ્રમાણમાં સ્ટોક ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવા. સાથો સાથ રાજકોટ સિવિલ હોસ્પિટલના ટ્રોમાં સેન્ટરના ઓર્થોપેડીક વિભાગના ICU માંસરકારે સેન્ટ્રલી એ.સી.ની સુવિધા આપેલ હોય પણ તંત્રની જાળવણીના અભાવે ઘણાં સમયથી એ.સી. બંધ હોય દર્દીઓને ઘરેથી પંખા લાવી રાખવાની પરિસ્થિતી ઉભી થવા પામેલ છે. હાલ ગરમીનું પ્રમાણ વધતુ હોવાના કારણે દર્દીઓને ખુબ જ મુશ્કેલીનો સામનો કરી રહયા છે. હોસ્પિટલના ડોકટરોની ચેમ્બરમાં સતત એ.સી. ચાલુ હોય અને દર્દીઓ આવી ખરાબ પરિસ્થિતીમાં સારવાર લેતા હોય તે ખુબ જ આશ્ચર્ય જનક જણાય રહયુ છે. તો આ અંગે તાત્કાલીક યોગ્ય પગલા લેવા રાજકોટ ચેમ્બર દ્વારા મા.આરોગ્ય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા, ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા રાજકોટ સિવીલ હોસ્પીટલના ડીનશ્રી મુકેશભાઈ સામાણી સમક્ષ રજૂઆત કરવામાં આવેલ.

# રીન્યુએબલ એનર્જી માટે અલગ વિભાગની વ્યવસ્થા કરવા પી.જી.વી.સી.એલ.ના એમ.ડી. સમક્ષ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજૂઆત...

હાલમાં ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા રીન્યુએબલ એનર્જી માટે વિવિધ પ્રકારની સ્કીમોમાં MSME ને પ્રોત્સાહીત કરવા માટે સતત કામગીરી કરતી રહી છે. જેના અનુસંધાને મોટાભાગના MSME દ્વારા પોતાના માટે કેપ્ટીવ, થર્ડ પાર્ટી, રૂફ ટોપ સોલાર, વિન્ડ સોલાર હાઈબ્રીડની સ્કીમનો લાભ બહોળા પ્રમાણમાંલઈ રહયા છે ત્યારે ગુજરાત લેવલે અન્ય ડિસ્કોમની સાપેક્ષ વિજ ગ્રાહકોની સંખ્યા ખૂબ જ મોટી હોય.જે પૈકીના ઘણા ગ્રાહકો સરકારશ્રીને વિવિધ યોજનાઓનો લાભ લઈ રહયા હોય અને ત્યારે PGVCL માંમોટાપ્રકાણમાંઆ અંગે અરજીઓ થતી હોય છે.

હાલના સમયમાં વિજળીની જરૂરીયાત પહોંચી વળવા માટે આ ઉદ્યોગ ઉપર ભાર મુકવોએ ખુબ જ જરૂરી છે. તે આજની માંગ છે. આપના કાર્યક્ષેત્ર નીચે આવતા પી.જી.વી.સી.એલ. વિસ્તારના સોલાર, વિન્ડ હાઈબ્રીડના પ્લાન્ટ ધારકો તેમજ તેને લગતા તમામ બાબતોની કામગીરી સંભાળતા વિભાગ પાસે ખૂબજ ભારણના હિસાબે. હાલની રૂટીન કામગીરી જેવી કે નવું રજીસ્ટ્રેશન, સાઈટ સર્વે, કવોર્ટેશન, MOU, એગ્રીમેન્ટ, વિલીંગ એગ્રીમેન્ટ, મટીરીયલ મંજુરી તેમજ મિટર માટેના સીરીયલ નંબર મેળવવા. તથા ઓપન એકસેસના લગતા એગ્રીમેન્ટની કામગીરીમાં આશરે એકાદ વર્ષ જેટલો સમય જાય છે. તેમજ હયાત સોલાર વિન્ડ હાઈડ્રોના ચાલુ ગ્રાહકોના કનેકશનના રીડીંગનું વેરીફીકેશન સમયસર થતુ નથી. જેથી આ માટે વેપાર–ઉદ્યોગની આજની માંગને ધ્યાનમાં લઈને હાલ રીન્યુએબલ એનર્જીની કામગીરી માટે અલગ સેલ બનાવવાની જરૂરીયાત છે. સોલાર વિન્ડ હાઈબ્રીડ ના નવા પ્રોજેકટમાં હાલ ખૂબજ લેંઘી પ્રોસેસ અને સ્ટાફના અભાવના કારણે MSME ઉદ્યોગોને પોલીસીના લાભથી વંચિત રહી જાય છે. અને લોનમાં વ્યાજનું ભારણ ખૂબજ વધી જાય છે. અન્ય ડિસ્કોમમાં રીન્યુએબલ એનર્જી માટે અલગ સેલની વ્યવસ્થા છે. તો આ માટે અલગ વિભાગની વ્યવસ્થા કરવા રાજકોટ ચેમ્બર દ્વારા પી.જી.વી.સી.એલ.ના એમ.ડી. સમક્ષ રજુઆત કરવામાંઆવી.

## MSME ડિપાર્ટમેન્ટ દ્વારા રાજકોટ ખાતે એરોસ્પેસ અને ડિફેન્સ સેક્ટરમાં વેપારની વિપુલ તકો અંગે MSME મેગા કોન્કલેવના અયોજનની તૈયારી માટે અધિકારીઓ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાતે... આ MSME મેગા કોન્કલેવનો ખાસ લાભ લેવા ઉદ્યોગકારોને અનુરોધ...




ભારત સરકારના MSME ડિપાર્ટમેન્ટ અમદાવાદ દ્વારા આગામી તા.૨૪–૨–૨૦૨૩, શુક્રવારના રોજ સવારના ૧૦:૦૦ થી ૫:૦૦ સુધી, સયાજી હોટેલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે એરોસ્પેસ અને ડિફેન્સ સેકટરમાં વેપારની વિપુલ તકો અંગે MSME મેગા કોન્કલેવનું કેન્દ્ર સરકારના સ્ટેટ MSME મંત્રીશ્રી ભાનુપ્રતાપ સિંઘ વર્મા, MSME સેક્રેટરીશ્રી બી.બી. સ્વૈન તથા સંસદ સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા, શ્રી રામભાઈ મોકરીયાની ખાસ ઉપસ્થિતમાં આયોજન કરવામાં આવેલ છે.

આ MSME મેગા કોન્કલેવ અંતર્ગત ઈન્ડીયન નેવી, એરફોર્સ, બ્રાહમોસ એરોસ્પેસ તિરૂવંતપુરમ, નેશનલ એરોન્યુટીકસ લી., SAC ISRO તેમજ સિધ્ધી એન્જી દ્વારા ડિફેન્સ અને એરોસ્પેસમાંMSME સેકટરમાંરહેલ તકો અંગે પ્રેઝન્ટેશન આપી માહિતગાર કરશે. સાથો સાથ MSME-DFO, DIC, SIDBI, NSIC, SRI-NSIC VENTURE CAPITAL FUND LTD., GeM, TreDS, BSE SME દ્વારા નવા યુગના

ફાયનાન્સીયલ સોલ્યુશન અને માર્કેટીંગ તથા સરકારની વિવિધ યોજનાઓ અને પોલીસી અંગે પ્રેઝન્ટેશન આપી જાણકારી આપશે.

MSME મેગા કોન્કલેવની તૈયારીના ભાગરૂપે MSME અમદાવાદના જોઈન્ટ ડાયરેકટરશ્રી વિકાસ ગુપ્તા સાહેબ, MSME ડેપ્યુટી ડાયરેકટરશ્રી પી.એન. સોલંકી સાહેબ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદેદારોની મુલાકાત લઈ કાર્યક્રમ અંગે વિસ્તારપુર્વક ચર્ચા–વિચારણા કરવામાં આવેલ.

આ નિઃશુલ્ક MSME મેગા કોન્કલેવમાં મર્યાદીત સંખ્યા હોવાથી ભાગ લેવા માટે ફોન નં. ૦૨૮૧–૨૪૬૫૫૮૫ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ કોન્કલેવનો લાભ લેવા ઉદ્યોગકારોને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવે છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નોની વેસ્ટર્ન રેલ્વે મુંબઈના જનરલ મેનેજરશ્રી અશોક કુમાર મિશ્રા સમક્ષ રજૂઆત કરવામાંઆવી...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મુસાફરોને રેલ્વે અંતર્ગત પડતી મુશ્કેલીઓ તથા વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે આજરોજ રાજકોટ ખાતે પધારેલ વેસ્ટર્ન રેલ્વે મુંબઈના જનરલ મેનેજરશ્રી અશોક કુમાર મિશ્રા સમક્ષ નીચે મુજબના વિવિધ પ્રશ્નો ધ્યાને મુકી યોગ્ય નિરાકરણ લાવવા રજુઆત કરવામાં આવેલ છે.

(૧) રાજકોટ તથા સમગ્ર સૌરાષ્ટ્રના લોકોને સુવિધા મળી રહે તે માટે "વંદે ભારત ટ્રેન" રાજકોટ સુધી લંબાવવી.

(૨) સતાપ્દી ટ્રેનને રાજકોટ સુધી લંબાવવી.

(૩) રાજકોટ–સુરેન્દ્રનગર ડબલ ટ્રેક તથા ઈલેકટ્રીફીકેશનનું કામ ઝડપી પુર્ણ કરી રાજધાની એકસપ્રેસ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવી.

(૪) મુંબઈ સેન્ટ્રલ દુરન્તો એકસપ્રેસ ટ્રેનને બોરીવલી સ્ટેશન ખાતે હોલ્ટ આપવો.

(૫) રાજકોટથી મુંબઈ જતી તમામ ટ્રેનોને બોરીવલી સ્ટેશન ખાતે હોલ્ટ આપવો.

(૬) હરિદ્વારા મેઈલ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવી.

(૭) હમસફર એકસપ્રેસ ટ્રેનને ડેઈલી શરૂ કરવી.

(૮) નવજીવન એકસપ્રેસ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવી.

(૯) દ્વારકા અને અયોધ્યા અત્યંત ધાર્મિક અને ઐતીહાસીક મહત્વ ધરાવતા શહેરો હોય અને લાખો યાત્રીકો આ સ્થળની મુલાકાત લેતા હોય છે ત્યારે આ બન્ને શહેરો વચ્ચે ડાયરેકટ ટ્રેન ઉપલબ્ધ ન હોય ઓખા–ઓયોધ્યા–ઓખા વાયા મથુરા સપ્તાહમાં બે વખત ન્યુ સુપર ફાસ્ટ ટ્રેન શરૂ કરવા રજુઆત કરવામાં આવેલ છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme ની વ્યાજ સહાયની વર્તમાન મર્યાદા ૩% ને બદલે ૬% કરવા કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામન સમક્ષ રજુઆત કરવામાં આવી.

કેન્દ્ર સરકાર દ્વારા MSME ઉત્પાદક નિકાસકારો માટે નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme જાહેર કરવામાં આવેલ. જે અંતર્ગત નિકાસકારો દ્વારા કરવામાં આવેલ પ્રી અને પોસ્ટ શીપમેન્ટ નિકાસ માટે લેવાયેલ લોન અંતર્ગત વ્યાજ સહાય ચુકવવામાં આવે છે. અગાઉ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના અવીરત પ્રયાસ થકી આ સ્કિમની સમય મર્યાદા તા.૩૧–૩–૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.

પરંતુ હાલમાં જ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા જે રેપો રેટ વધારવામાં આવેલ છે તેના કારણે બેન્કની લોન ખુબ જ મોંઘી થઈ ગયેલ છે. જેના કારણે નિકાસકારોને અસહય મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો છે. તેમજ આર્થિક બોજાનું ભારણ વધી રહયું છે. જેથી નિકાસકારોની મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર **Interest Equalization Scheme** અંતર્ગત મળવાપાત્ર વ્યાજ સહાયની વર્તમાન મર્યાદા જે ૩% છે તેને વધારી ૬% કરવા કેન્દ્રીય નાણામંત્રીશ્રી નિર્મલા સિતારામનજી સમક્ષ આગ્રહ પુર્વક રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાની ખાસ ઉપસ્થિતીમાં "અમૃતકાલ બજેટ–૨૦૨૩" અંગે પરિસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ... જેમાંબહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો ઉપસ્થિત રહેલ...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાની ખાસ ઉપસ્થિતીમાં "અમૃતકાલ બજેટ–૨૦૨૩" અંગે પરિસંવાદ કાર્યક્રમનું તા.૧૨–૨–૨૦૨૩, રવિવારના રોજ સયાજી હોટલ, કાલવાડ રોડ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો અને વિવિધ એસોસીએશનના હોદ્દેદારો ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં શોભામાં અભિવૃદ્ધિ વધારાવા માનનીય સંસદસભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા, શ્રી રામભાઈ મોકરીયા, મેયરશ્રી ડો. પ્રદિપભાઈ ડવ, ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, શ્રી ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ તથા ગૌસેવા આયોગના પુર્વ ચેરમેનશ્રી વલ્લભભાઈ કથીરીયા ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆતમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદ્દેદારો તથા અન્ય સહયોગી સંસ્થાના પ્રમુખો દ્વારા કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાનું બુકે તથા મોમેન્ટો અર્પી સન્માન કરવામાં આવેલ.

રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સ્વાગત પ્રવચન આપતા જણાવતા કે હાલમાં જ કેન્દ્રીયમંત્રી શ્રીમતી નિર્મલા સિતારામનજીએ અમૃતકાલનું પ્રથમ અને પાંચમુ બજેટ રજુ કરેલ. આજરોજ કેન્દ્રના આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાનું બજેટ અંગે પરિસંવાદ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેવા બદલ આભાર સહ તથા આનંદની લાગણી વ્યકત કરેલ. તેમજ અમૃતકાલનું આ પ્રથમ બજેટ દેશના અર્થતંત્રને ૧૦૦% આગળ ધપાવશે તેમજ આ બજેટથી નાના થી માંડી મોટા તમામ વર્ગને ફાયદો થશે. સાથો સાથ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિઝનને સાર્થક કરવા માટે ઉદ્યોગ જગતનો વિકાસ કરવો પડશે તેવું આહવાન કરેલ. ભારત દેશને જી–૨૦ની અધ્યક્ષતા પ્રાપ્ત થયેલ છે ત્યારે આપણા માટે ગૌરવની વાત કહેવાય અને આવનારા સમયમાં ભારત દેશ વિશ્વની મહાસતા પ્રાપ્ત કરે તે માટે કદમ સે કદમ મિલાવી સૌપ્રયાસ કરીશું. તેમજ કોરોનાની કપરી પરિસ્થિતીમાં દેશની જનતાને મહામારીમાંથી ઉજાગર કરવા અને સુરક્ષીત–સલામત રહે તે માટે આત્મનિર્ભર બની કોરોનાની વેકશીન ભારતમાંજ બનાવી દેશની ૧૩૦ કરોડની જનતાને વેકશીનના ડોઝ આપી વિશ્વમાં પોતાની આગવી છાપ ઉભી કરી છે અને ૧૫૦ થી વધારે અન્ય દેશોને પણ આપણી વેકશીન આપી મદદરૂપ બનેલ છે.

વધુમાં પ્રમુખશ્રી વી.પી.વૈશ્ણવએ જણાવ્યું કે આજ રોજ સરકાર આપણે આંગણે હોય અને કેન્દ્રના આરોગ્ય મંત્રીશ્રી ઉપસ્થિત રહયા હોય ત્યારે મહાજન તરીકે આપણી વેપાર–ઉદ્યોગકારોની માંગણી મુકવી જ પડે ત્યારે રાજકોટ ચેમ્બરની વર્ષોની માંગણી પેન્ડીંગ હોય ESIC પાસે જગ્યા ઉપલબ્ધ છે તો ESIC ની કોર્પોરેટ સબ રીજીઓનલ ઓફિસ તાત્કાલીક શરૂ કરવી જેથી રાજકોટ–સૌરાષ્ટ્રના કામદારોને અમદાવાદ સુધી ધકકા ન ખાવા પડે અને નાણાં તથા સમયનો વ્યય ન થાય. સાથો સાથ ESIC ની હાલની હોસ્પિટલ મૃતપાય હાલત તેમજ અસુવિધાયુકત અને માત્ર ૫૦ બેડની જ હોય રાજકોટ ખાતે ૨૦૦ બેડ સાથેની તમામ સુવિધાયુકત મોડર્ન હોસ્પિટલ તાત્કાલીક બનાવવા માંગણી મુકવામાં આવેલ.

કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાએ સૌરાષ્ટ્રની રાજધાની રાજકોટમાંઆજે બજેટ અંગે પરિસંવાદનું આયોજન કરવા બદલ આભાર તથા બહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા તે બદલ આનંદની લાગણી વ્યકત કરતા જણાવેલ કે જયારે GST કાયદાનું અમલીકરણની તૈયારી થઈ રહી હતી ત્યારે રાજકોટ ખાતે ૩ દિવસ રોકાઈ વેપાર–ઉદ્યોગના વિવિધ એસોસીએશનો સાથે મિટીંગો કરી તેઓના સુચનો જાણી કેન્દ્ર સરકાર સમક્ષ રજુ કરી નિરાકરણ લાવવા પ્રયાસ કરેલ. તેમજ ૨૦૧૪ થી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશની કમાન સંભાળી ત્યારથી આજ સુધીમાં દેશની તસ્વીર બદલી નાખી છે અને આજે વિશ્વ આખું ભારત દેશની પ્રસંશા કરી રહયુંછે અને વિશ્વમાં આજે અર્થતંત્રમાં ૫ માં સ્થાને પહોંચી ગયું છે. ભારત દેશ ૭૫ મું આઝાદી કા અમૃત મહત્સવ ઉજવી રહ્યુ હોય ત્યારે લાંબા ગાળાના વિકાસને ધ્યાનમાં રાખી અમૃતકાલનુંઆ બજેટ રજુ કરવામાંઆવ્યુંછે અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરશે. તેમજ દેશને એક ડેવલોપમેન્ટ

કન્ટ્રી બનાવશે. દેશના વિકાસને આગળ ધપાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રકચરને વધુ મજબુત બનાવવા પ્રાધાન્ય આપેલ છે. સ્વચ્છ, સમૃદ્ધ રાષ્ટ્ર માટે આરોગ્યક્ષેત્રે દેશ સક્ષમ બની ગયુંછે. બજેટ અંગે વધુ માહિત આપતા આ બજેટમાંનાગરીકો ખાસ કરીને યુવાનોની આકાંક્ષાઓ પરીપુર્ણ કરવા માટે પુરતી તકો અપાયેલ છે. વૃદ્ધિ અને રોજગાર સર્જન માટે પ્રોત્સાહન મળશે. મજબુત અને સ્થિર અર્થતંત્ર બનશે. આત્મનિર્ભર ભારતને વધુ આગળ ધપાવવા "વન ડિસ્ટ્રીક વન પ્રોડકટ" અંગે MSME ને પ્રોત્સાહન મળશે. તેમજ આ બજેટમાં૭ પ્રાથમીકતાઓ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરાયેલ છે જેમાંસમાવેશી વિકાસ, છેવાડા સુધીની પહોંચ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને રોકાણ, ક્ષમતાનો સંપુર્ણ ઉપયોગ, ગ્રીન ગ્રોથ, યુવા શકિત અને નાણાંકીય ક્ષેત્ર. તેમજ મધ્યવર્ગને સક્ષમ બનાવવા માટે ૭ લાખ સુધી ઈન્કમટેક્ષમાંરાહત આપવામાંઆવી છે. બજેટ અંગેની વિવિધ યોજનાઓ જેવી કે કૃષિ અને સહકારી, શિક્ષણ અને કૌશલ્ય, નાણાંકીય વ્યવસ્થાન, કર દરખાસ્તો, ઉદ્યોગ માટે કર લાભોનું સરળીકરણ, ચોકકસ મંત્રાલયો માટે ફાળવણી, ફાર્માસ્યુટીકલ ઉદ્યોગનો વિકાસ, જલ જીવન મિશન, એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ્સ, પ્રધાનમંત્રી આવાસ યોજના, EVs ઝડપી ઉત્પાદન અને વેચાણ માટેની યોજના (FAME), નોર્થ ઈસ્ટ સ્પેશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ સ્કીમ વિગેરે બાબતો પર વિસ્તૃત છણાવટ કરેલ.

વધુમાં કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાએ રાજકોટ ચેમ્બર દ્વારા ESIC ની સબ રીજીઓનલ ઓફિસ તથા ૨૦૦ બેડની મોડર્ન હોસ્પિટલ બનાવવા રજુઆત કરેલ તેને ખાસ લક્ષમાં લઈ આ અંગે તાત્કાલીક યોગ્ય કરવા ખાત્રી આપી હકારાત્મક અભિગમ દાખવેલ છે તેમજ એક કદમ વધારે આગળ વધારી આત્મનિર્ભર ભારત યોજના અંતર્ગત ESIC ની જગ્યામા રાજકોટ ખાતે મેડિકલ કોલેજ ફાળવવા અંગે ઘટતું કરવામાં આવશે. આમ રાજકોટ ચેમ્બરની વર્ષો જુની માંગણીનો સ્વીકાર થતા સમગ્ર લોકોમા હર્ષની લાગણી છવાયેલ છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત વેપાર–ઉદ્યોગકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાએ સંતોષકારક પ્રત્યુતર આપેલ. ત્યાર બાદ આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો તથા વેપાર–ઉદ્યોગકારોનો માનનીય ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાએ આભારની લાગણી વ્યકત કરેલ. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, રાજકોટ એન્જીનિયરીંગ એસોસીએશન, શાપર–વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, હડમતાળા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, લોઠડા–પિપલાણા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, લોધીકા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, આજી જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, સૌરાષ્ટ્ર–કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, રાજકોટ બિલ્ડર્સ એસોસીએશન, લઘુ ઉદ્યોગ ભારતી, રાજકોટ બ્રાન્ચ ઓફ WIRC OF ICAI, રાજકોટ ટેક્ષ કન્સલટન્ટ સોસાયટીએ જહેમત ઉઠાવેલ હતી.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના બજેટ અંતર્ગત પાણી વેરામાંકરાયેલ ત્રણ ગણાનો વધારો તથા અન્ય તમામ ચાર્જીસ અંગે ફેર વિચારણા કરવા માનનીય મેયરશ્રી, કમિશ્નરશ્રી તથા સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી સમક્ષ રજુઆત...

રાજકોટ મહાનગરપાલિકાનુંવર્ષ ૨૦૨૩–૨૪ નુંબજેટ રજુ કરવામાંઆવેલ. આ બજેટમાંરાજકોટના શહેરી વિકાસને વેગ આપવા માટે વિવિધ જોગવાઈઓ માટે બજેટ ફાળવવામાંઆવેલ છે. જે આવકારદાયક છે. પરંતુ આ બજેટમાંજે વિવિધ ટેક્ષમાંવધારો કરવામાંદરખાસ્ત કરેલ છે. જે સામાન્ય જનતા અને કોમર્શીયલ ધંધા સાથે સંકળાયેલ દરેક ધંધાર્થી માટે ખૂબ જ અસહય અને આ મોંઘવારીના સમયમાંપડયા ઉપર પાટુ સમાન છે. આ બજેટમાંપાણીવેરો ૩ ગણો, ગાર્બેજ વેરો ૨ ગણો, કોમર્શીલ મિલકત વેરામાંપ્રતિ ચો.ફુટ રૂા.૩ નો વધારો તેમજ એન્વાયરમેન્ટ ચાર્જ કુલ વેરાબીલના ૮% જેટલો વસુલવા માટે બજેટમાંજોગવાઈ કરેલ છે. જે અંતર્ગત સામાન્ય જનતા અને નાના કોમર્શિયલ ધંધાર્થીઓ માટે અયોગ્ય જણાય રહયું છે.

હાલની વધતી જતી મોંઘવારી અને આર્થિક મંદીની વચ્ચે આવા ત્રણ ગણા પાણી વેરા વધારાથી વેપાર–ઉદ્યોગકારો તથા આમ જનતાને ખુબ જ મુશ્કેલી તથા આર્થિક બોજાનુંભારણ સહન કરવું પડશે.

**રાજય સરકારની "સૌની યોજના" અંતર્ગત હર ઘર પાણી તમામ લોકોને મળી રહે તે શુભ આશય સાથે કાર્યરત છે જ તો આવો અસહ્ય ભાવ વધારો શા માટે ?**

આ જોગવાઈ કરેલ બજેટમાંરાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નીચે મુજબના સૂચનો ધ્યાને લઈ પ્રજાને રાહત આપવા અનુરોધ કરાયેલ છે.

(૧) પાણીવેરો ત્રણ ગણા ને બદલે જે છે તે ચાલુ રાખવો અથવા દોઢ ગણો કરવો.

(૨) મિલકત વેરોમાં પ્રતિ ચો.ફુટ રૂા.૩ ને બદલે રૂા.૨ કરવા.

(૩) ગાર્બેજ વેરો બે ગણાને બદલે જે છે તે ચાલુ રાખવો અથવા દોઢ ગણો કરવો.

(૪) કુલ વેરા બીલનાં ૮% એન્વાયરમેન્ટ ટેક્ષ છે જે માટે ખરેખર ફેરવિચારણા કરવાની જરૂર છે અને તે ખરેખર એક શેષ હોઈ કુલ બીલના ૨ થી ૩ ટકા થી વધારે ન લેવો જોઈએ. એવો પ્રજાહિતમાં નિર્ણય કરવામાં આવે તેવી અમારી અપેક્ષા છે.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઉપરોકત રજૂઆત ખાસ ધ્યાને લઈ વેપાર–ઉદ્યોગકારો તેમજ આમ જનતાના હિતમાં નિર્ણય લઈ કમિટિ દ્વારા તમામ વેરા વધારા માટે ફેર વિચારણા કરી યોગ્ય નિર્ણય કરવા રાજકોટ મહાનગરપાલિકાના મેયરશ્રી ડો. પ્રદિપભાઈ ડવ, કમિશ્નરશ્રી અમિત અરોરા સાહેબ તથા સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયમાં જંત્રીનુ ંઅમલીકરણ તથા ભાવ વધારા અંગે ફેર વિચારણા કરવા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રજુઆત...

રાજય સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાત રાજયમાં જંત્રીના ભાવ લગભગ બમણા કરવાની જાહેરાત કરાયેલ અને તેનો તાત્કાલીક અમલ કરવા હુકમ કરવામાં આવેલ છે. આ નિર્ણય જંત્રીનો ભાવ વધારો યોગ્ય કહી શકાય. કારણ કે, છેલ્લા ૧૨ વર્ષથી સરકાર દ્વારા જંત્રીનો ભાવ વધારો કરેલ નથી પણ ભાવ બમણા કરવાને બદલે ૨૦% આસપાસ કરવો વ્યાજબી ગણી શકાય તેમજ આ ભાવ વધારાના દરનો અમલીકરણ તાત્કાલીક કરવાને બદલે નવા વર્ષથી કરવામાંઆવે તેવી અમારી માંગણી છે.

રાજયમાં જંત્રીના બમણા ભાવ વધારાને કારણે સમગ્ર રાજયના વેપાર—ઉદ્યોગકારો તથા આમ જનતાને ખુબ જ હાલાકી પડી શકે તેમ છે. તેમજ જે લોકો નવા સ્ટાર્ટઅપની શરૂઆત કરી રહ્યા હોય તેઓને પણ ઔદ્યોગીક એકમો સ્થાપવામાંખુબ જ મુશ્કેલી પડી શકે તેમ છે. સાથો સાથ "ઘર નુંઘર" સપનું જોતા સામાન્ય લોકોને આટલા મોટા વધારાનો બોજ હાલની વધતી જતી મોંઘવારી વચ્ચે સહન કરવો અઘરો સાબીત થઈ શકે તેમ છે. તેમજ આ બમણા ભાવ વધારાથી વેપાર—ઉદ્યોગ તથા આમ પ્રજાને પ્રોપર્ટી ટેક્ષમાંપણ વધારાનો માર સહન કરવો પડશે. આમ ગુજરાત સરકારનું આ પગલું સુધારા વધારા સાથે ભાવના દરમાં ઘટાડા સાથે કરવામાં આવે, તો તે સારી વાત ગણી શકાય. તેમજ પુરતો સમય આપવામાં આવે જેથી પાઈપલાઈનમાંરહેલ સોદાઓમાં મુશ્કેલીઓ ન પડે અને આમ પ્રજાને ખોટી કનડગત ન થાય. સાથો સાથ નવી જુની શરતના બીન ખેતીના પ્રિમીયમમાં પણ ૫૦% નો ઘટાડો કરવો જરૂરી છે. તેવુંલોક મુખે ચર્ચાઈ રહયું છે. તેથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપાર—ઉદ્યોગકારો તથા આમ પ્રજાના હિતમાં નિર્ણય લઈ સમગ્ર રાજયમાં જંત્રીના બમણા ભાવ અંગે ફેર વિચારણા કરવા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના માનનીય કેબીનેટ મંત્રીશ્રીમતી ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતીમાં સભ્યપરીવારનું સ્નેહમિલન, સંગીત સંઘ્યા, ભોજન સમારંભ તથા સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવેલ...



વેપાર–ઉદ્યોગનુંપ્રતિનિધિત્વ કરતી ૬૯ વર્ષ જુની વરિઠ મહાજન સંસ્થા "રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી" ના વિશાળ સભ્ય પરીવારનું સ્નેહમિલન, સંગીત સંધ્યા, ભોજન સમારંભ તથા સન્માન સમારોહનુંતા.૨૨–૧–૨૦૨૩, રવિવારના રોજ ભવ્ય આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શોભામાં અભિવૃદ્ધિ વધારવા મુખ્યમહેમાન તરીકે ગુજરાત રાજયના માનનીય કેબીનેટ મંત્રીશ્રીમતી ભાનુબેન બારીયા, સંસદ સભ્યશ્રી રામભાઈ મોકરીયા, મેયરશ્રીડો. પ્રદિપભાઈ ડવ, ધારાસભ્યશ્રીમતી ડો.દર્શિતાબેન શાહ, ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ડો. ભરતભાઈ બોઘરા, ગૌસેવા આયોગના પુર્વ ચેરમેનશ્રી વલ્લભભાઈ કથીરીયા, કસ્ટમ્સ એડીશનલ કમિશનરશ્રી મનિષકુમાર ચાવડા, SGST જોઈન્ટ કમિશનરશ્રી રિધેશભાઈ રાવલ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી કે.વી. મોરી, ચેમ્બરના પુર્વ પ્રમુખશ્રીઓ, વિવિધ સમાજના પ્રમુખશ્રીઓ, તેમજ સૌરાષ્ટ્રની ચેમ્બરો અને એસોસીએશનના હોદેદારો તેમજ બહોળી સંખ્યમાં સભ્ય પરીવારો ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમના પ્રારંભે રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સર્વે ઉપસ્થિત મહાનુભાવો તથા સભ્ય પરિવારનું હાર્દિક સ્વાગત કરી રાજકોટ ચેમ્બર વેપાર–ઉદ્યોગના પ્રશ્નોને વાચા આપવા માટે હંમેશા કટીબધ્ધ છે. તેમજ આપ સૌના સાથ અને સહકાર થકી અમો સતત કાર્યશીલ છીએ તે બદલ આભાર વ્યકત કરી સહદય સૌનુંસ્વાગત કરેલ.

ગુજરાત રાજયના માનનીય કેબીનેટ મંત્રીશ્રીમતી ભાનુબેન બાબરીયાનું રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા અને માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ બુક તથા મોમેન્ટો અર્પીને સન્માન કરેલ તેમજ અન્ય મહાનુભાવોનુંપણ બુક તથા મોમેન્ટો અર્પીને સન્માન કરવામાં આવેલ.

રાજકોટ ચેમ્બર દ્વારા અત્યાધુનીક અને સંપુર્ણ માહિતી સાથેની નવી એપ્લીકેશન ગુજરાત રાજયના કેબીનેટમંત્રીશ્રીમતી ભાનુબેન બાબરીયા, પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા અન્ય મહાનુભાવોના વરદ હસ્તે લોન્ચીંગ કરવામાં આવેલ. તેમજ વેપાર–ઉદ્યોગ જગતના નામાંકીત ઉદ્યોગકાર અને શેરબજારમાં ટુંકા સમયમાં લીસ્ટ થઈ ખુબ જ સારી માર્કેટ કેપ હાંસલ કરનાર કંપનીઓ મે.રોલેક્ષ રીંગ્સ લીમીટેડ, બોમ્બે સુપર હાઈબ્રીડસ લીમીટેડ અને મારૂતી ઈન્ટીરીયર પ્રોડકટસ લીમીટેડનુંમોમેન્ટો અર્પી સન્માન કરવામાં આવેલ.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ઉદ્બોધન કરતા જણાવેલ કે રાજકોટ ચેમ્બરના સ્નેહમિલન કાર્યક્રમમાં આમંત્રણને માન આપી ઉપસ્થિતી સૌમહાનુભાવો પ્રત્યે આનંદની લાગણી વ્યકત કરેલ. રાજકોટ ચેમ્બર છેલ્લા ૬૯ વર્ષથી વેપાર–ઉદ્યોગ જગતના વિકાસ માટે કાર્યરત છે. તેમજ તેઓના નાના મોટા પ્રશ્નોને કેન્દ્ર તથા રાજય સરકારમાં રજુ કરી નિરાકરણ લાવવા માટે હંમેશા અગ્રેસર રહે છે. વેપાર–ઉદ્યોગોના પ્રશ્નો હોય કે રાજકોટના વિકાસને લગતી કોઈપણ જરૂરીયાત હોય તેની રજુઆત કરી એક બ્રીજ તરીકે કામ કરી રહી છે. જેના ફળસ્વરૂપે રાજકોટ ખાતે નવુંગ્રીન ફીલ્ડ એરપોર્ટ અને એઈમ્સ હોસ્પીટલ પ્રાપ્ત કરેલ છે. સાથો સાથ નવી જીઆઈડીસી, અન્ય રાજયોમાં જવા માટે ૧૩ જેટલી ફલાઈટોની કનેકટીવીટી ઉપરાંત તાજેતરમાં ઉદેપુરની ફલાઈટ રાજકોટ ચેમ્બરની રજુઆતથી શરૂ થઈ છે. રાજકોટ ચેમ્બર તમામ એસોસીએશનોને સાથે રાખીને કામ કરી રહી છે. MSME ક્ષેત્રે રાજકોટ અવ્વલ નંબરે રહ્યુ છે. ત્યારે આવનારા દિવસોમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમી વધારવાનું વિઝન છે તેમાંસુર પુરાવી તે વિઝન પુરૂંપાડવા પ્રયાસ કરાશે. સ્વાભાવીક છે કે વિકાસશીલ રાજયમાં પ્રશ્નો વધુ હોય અને સરકાર પાસે વેપાર–ઉદ્યોગની અપેક્ષા વધારે હોય છે ત્યારે રાજકોટ ચેમ્બર દ્વારા સરકારશ્રી સમક્ષ ૨૧ જેટલા વિવિધ પ્રશ્નો ધ્યાને મુકેલ છે. જેનું સત્વરે નિરાકરણ થાય તે માટે રજુઆત કરાયેલ છે. GST કાઉન્સીલની મિટીંગ દર ત્રણ મહીને મળતી હોય છે. તો GST માંનાના મોટી ઘણી વિસંગતતાઓ છે તો તે માટે GST સંકલન સમીતીની રચના કરવી અને તેમાં રાજયની લીડીંગ ચેમ્બરોને પ્રતિનિધિત્વ આપવું. જેથી કરીને પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવી શકાય. PGVCL ને લગતા ઘણાં પ્રશ્નો છે જેના માટે આગમી ટુંક સમયમાં એક ઓપન હાઉસ યોજી ઉકેલ લાવવા પ્રયાસ કરાશે. સાથો સાથ ટુંક સમયમાં ઔદ્યોગીક એકમોના વિવિધ પેન્ડીંગ પ્રશ્નો અંગે ગુજરાત સરકારના નેજા હેઠળ રાજકોટ ખાતે એક ઓપન હાઉસ યોજીશું તેમ જણાવેલ.

રાજય સભાના સંસદસભ્યશ્રી રામભાઈ મોકરીયાએ જણાવેલ કે વેપાર–ઉદ્યોગના પ્રશ્નોનો ઉકેલ લાવવા જે રજુઆતો કરાયેલ છે તે તેમનો હકક છે. ત્યારે જે જે પ્રશ્નો રજુ કરાયેલ છે તેનું યોગ્ય અને સચોટ નિરાકરણ લાવવા માટે ખાત્રી આપેલ છે. સાથો સાથ દેશનો વિકાસ કરવો હોય તો ઉદ્યોગ જગતનો વિકાસ થવો જોઈએ એ

માટે અમો સતત પ્રયત્નશીલ રહીશું.

કાર્યક્રમના મુખ્ય મહેમાન ગુજરાત રાજયના કેબીનેટ મંત્રીશ્રીમતી ભાનુબેન બાબરીયાએ રાજકોટ ચેમ્બરના સ્નેહમિલન કાર્યક્રમાં હાજરી આપવા આમંત્રણ આપેલ તે બદલ સહદય અભાર વ્યકત કરતા જણાવેલ કે ગુજરાતના વિકાસમાં વેપાર–ઉદ્યોગનો મહત્વનો સિંહ ફાળો રહયો છે. રાજકોટ જેમ એન્જીનીયરીંગનું હબ છે એમ મોરબીનો સીરામીક ઉદ્યોગ અને જેતપુરનો સાડી ઉદ્યોગ દેશભરમાં જાણીતો છે. રાજકોટનો ઔદ્યોગીક વિસ્તાર વિશ્વફલક પર વિસ્તરી રહ્યુ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસને એક રોલ મોડેલ બનાવ્યું છે. અને સમગ્ર દેશમાં ગુજરાત રાજય આજે નંબર વન રાજય તરીકે ઉભરી આવ્યું છે. રાજકોટ ચેમ્બરના માધ્યમથી વેપાર–ઉદ્યોગના જે વણઉકેલ પ્રશ્નો છે તેનો ઉકેલ લાવવા પ્રયાસ કરીશુંઅને રાજકોટના વિકાસ માટે કયારેય પાછી પાની નહી કરાય તેની ખાત્રી આપેલ.

કાર્યક્રમના અંતે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત સૌમહાનુભાવો, સરકારી અધિકારીઓ, સભ્ય પરિવાર, પ્રેસ મિડીયા તથા વિવિધ ચેમ્બરો અને એસોસીએશનોના હોદેદારો હાજરી આપવા બદલ આભારની લાગણી વ્યકત કરેલ. તેમજ તમામ કારોબારી સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજુઆત... ખીરસરા જીઆઈડીસી માટે બીજા ડ્રોનું આયોજન કરવામાં આવશે...

રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ હજારોની સંખ્યામાં ઔદ્યોગીક એકમો સ્થપાયેલ હોય ત્યારે રાજકોટ તથા આસપાસના વિસ્તારના ઔદ્યોગીક એકમોનો વધુ વિકાસ થાય તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરકારશ્રી સમક્ષ રજુઆતો કરી રાજકોટના ખીરસરા ગામ ખાતે નવી જીઆઈડીસી શરૂ કરાવેલ હતી.

જેમાં અગાઉ પ્રથમ ડ્રો માં અરજદારોને પ્લોટની ફાળવણી થયેલ ન હોય અને બાકી રહી ગયેલ હોય તેઓને તાત્કાલીક પ્લોટની ફાળવણી કરવા માટે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્વણ દ્વારા અવાર–નવાર રાજયના મુખ્યમંત્રીશ્રી તથા ઉદ્યોગ કમિશ્નરશ્રી રાહુલ ગુપ્તા સાહેબને લેખિત તથા રૂબરૂ મળી રજુઆતો કરવામાં આવેલ હતી. જેના ફળસ્વરૂપે રાજકોટ ચેમ્બરની માંગણીનો સ્વીકાર થયેલ છે અને ખીરસરા જીઆઈડીસી માટે આશરે ૫૫૦ આસપાસ અરજદારોની અરજીઓ માટે બીજા ડ્રો નું તા.૩–૧–૨૦૨૩ ના રોજ ગાંધીનગર ખાતે માનનીય ઉદ્યોગમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં આયોજન કરવામા આવેલ હતું. આમ રાજકોટના ઔદ્યોગીક એકમોને વધુ વેગ મળશે તથા દેશ અને રાજયના અર્થતંત્રને વધુ ઉંચાઈએ લઈ જવામાં સહભાગી બનશે. આથી રાજકોટ ચેમ્બરની માંગણીનો સ્વીકાર કરવા બદલ રાજકોટ ચેમ્બર સરકારશ્રીનો આભાર વ્યકત કરે છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજ્યના નાણામંત્રીશ્રીને GST અંગેના સુચનો રજુ કરવામાં આવેલ...

જયારથી GST કાયદાનુંઅમલ થયું છે ત્યારથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપાર–ઉદ્યોગકારોને GST અંતર્ગત પડતી મુશ્કેલીઓ અને તેના નિરાકરણ લાવવા માટે કેન્દ્ર તથા રાજય સરકાર સમક્ષ રજુઆતો કરવામાંઆવેલ છે અને મહદઅંશે ઘણા પ્રશ્નોનો ઉકેલ પણ આવેલ છે. ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજયના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સમક્ષ GST અંગેના વિવિધ સુચનો ધ્યાને મુકી યોગ્ય નિરાકરણ લાવવા રજુઆત કરાયેલ છે.

(૧) સમગ્ર GST પ્રક્રિયામાં ઘણા બધા વેચનાર અને લેનાર સંકળાયેલ હોય છે. આ સમગ્ર પ્રક્રિયામાં વચ્ચેના કોઈ તબકકે કોઈ જાતની ગેર રીતી આચરવામા આવે તો છેલ્લો વ્યવહાર કરનાર વ્યકિતએ ભોગ બનવુંપડે છે કે જેને નિયમોનુસાર મળવાપાત્ર ITC મેળવેલ હોવા છતા તેને રીવર્સ કરવાની ફરજ પાડવામાં આવે છે. પ્રક્રિયામાં દર્શાવેલ સદર ક્ષતીના નિવારણ અર્થે ટેક્ષ પેયર દ્વારા કેવા સલામતી ભર્યા પગલા લેવા જરૂરી છે તે સબબ રજુઆત કરવામાં આવે છે. GST એકટમાં ટેક્ષ પેયરની સલામતી માટે યોગ્ય અને ચુસ્ત પ્રાવધાન કરવા જરૂરી છે.

(૨) રીટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ રવિવાર આવતો હોય તો એક દિવસનો વધારો આપવો. તેમજ કોઈપણ ITC 2A માંચેક કર્યા પછી ક્રેડીટ લીધેલ હોય અને જો સામે વાળી પાર્ટીનો જીએસટી નંબર જુની તારીખથી રદ થાય તો ક્રેડીટ લેનાર ભરવાપાત્ર થવો ન જોઈએ અને સરકારે રદ થયેલ જીએસટી નંબરવાળી પાર્ટી પાસેથી ઉઘરાણુંકરવુંજોઈએ.

(૩) ITC પ્રાપ્તી તથા અન્ય નિયમો મુજબ ફાઈલ કરવાપાત્ર GSTR-1 ની પ્રવર્તમાન મર્યાદા જે તે માસની ૧૧ મી તારીખ નકિક કરવામાંઆવે છે. સરકારશ્રીને કોઈ નાણાંકીય નુકશાન જતુંન હોવાને કારણે સદર તારીખ ૧૧ ને બદલે ૧૯ રાખવી.

(૪) વેચાણકર્તા દ્વારા કરવામાંઆવેલ કોઈ વ્યવહાર મીસમેચ થતો હોય તો તેને દુર કરવા ૯૦ દિવસનો સમય આપવો.

(૫) GST પ્રક્રિયાના પ્રારંભીક પાંચ માસ દરમ્યાન ઘણી ભુલો જોવા મળેલ. સમગ્ર પ્રક્રિયામાંજરૂરી સુધારા દાખવી બીન જરૂરી નોટીસ પાઠવવાની પ્રથા અટકાવવી.

(૬) રદ કરાયેલ રજીસ્ટ્રેશન નંબર રીર્ટન ફાઈલ થયે સ્વંય ચાલુ થવા જોઈએ.

(૭) GSTR-10 રીટર્ન ફાઈલમાંવસુલાતી લેઈટ ફીમાં ઘટાડો કરવો.

(૮) GSTR-9 વધારે સરળ બને ઉપયોગી બનાવવું.

(૯) ITC પ્રાપ્તી અર્થે સેકશન ૧૬(૪) માંવધારે રાહત આપવી.

(૧૦) E-Invoice જનરેટ થયા બાદ GEPP પોર્ટલ ઉપર ૩ દિવસ બાદ જોવા મળે છે. પરંતુ તે સમયે ઈન્વોઈસની પ્રિન્ટ મળતી નથી. આ ટેકનીકલ ક્ષતી દુર કરવી.

(૧૧) GST રજીસ્ટ્રેશન માટેની અરજી અંગે યોગ્ય SOP જારી કરવો.

(૧૨) જોખમી નિકાસકારોને ટેગ કરવાની પ્રથા સુધારીને વાસ્તવીક ગુનેગારો સામે કાર્યવાહી થવી જોઈએ.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા RBI ના "Trade Receivables Discounting System (TReDS)" ઓનલાઈન પ્લેટફોર્મ અંગેની જાણકારી માટે સેમીનાર યોજવામાં આવ્યો...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા.૮–૧૧–૨૦૨૨ ના રોજ MSME સેકટરને મળવાપાત્ર લાભો તથા બીલ ડિસ્કાઉન્ટ મેળવવામાંસરળતા રહે તે માટે RBI ના Trade Receivables Discounting System (TReDS) ઓનલાઈન પ્લેટફોર્મની સંપુર્ણ જાણકારી અર્થે સેમીનાર યોજવામાં આવેલ જેમાં. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા–અમદાવાદના આસીસ્ટન્ટ જનરલ મેનેજરશ્રી યશરાજ વૈષ્ણવ, આસીસ્ટન્ટ મેનેજરશ્રી અનિકેત ભોયે તથા M1 એક્ષ્ચેન્જ–મુંબઈના સીનીયર વાઈસ પ્રેસીડેન્ટ શ્રી તુષાર બુચ ઉપસ્થિત રહેલ.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ઉપસ્થિત અધિકારીશ્રીઓ તથા ઉદ્યોગકારોને આવકારેલ. તેમજ સરકાર દ્વારા MSME એકમોને ખુબ જ પ્રોત્સાહીત કરવામાંઆવી રહયા છે અને તેઓના વિકાસમાં વૃદ્ધિ થાય તે માટે ઘણી સ્કિમો–રાહત પેકેજો પણ અમલમાં મુકેલ છે. ત્યારે MSME

સેકટોરોને મળવાપાત્ર લાભોથી તેઓ વંચીત ન રહે અને સંપુર્ણ જાણકારી મળી રહે તે માટે આજરોજ આ સેમીનાર યોજેલ છે. જે ખુબ જ ઉપયોગી બની રહેશે.

સેમીનારમાં ખાસ ઉપસ્થિત રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા–અમદાવાદના આસીસ્ટન્ટ જનરલ મેનેજરશ્રી યશરાજ વૈષ્ણવએ આજનો આ સેમીનાર યોજવા બદલ રાજકોટ ચેમ્બર પ્રત્યે આભાર વ્યકત કરેલ. તેમજ સરકાર દ્વારા MSME એકમો માટેના લાભો અને બીલ ડિસ્કાઉન્ટ મેળવવામાંસરળતા રહે તે માટે RBI દ્વારા શરૂ કરાયેલ Trade Receivables Discounting System (TReDS) ઓનલાઈન પ્લેટફોર્મ અંગે ટુંકી જાણકારી આપી આ સિસ્ટમોનો ખાસ લાભ લેવા અનુરોધ કરેલ.

સેમીનારના વકતા M1 એક્ષચેન્જ–મુંબઈનાશ્રી તુષાર બુચ દ્વારા સમગ્ર TReDS સિસ્ટમ અંગે પાવરપોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા વિવિધ મુદાઓની જાણકારી આપતા ખાસ જણાવેલ કે સરકાર દ્વારા ૨૦૧૮ માંનોટીફીકેશન જાહેર કરી આ ઓનલાઈન પ્લેટફોર્મ શરૂ કરાયેલ છે. જેમાં MSME એકમો લાર્જ કોર્પોરેટ બાયર કે જે ૫૦૦ કરોડથી વધુ ટર્ન ઓવર ધરાવનારને ગુડઝ સપ્લાય કરે છે. તેઓ પાસે બાકી બીલની રકમ તુરંત પરત મેળવી શકે તે માટે આ ખાસ સિસ્ટમ અમલમાં મુકેલ છે. જેમાં સેલર અને બાયર બન્નેએ વન ટાઈમ રજીસ્ટ્રેશન કરવાનુંરહેશે. આ સિસ્ટમમાં MSME સપ્લાયર, લાર્જ કોર્પોરેટ બાયર તથા નેશનલાઈઝ ફાયનાન્સર બેન્કોનો સમાવેશ કરાયેલ છે. જેમાં હાલ ૩ એજન્સીઓને માન્યતા આપવામાં આવેલ છે. આ સીસ્ટમમાં પ્રથમ સેલર દ્વારા ગુડઝના બીલ અપલોડ કરવાના રહેશે જેને બાયર એકસેપ્ટ કર્યા બાદ વિવિધ નેશનલાઈઝ ફાયનાન્સર બેન્કો દ્વારા અમુક ટકા ચાર્જીસ વસુલી બીડ કરવામાં આવે છે. જેમાંથી સેલર બીડ કરેલ રકમને એકસેપ્ટ કરવાથી તેની બલીની રકમ ૪૮ કલાકમાં તેના ખાતામાં જમા થઈ જાય છે. આમ MSME સેકટરોને પોતાની વર્કિંગ કેપીટલમાં નુકશાની ન આવે અને પોતાનો ધંધો આગળ વધારી શકે. તેથી આ પ્લેટફોર્મમાંકોઈપણ જાતનુંજોખમ રહેતું ન હોય તમામ MSME એકમો કે જેઓ લાર્જ કોર્પોરેટ બાયર સાથે વેપાર કરી રહયા છે. તેઓ આ TReDS સીસ્ટમનો ખાસ લાભ લેવા અનુરોધ કરેલ. તેમજ ઉદ્યોગકારો દ્વારા પુછાયેલ પ્રશ્નોનો યોગ્ય પ્રત્યુતર આપી નિરાકરણ લાવેલ.

સેમીનારના અંતે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ ઉપસ્થિત અધિકારીશ્રીઓ તથા ઉદ્યોગકારોનો સેમીનારમાં હાજરી આપવા બદલ આભાર વ્યકત કરેલ તથા સભ્યોશ્રીઓને કોઈપણ જાતની મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા અનુરોધ કરેલ તેમજ સમગ્ર સેમીનારનું સંચાલન રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ કરેલ.

# ઈન્ડિયન એમ્બેસી કુવેત ખાતે FIEO નાંડેલીગેશનમાં રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા FIEO કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રા ઉપસ્થિત રહી પરસ્પર વેપાર-ઉદ્યોગ વિકસાવવા ચર્ચા-વિચારણા કરેલ...




કુવેત સાથે પારસ્પરીક વેપાર–ઉદ્યોગના સબંધો વિકસાવવા અંગે રહેલ પુરતી શકયતાઓ અંગે એમ્બેસેડર ઓફ ઈન્ડિયન એમ્બેસી કુવેતના મિસ્ટર સીબી જયોર્જ દ્વારા ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્ષપોર્ટસ ઓર્ગેનાઈઝેશન (FIEO) નાંડેલીગેશન સાથે ચર્ચા–વિચારણા માટે તાજેતરમાં એક મહત્વની મિટીંગ યોજવામાં આવેલ.

જેમાં રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા FIEO કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રા કુવેત ખાતે ખાસ ઉપસ્થિત રહી રાજકોટનાં ઔદ્યોગીક વિકાસનો ચિતાર આપી નિકાસક્ષેત્રે, ઓટોપાર્ટસ, મશીનરી વગેરે વિવિધ ઉત્પાદનમાં ભારતમાં આગવુંસ્થાન રાજકોટ ધરાવે છે. તેમજ કુવેતમાં વેપાર–ઉદ્યોગની વિપુલ તકો રહેલી છે ત્યારે કુવેત સાથે વેપાર–ઉદ્યોગ વિકસાવવા અમો ખુબ તત્પર છીએ. આ પ્રક્રિયામાં જયાં પણ જરૂર જણાય ત્યાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી મદદરૂપ બની બે દેશોનાં વેપાર–ઉદ્યોગનાં વિકાસમાં સહભાગી બનશે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજુઆત... રાજકોટ ખાતે સરકારી ઈજનેરી કોલેજમાં રોબોટીક્સ એન્ડ ઓટોમેશન માટે ૬૦ બેઠકો ફાળવવામાં આવી...

સરકારશ્રી દ્વારા ટેકનીકલ શિક્ષણને ખુબ જ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. દેશ અને રાજયમાં આવનારા સમયમાં ટેકનિકલ શિક્ષણનો ઉદ્દેશને આગળ ધપાવવા ઉચ્ચતમ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. તેમજ ગુજરાત રાજય પણ શિક્ષણક્ષેત્રે સમગ્ર દેશમાં આગવું યોગદાન આપી રહ્યું છે. જે ખુબ જ સરાહનીય છે. રાજયના માનનીય શિક્ષણમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૨૮–૧૦–૨૦૨૧ ના રોજ સચિવાલય ખાતે સરકારી ઈજનેરી કોલેજો તેમજ સરકારી પોલીટેકનીકોમાં ચાલતા અભ્યાસક્રમોમાં સમયાનુસાર તથા વિદ્યાર્થીઓના એડમીશનના આંકડા ધ્યાને લેતા જરૂર જણાય ત્યાંફેરફારો / રીસ્ટ્રકચરીંગ કરવા અથવા ઉદ્યોગોની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને નવા અભ્યાસક્રમો શરૂ કરવા સમિતિની રચના કરી બેઠક યોજવામાંઆવેલ. જે અનુસંધાને રાજકોટ ચેમ્બર ઓફ કોમસ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીજી તથા નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણ કચેરીને રજુઆત કરવામાંઆવેલ કે સમગ્ર રાજયમાંરાજકોટ એક માત્ર ઈન્ડસ્ટ્રીયલ હબ ગણાઈ રહ્યુ છે. રાજકોટ તથા આસપાસના વિસ્તારોમાંહજારોની સંખ્યામાં ઉદ્યોગો સ્થાપાયેલ છે અને નવા ઉદ્યોગો પણ શરૂ થઈ રહ્યા છે. જેમાં મોટાભાગના ઉદ્યોગો પ્રોડકશન આધારીત છે. રાજકોટમાં સીએનસી મેન્યુફેકચરીંગ, વીએમસી મેન્યુફેકચરીંગ, અને ઓટોમેશનને લગતા ઉદ્યોગો જેવા કે ઓટોપાર્ટસ, ફોર્જીંગ, ગીયર, બેરીંગ, રોલિંગ, પમ્પ્સ, પાઈપ, એન્જીન જેવા અસંખ્ય ઉદ્યોગો કાર્યરત છે. જેમાંઘણા પ્રોડકશન અને મેન્યુફેકચરીંગ ઈજનેરની જરૂરીયાત પડતી હોય છે.

આથી જો સરકારી ઈજનેરી કોલેજ, રાજકોટમાં પ્રોડકશન અથવા રોબોટીકસ એન્ડ ઓટોમેશન ઈજનેરી શાખા ચાલુ થાય તો ખુબ જ સરળતાથી જરૂરીયાત મુજબના ઈજનેરો મળી રહે. હાલનો યુગ સ્કીલ બેઈઝ ઈજનેરોનો છે અને રાજકોટમાં આ ક્ષેત્રે પુષ્કળ રોજગારીની તકો રહેલી છે. તેથી રાજકોટ ખાતે સરકારી ઈજનેરી કોલેજ પ્રોડકશન અથવા રોબોટીકસ એન્ડ ઓટોમેશન ઈજનેરી વિભાગ ચાલુ કરવા અનુરોધ કરાયેલ. જેથી ભવિષ્યમાં હરણફાળ ભરી રહેલા રાજકોટના ઉદ્યોગો અને વિદ્યાર્થીઓને સાહસિક બનવામાંઉપયોગી થશે અને ગુજરાત રાજયને પણ ખુબ જ ફાયદો થઈ શકે તેમ છે. અને સરકારનો ધ્યેય વધુમાંવધુ રોજગારી મળે તે સફળ કરવા માટે માધ્યમ બની શકે તેમ છે.

આમ રાજકોટ ચેમ્બરની રજુઆતને સફળતા મળેલ છે અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજયમાં કુલ ૬૦૦ બેઠકો શરૂ કરવામાં આવશે. જે પૈકી રોબોટીકસ એન્ડ ઓટોમેશન માટે રાજકોટ ખાતે ૬૦ બેઠકો ફાળવવામાંઆવેલ છે. જે બદલ રાજકોટ ચેમ્બર ગુજરાત સરકારનો આભાર વ્યકત કરે છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહજીની દિલ્હી ખાતે શુભેચ્છા મુલાકાત લઈ વેપાર-ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજુઆત કરેલ...



વેપાર-ઉદ્યોગનુંપ્રતિનિધિત્વ કરતી ૬૮ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ સ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહજીની દિલ્હી ખાતે રૂબરૂ શુભેચ્છા મુલાકાત લઈ વેપાર-ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજુઆત કરેલ.

જેમાં ખાસ કરીને ગુજરાત રાજયમાંથી પ્રોફેશન ટેક્ષ સંપુર્ણ પણે નાબુદ કરવો. GST અંતર્ગત વિવિધ ઔદ્યોગીક ઉત્પાદન એકમો પર GST દરમાં કરાયેલ વધારાને દુર કરવો. ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીની

અધ્યક્ષ સ્થાને સંકલન સમિતિની રચના કરવી અને તેમાંગુજરાતની લીડીંગ ચેમ્બરોને પ્રતિનિધિત્વ આપી દર દોઢ માસે મિટીંગ બોલાવવી જેથી ગુજરાત રાજયના વેપાર–ઉદ્યોગકારોના નાના મોટા પ્રશ્નોનુંનિરાકરણ લાવી વેપાર–ઉદ્યોગને વેગવંતુ બનાવી શકાય.

સમગ્ર ગુજરાતે GST કાયદાને આવકારેલ છે. પણ કાયદાના અમલીકરણમાં ઘણી નાના–મોટી વિસંગતતાઓ રહેલી છે જેનો ભોગ નાના વેપાર–ઉદ્યોગકારો બને છે. સાથો સાથ GST કાઉન્સીલની મિટીંગ દર ત્રણ મહિને મિટીંગ મળતી હોય જેમા દરેક રાજયના નાણામંત્રીશ્રી સભ્ય તરીકે હાજર થતા હોય આ કમિટિ GST કાઉન્સીલની મિટીંગ પહેલા આશરે ૧૫ દિવસમાં બોલાવવામાં આવે તેમજ સમગ્ર ગુજરાતની લીડીંગ ચેમ્બર ઓફ કોમર્સને પ્રતિનિધિત્વ આપવામાં આવે તો આ સંકલની મિટીંગમાંગુજરાત રાજયના નાના–મોટા પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય. માત્ર નિતીવિષયક નિર્ણયો માટે જ નાણામંત્રીશ્રી કેન્દ્રની GST કાઉન્સીલમાં રજુઆત કરે જેથી GST ના તમામ પ્રશ્નોનું સુખદ સમાધાન આવી શકે. તો તાત્કાલીક અસરથી GST સંકલન સમિતિની રચના કરવી, સાથો સાથ સરકારની વિવિધ કચેરીઓ CGST/SGST/MSME/LABOR/DIC ને વિશાળ જગ્યામાં એક જ પ્રિમાઈસીસમાં બનાવવી. તેમજ રાજકોટને MSME ભવન ફાળવવું.

આમ ગુજરાત રાજયના વેપાર–ઉદ્યોગના નાના–મોટા વિવિધ પ્રશ્નો અંગે વિસ્તૃત છણાવાટ કરવી કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહજી સમક્ષ રાજકોટ ચેમ્બર દ્વારા રજુઆત કરવામાં આવેલ છે. આ વિવિધ રજુઆતોનું યોગ્ય નિરાકરણ લાવવા ગૃહમંત્રીશ્રીએ ખાત્રી આપેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા MSME રાજકોટ ડિપાર્ટમેન્ટના સંયુક્ત ઉપક્રમે "Zed Certification Scheme તથા MSME Scheme અંતર્ગત સરકારના મળવાપાત્ર લાભો" અંગે માર્ગદર્શન સેમીનારનું આયોજન કરાયેલ...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા MSME ડિપાર્ટમેન્ટનાંસંયુકત ઉપક્રમે Zed Certification Scheme તથા MSME Scheme અંતર્ગત સરકાર દ્વારા મળવાપાત્ર લાભો તથા આવેલ નવા સુધારાઓનુંમાર્ગદર્શન આપવા અંગે તા.૧૪–૧૦–૨૦૨૨, શુક્રવારના રોજ સેમીનારનું આયોજન કરવામાં આવેલ. જેમાંMSME-DFO, રાજકોટના આસીસટન્ટ ડાયરેકટર શ્રીમતી સ્વાતી અગ્રવાલ, QCI Approved, Faculty & Trainer-Zed અમદાવાદના શ્રી આશિષ પટેલ તથા રાજકોટ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર માંથી કું. ખિલના મહેતા ઉપસ્થિત રહેલ.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના માનદ્‌મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ રાજકોટ ચેમ્બર તથા

MSME ડિપાર્ટમેન્ટના સયુંકત ઉપક્રમે યોજવામાંઆવેલ સેમીનારમાં સૌને આવકારેલ. કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગોના વિકાસને ધ્યાનમાંરાખી તેઓ માટે ઘણી પ્રોત્સાહીત સ્કિમો જાહેર કરેલ છે. ત્યારે MSME ઉદ્યોગકારોને સરકાર તરફથી મળવાપાત્ર થતા વિવિધ લાભો તથા સબસીડીની જાણકારી મળી રહે તે માટે આ સેમીનાર યોજવામાંઆવેલ છે.

ત્યાર બાદ MSME-DFO, રાજકોટના આસીસટન્ટ ડાયરેકટર શ્રીમતી સ્વાતી અગ્રવાલએ સેમીનારનું આયોજન કરવા બદલ રાજકોટ ચેમ્બરનો આભાર વ્યકત કરતા જણાવેલ કે કેન્દ્ર સરકારના MSME ડિપાર્ટમેન્ટ દ્વારા ઘણાંફાયદાઓ મળવપાત્ર થાય છે. જેમાં તેઓ પાસે ઉદ્યમ રજીસ્ટ્રેશન હોવુંફરજીયાત છે. જે અંતર્ગત Zero Defect Zorp Effect, Zed Certification Scheme માંનવા ફેરફાર કરી લોન્ચ કરાયેલ છે. Zed Certification Scheme ની આગમી સમયમાંખુબ જ જરૂર પડશે. તેથી આ સ્કિમનો ખાસ લાભ લેવા તથા કોઈપણ સમસ્યા કે મુશ્કેલી પડે તો ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરવા અનુરોધ કરેલ.

ત્યારબાદ QCI Approved, Faculty & Trainer-Zed અમદાવાદના શ્રી આશિષ પટેલ દ્વારા Zed Certification Scheme અંતર્ગત પર્યાવરણના રક્ષણ માટે ઉદ્યોગસાહસિકોને પ્રેરીત કરવાના ઉદ્દેશ સાથે ભારતના સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો વૈશ્વીક બજારમાંટકી શકે તે માટે ખુબ જ ઉપયોગી બની રહેશે. ત્યારે આ સ્કીમને ૩ કેટેગરીમાં રાખેલ છે. (બ્રોન્ઝ, સિલ્વર, ગોલ્ડ) તેમજ ૨૦ જેટલા પેરામીટર્સ છે. તેમાંથી અમુક પેરામીટર્સમાંથી મુકિત અપાયેલ છે. આ સર્ટીફીકેશન સ્કીમનું રજીસ્ટ્રેશન ફ્રી છે. આ સ્કિમમાં Vision, Eligibility and Phase, Features of Zed Scheme, Process & Perameters, Benefits & Incentives for MSMEs, How to Apply, Understanding Document Upload, જેવા વિવિધ મુદ્દાઓની પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપવામાં આવેલ.

ત્યાર બાદ રાજકોટ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર માંથી ઉપસ્થિત કુ. ખિલના મહેતા દ્વારા રાજય સરકાર દ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહીત કરતી "આત્મનિર્ભર ગુજરાત સ્કિમ–૨૦૨૨ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ" અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા જાણકારી આપેલ.

ત્યાર બાદ MSME-DFO, રાજકોટના આસીસટન્ટ ડાયરેકટર શ્રીમતી સ્વાતી અગ્રવાલએ કેન્દ્ર સરકાર દ્વારા MSME સ્કિમના લાભો તથા મળવાપાત્ર સબસીડી વિગેરેની પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ અને ઉદ્યોગકારો દ્વારા પુછાયેલ પ્રશ્નોનો યોગ્ય પ્રત્યુતર આપી નિરાકરણ લાવેલ.

સેમીનારના અંતે રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ ઉપસ્થિત અધિકારીશ્રીઓ તથા ઉદ્યોગકારોનો સેમીનારમાં હાજરી આપવા બદલ આભાર વ્યકત કરી સમગ્ર સેમીનારનું સંચાલન કરેલ.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા રાજકોટ શહેર પોલીસ–સાઈબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટના સંયુકત ઉપક્રમે સાઈબર ક્રાઈમ અંગે અવરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા રાજકોટ શહેર પોલીસ–સાઈબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટનાં સયુંકત ઉપક્રમે તા.૧૨–૧૦–૨૦૨૨ ના રોજ સાઈબર ક્રાઈમ અંતર્ગત થતી ઓનલાઈન છેતરપીંડીથી કઈ રીતે બચવુ તેમજ છેતરપીંડી થયે તાત્કાલીક કેવા પગલા લઈ શકાય અને લોકોમાં વધુને વધુ જાગૃતા લાવવા અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં શહેર પોલીસ સાઈબર ક્રાઈમ પી.આઈ.શ્રી જી.બી. ડોડીયા સાહેબ, પી.એસ.આઈ.શ્રી કે.જે રાણા સાહેબ, શ્રી એમ.એસ. વેગડ સાહેબ, એ.એસ.આઈ.શ્રી જે.કે. જાડેજા સાહેબ તથા સ્વંયસેવકશ્રી પ્રિન્સ ભુવા ઉપસ્થિત રહી જાણકારી– માર્ગદર્શન આપેલ.

કાર્યક્રમના પ્રારંભે રાજકોટ ચેમ્બરના માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌઅધિકારીશ્રીઓ તથા વેપાર–ઉદ્યોગકારોને આવકારેલ. હાલના ડિઝીટલ યુગમાં ઓનલાઈન ટ્રાન્ઝેકશન ખુબ જ વધી ગયેલ છે અને મોટા ભાગના લોકો સાઈબર ક્રાઈમનો ભોગ બને છે. તેમાંથી કઈ રીતે બચી શકાય તે માટે આ કાર્યક્રમનું આયોજન કરાયેલ છે.

ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રાસંગીક ઉદ્બોધન કરતા જણાવેલ કે,

રાજકોટ ચેમ્બરની કામગીરી સૌસજાગ છો. ચેમ્બર દ્વારા અવાર–નવાર સેમીનારો–કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. રાજકોટ ચેમ્બર અને શહેર પોલીસ, સાઈબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટના સયુંકત ઉપક્રમે આ અવેરોસ કાર્યક્રમમાં સૌ અધિકારીશ્રીઓ તથા વેપાર–ઉદ્યોગકારો મિત્રોનું હાર્દિક સ્વાગત કરેલ. ડિઝીટલ યુગમાં સાઈબર ક્રાઈમના બનાવોનો વ્યાપ ખુબ જ ઝડપથી વધી રહયો છે. આવનારા દિવસોમાં આવા બનાવો ન બને તે માટે શું શું પગલા લેવા કેટલી સાવચેતી રાખવી તે માટે આ કાર્યક્રમ ખુબ જ ઉપયોગી બની રહેશે. તેમજ શહેર પોલીસ દ્વારા પણ ખુબ જ સારો સાથ અને સહકાર મળી રહ્યો છે. ત્યારે આવા કોઈ બનાવો બને તો તાત્કાલીક સાઈબર ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરવો. સાથો સાથ રાજકોટ ચેમ્બર વેપાર–ઉદ્યોગકારો સાથે હંમેશા સાથે જ છે તેથી આપના કોઈ પ્રશ્નો કે સમસ્યા હોય તો જાણ કરવી જેનુંયોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરીશું.

કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત શહેર પોલીસ સાઈબર ક્રાઈમ પી.આઈ.શ્રી જી.બી. ડોડીયા સાહેબએ રાજકોટ ચેમ્બર દ્વારા આ સયુંકત સેમીનારનું આયોજન કરવા બદલ આભાર વ્યકત કરેલ. તેમજ કાર્યક્રમની ટૂંકમાંમાહિતી આપેલ અને ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરતા પૂર્વે ખુબ જ સાવચેતી રાખવી અને નાની–નાની રકમોનું ફ્રોડ થયું હોય તો ફરીયાદ કરતા નથી. તેથી આવા કોઈ બનાવો બને તો તાત્કાલીક ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરવો તેનું ચોક્કસ નિરાકરણ લાવવા ખાત્રી આપેલી.

ત્યાર બાદ સ્વંયસેવકશ્રી પ્રિન્સ ભુવા દ્વારા સાઈબર ક્રાઈમ અંતર્ગત ડિઝીટલ યુગના ફાયદા અને ગેરફાયદાઓ, સાઈબર ક્રાઈમ થવાના કારણો અને તેના પ્રકારો, સાઈબર બુલીંગ, હેકિંગ, જોબ ફ્રોડ, ફાયનાન્સીયલ ફ્રોડ, ડેટા થ્રેડ, સોશ્યલ મિડીયા સબંધીત ફ્રોડ, ઈ–મેઈલ સ્પુફીંગ, વિડીયો કોલ મારફત થતા ફ્રોડ, ઈન્સ્ટન્ટ લોન એપ્લીકેશનમાંથી ફ્રોડ, બનાવટી લીન્કો, ફેક વેબસાઈટ, ઓનલાઈન સેલીંગ પ્લોટફોર્મ ફ્રોડ, સ્ક્રીનીંગ શેરીંગ કે રીમોટ એકસેસ એપ ફ્રોડ, કસ્ટમર કેર ફ્રોડ, વિવિધ ફ્રોડની પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા માહિતી આપેલ. તેમજ સાઈબર ક્રાઈમથી બચવા માટે OTP, PIN, CVV શેર ન કરવા, અજાણી લીન્ક એકસેસ ન કરવી, સોશ્યલ મિડીયા પ્લેટફોર્મ પર ટુ–સ્ટેપ્સ વેરીફીકેશન કરવુ, લકકી ડ્રો, ઈનામોની લાલચો વિગેરેનો રીપ્લાય ન આપવો, પાસવર્ડ સ્ટ્રોંગ રાખવા અને સમયાંતરે બદલવા, ફોન–લેપટોપ વિગેરે પાસવર્ડ પ્રોટેકટેડ રાખવા કોઈપણ ઓનલાઈન ગેમ માટે પોતાનું બેન્ક એકાઉન્ટ લીન્ક ન કરવું, તેમજ આવા કોઈ બનાવો બને તો ૧૯૩૦ પર તાત્કાલીક ફરીયાદ કરી જે તે ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરવા જણાવેલ.

પી.એસ.આઈ.શ્રી કે.જે રાણા સાહેબએ સાઈબર ક્રાઈમના વિવિધ કાયદાઓની માહિતી આપેલ અને ફેકટરીઓમાં કામ કરતા મજુરોની સીટીઝન પોર્ટલમાં ખાસ નોંધણી કરવી, મિલ્કત ભાડે આપે તો પણ તેનું તની નોંધણી પણ કરવી. આ સીટીઝન પોર્ટલમાં ૧૩ જેટલી વિવિધ સેવાઓ આવરી લેવામાં આવેલ છે. જેથી કોઈપણ ગુનાહીત પ્રવૃતિ બને તો તેને અટકાવી શકાય તેની જાણ કરેલ.

કાર્યક્રમના અંતે રાજકોટ ચેમ્બરના ઉપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ ઉપસ્થિત અધિકારીશ્રીઓ તથા વેપાર–ઉદ્યોગકારોનો કાર્યક્રમમાં હાજરી આપવા બદલ આભાર વ્યકત કરેલ તેમજ રાજકોટ ચેમ્બર તથા MSME ડિપાર્ટમેન્ટના સયુંકત ઉપક્રમે આગમી તા.૧૪–૧૦–૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ દરમ્યાન રાજકોટ ચેમ્બર હોલ ખાતે Zed Certification Scheme તથા MSME Scheme માં આવેલ નવા સુધારાઓનુંમાર્ગદર્શન આપવા અંગે સેમીનાર રાખેલ છે તો તેનો લાભ લેવા અનુરોધ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા DRUCC મિટીંગમાં રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાંઆવેલ...



વેસ્ટર્ન રેલ્વે, રાજકોટ ડિવીઝન દ્વારા તા.૨૭–૯–૨૦૨૨ ના રોજ ડિવીઝનલ રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટીવ કમિટિ (DRUCC) ની મિટીંગ યોજવામાંઆવેલ. જેમાંરાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા મુસાફરોને રેલ્વે અંતર્ગત પડતી મુશ્કેલીઓ તથા વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે અંગે વિવિધ પ્રશ્નો–સુચનો ધ્યાને મુકેલ.

(૧) ટ્રેનનં.૨૨૧૩૭ પ્રેરણા એક્ષપ્રેસ અમદાવાદ–નાગપુર–અમદાવાદને રાજકોટ સુધી લંબાવવી.

(૨) હાલમાં રાજકોટ રેલ્વે સ્ટેશન પર પ્લેટફોર્મ નં. ૨ ઉપર મુકવામાં આવેલ એસ્કેલેટર માત્ર અપસાઈડની સુવિધા પુરી પાડે છે. તેથી આ સ્થળે ચોથુંએસ્કેલેટર તાત્કાલીક મુકવું.

(૩) રાજકોટ–સુરેન્દ્રનગર ડબલ ટ્રેકની કામગીરીના કારણે અમુક ટ્રેનો રદ થતી હોય છે. જેના કારણે મુસાફરોને ઘણી હાલાકીનો સામનો કરવો પડી રહયો છે. તેથી મુસાફરોને તકલીફ ન પડે તે માટે આવી રદ થતી ટ્રેનોની અગાઉ વ્હેલી જાણ કરવી.

(૪) દિન–પ્રતિદિન મુસાફરોના ટ્રાફિકને ધ્યાનમાં રાખી જામનગર–અમદાવાદ–જામનગર "મેમુ" ટ્રેન તાત્કાલીક શરૂ કરવી.

ઉપરોકત રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રશ્નો–રજુઆતોને ધ્યાને લઈ સિનીયર ડિવીઝનલ કોમર્શીયલ મેનેજરશ્રીએ આ અંગે યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા E-Invoicing ની મર્યાદા હાલની જોગવાઈ પ્રમાણે રૂા.૨૦ કરોડ યથાવત રાખવા કેન્દ્રીય નાણાંમંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ નોટીફીકેશન નં.૧૭/૨૦૨૨–સેન્ટ્રલ ટેક્ષ અન્વયે તા.૧–૧૦–૨૦૨૨ થી E-Invoicing ના ઓનલાઈન જનરેશનની મર્યાદા રૂા.૧૦ કરોડના વાર્ષિક ટર્ન ઓવર ઉપર લાગુ કરવામાંઆવેલ છે. આ પહેલા વેપારીઓ દ્વારા કરવાપાત્ર ઓનલાઈન E-Invoicing ની મર્યાદા રૂા.૨૦ કરોડ હતી જે ઘટાડીને રૂા.૧૦ કરોડ કરવાથી અનેક વ્યાપારી એકમોને ફરજીયાતપણે E-Invoicing ની પ્રક્રિયા કરવી પડશે. આ પ્રક્રિયાના કેટલાક ફાયદાઓ તથા ઉપયોગીતાઓ હોવા છતા મધ્યમ વેપારીઓને સદર પ્રક્રિયાના ફરજીયાત અમલીકરણ સબબ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. ખાસ કરીને B2B અને B2C ઈન્વોઈસીસના સ્ટોરેજ અને સ્ટોપેજ તથા ડેટા રીકન્સીલીયન્સ જેવા અનેક પ્રશ્નો ઉદ્‌ભવશે.

આથી આવા મધ્યમ વ્યાપારી એકમોને ઓનલાઈન E-Invoicing ની પ્રક્રિયામાંથી બાકાત રાખવા તથા હાલની જોગવાઈ મુજબ રૂા.૨૦ કરોડની મર્યાદા યથાવત રાખવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામન સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

## આવકવેરા રિટર્નમાં ફરજિયાત દર્શાવવાની નિયત વિગતો

### સામાન્ય રહીશ હોય તેવા કરદાતાઓએ આવકવેરા રિટર્નના Schedule FA હેઠળ ભારત બહારની મિલકતોની વિગતો દર્શાવવાની રહેશે. (મિલકતો તેમજ જવાબદારીઓની વિગતો સાથે Schedule AL રૂા.૫૦ લાખથી વધુ આવક ધરાવતા કરદાતાઓએ ભરવાનું રહેશે.

આવકવેરાના કાયદાની કલમ ૧૩૯ હેઠળ વ્યક્તિ કે એચ.યુ.એફ.ના કેસમાં, જો તેની કુલ ગ્રોસ આવકવેરાની મુક્તિ મર્યાદાથી વધતી હોય, તો જ આવકવેરા રિટર્ન ભરવાની જવાબદારી ઉપસ્થિત થાય છે. આવકવેરાના કાયદા હેઠળ ભારતમાં રહીશ હોય, તેવા કરદાતાઓએ તેમની ભારત ઉપરાંત ભારત બહારની પણ આવક દર્શાવી તેના ઉપર આવકવેરો ભરવાનો રહે છે. અનેક કિસ્સાઓમાં, આવા રહીશ કરદાતાઓ તેમની ભારત બહારની આવકની વિગતો દર્શાવતા નથી.

ઉપરોક્ત સંદર્ભમાં, આકારણી વર્ષ ૨૦૧૨–૧૩ તેમજ પછીના આકારણી વર્ષો માટે કરાયેલ વિશેષ જોગવાઈ અનુસાર, ભારત બહાર કોઈ પણ મિલકતો (Assets) અથવા કોઈ પણ એકમમાં નાણાંકીય હિત (Financial Interest) ધારણ કરવામાં આવ્યાં હોય અથવા ભારત બહાર કોઈ પણ અકાઉન્ટમાં Signing Authority ધરાવતા હોય તેવા કેસમાં સંબંધિત રહીશ કરદાતાએ તેની ભારતમાંની આવક કરપાત્ર ન હોય તો પણ આવકવેરાનું રિટર્ન ફરજિયાત ભરવાનું રહેશે. આ હેતુસર, રહીશ કરદાતાના સંદર્ભમાં, સામાન્ય રહીશ ન

હોય (Resident but Not Ordinarily Resident) તેવા કરદાતાનો સમાવેશ થશે નહિં.

આના અનુસંધાનમાં તારીખ ૨૮ મી માર્ચ, ૨૦૧૨ના રોજ, CBDT દ્વારા આકારણી વર્ષ ૨૦૧૨–૧૩ માટે જાહેર કરાયેલ નવા આવકવેરા રિટર્નના ફોર્મમાં, દાખલ કરાયેલ Schedule FA હેઠળ વિદશમાંની આવી મિલકતો, બેન્ક અકાઉન્ટ કે નાણાંકીય હિત વગેરેની માહિતી દર્શાવવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. આકારણી વર્ષ ૨૦૧૬–૧૭ થી સામાન્ય રહીશ કરદાતા, ભારણ બહાર કોઈ પણ મિલકતમાં Beneficial Owner કે Beneficiary તરીકે નાણાંકીય હિત ધરાવતો હોય, તો તેવા કેસમાં પણ ફરજિયાત રિટર્ન ભરવાની ઉપરોક્ત જોવાઈ લાગુ પડશે.

**બિન રહીશોએ પરદેશની કોઈ મિલકતો જાહેર કરવાની રહેશે નહીં.**

આ સંદર્ભમાં એ નોંધવુ ખાસ જરૂરી છે કે Schedule FA હેઠળની વિદેશમાંથી મિલકત કે બેન્ક અકાઉન્ટની માહિતી દર્શાવવાની જવાબદારી, ભારતમાં રહીશ હોય તેવા કરદાતાઓની જ રહેશે અને બિનરહીશ (Non Residens) તેમ Resident but Not Ordinarily Resident ના કેસમાં, તેઓ દ્વારા તેમની ભારતીય આવક સંબંધી ભરાતા રિટર્નમાં તેમણે તેમની વિદેશની કોઈ મિલકત કે બેન્ક અકાઉન્ટની માહિતી દર્શાવવાની રહેશે નહીં. આનું કારણ એ છે કે બિનરહીશ હોય તેવા કરદાતાના કેસમાં, તેની ભારત બહારની આવકને ભારતીય આવકવેરાના કાયદા હેઠળ કરપાત્ર ગણવામાં આવતી નથી.

**રૂ.૫૦ લાખથી વધુ કરપાત્ર આવકના કેસમાં મિલ્કતો તેમજ જવાબદારીઓ સંબંધી શિડ્યૂલ AL ભરવાનું રહેશે.**

આકારણી વર્ષ ૨૦૧૭–૧૮ થી નિયત ITR-૧,૨,૩ તેમજ ૪ ના આવકવેરા રિટર્નો હેઠળ રૂ.૫૦ લાખથી વધુ કરપાત્ર આવક દર્શાવતા સૌ વ્યક્તિ તેમજ એચ.યુ.એફ. કરદાતાઓએ (ધંધા વ્યવસાયની આવક ન ધરાવતા હોય તો પણ) તેમની મિલકતો તેમજ જવાબદારીઓ સંબંધી શિડયૂલ AL ભરવાનું રહેશે, જે હેઠળ જમીન, મકાન, બેન્ક કે અન્ય ડિપોઝિટ, શેર–સિક્યુરિટી, ઈન્શ્યોરન્સ પોલિસી, લોન–એડવાન્સ, રોકડ, ઘરણાં–ઝવરોત, આર્ટ કલેકશન્સ, વાહનો, બોટ તેમજ વિમાનો તથા આવી મિલકતો સંબંધી જવાબદારીઓની નાણાકીય વિગતો દર્શાવવાની રહેશે.

ઉપરોક્ત સંદર્ભમાં કરાયેલ ખુલાસા હેઠળ CBDT દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી કે આકારણી વર્ષ ૨૦૧૬–૧૭ થી સંપત્તિવેરો નાબૂદ કરવામાં આવ્યો હોઈ, અગાઉ સંપત્તિવેરાને પાત્ર ઉપરોક્ત મિલકતોનો શિડયૂડ AL હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે.

# કરદાતાને AIS અંગે ઉપયોગી માહિતી અને માર્ગદર્શન

## ફોર્મ ૨૬ASના સ્થાને અમલી બનેલ એન્યુઅલ ઈન્ફર્મેશન સ્ટેટમેન્ટ (AIS) ચકાસવાનું મહત્વ દરેક કરદાતાએ સમજવું જ રહ્યું !

છેલ્લા દસકા દરમિયાન આવકવેરા રિટર્નના E-FIlling તેમજ E-Processing ની કાર્યવાહી પ્રચલિત બની તે સુવિદિત છે. આ સમય દરમિયાન આવકવેરા ભરતા કરદાતાઓ તેમના કેસમાં Form ૨૬ASથી સુમાહિતગાર રહ્યા છે.

Form ૨૬ASના સ્ટેટમેન્ટમાં કરદાતાના કેસમાં નાણાકીય વર્ષ દરમિયાન કપોયલ TDS કે વસુલ કરાયેલા TDS તથા તેના દ્વારા જમા કરવામાં આવેલ એવાન્સ ટેક્સ કે સેલ્ફ એસેસમેન્ટ ટેક્સની સંપૂર્ણ વિગતો દર્શાવવામાં આવે છે.

Tax Statement તરીકે પ્રથલિત બનેલ Form ૨૬ASનો નવો અવતાર ૧લી નવેમ્બર, ૨૦૨૧ થી આવકવેરા ખાતા દ્વારા જાહેર કરાયો, જેને annual Information Statement અર્થાત્ AIS ની ઓળખ આપવામાં આવી છે.

### કરદાતાની આવકો તેમજ નાણાકીય વ્યવહારોનો AISમાં કરાયેલો સમાવેશ

માત્ર ટેક્સ પેમેન્ટની વિગતો સુધી સીમિત ન રાખાતા, AIS હેઠળ કરદાતાના કેસમા તેની વિવિધ સ્ત્રોતની આવક તેમજ નિર્દિષ્ટ નાણાકીય વ્યવહારો (Specifled Financial Transaction -STF) દર્શાવવામાં આવે છે. AISના કેસમાં Incomes તેમજ SFTનો સમાવેશ કરાયો છે.

AIS હેઠળ કરદાતાને મળેલ કે તેના ખાતે જમા કરાયેલા વ્યાજ, ડિવિડન્ડ, સિક્યોરીટીઝ તેમજ સ્થાવર મિલકતના ખરીદ વેચાણના વ્યવહારો, મ્યુચ્યુઅલ ફંડના યુનિટ્સમાં કરાયેલ Investments તેમજ Redemption વિદેશ મોકલાયેલ કે વિદેશમાં મળેલ Remittanceની વિગતો, નિયત રકમથી વધુ ક્રેડિટ કાર્ડના ખર્ચ કે મોટરકારની ખરીદી વગેરેના વ્યવહારો તેમજ બેંકમાં નિયત મર્યાદાથી વધુ જમા કરાયેલ કે ઉપાડાયેલ રોકડ રકમની માહિતી દર્શાવવામાં આવે છે.

### IT for IT – આવકવેરા ખાતાના Project Insight હેઠળ AIS નું નિયમન !

કરદાતાના PAN ના સંદર્ભમાં આવકવેરા કાયદાની કલમ ૨૮૫બી હેઠળ નિયત કરાયેલ શખ્સ કે એજન્સી દ્વારા કરદાતાની આવક તેમજ નિર્દિષ્ટ નાણાકીય વ્યવહારોના કરાયેલા Annual Reporting ના આધારે એકત્રિત કરાયેલ માહિતીને AIS માં સમાવેશ કરવામાં આવે છે.

Information Technology ના ઉપયોગ દ્વારા Income Department નો ઉદ્દેશ AIS માધ્યમથી

કરદાતાઓમાં Voluntary Compllianceને પ્રોત્સાહિત કરવાનો છે. કરદાતાને ખબર હોયકે આવકવેરા ખાતાને તેની સંપુર્ણ આવક તેમજ નાણાકીય વ્યવહારોની વિસ્તૃત જાણકારી છે, તો તે સંજોગોમાં કરદાતા પોતાનું આવકવો રિટર્ન ભરવામાં જાગૃત તેમજ સતર્ક રહે તે સ્વાભાવિક છે.

આ ઉપરાંત અનેક સામાન્ય કરદાતાઓ, જેઓ તેમના હિસાબોની નિયમિત જાળવણી કરતા ન હોય, તેઓ પણ AIS ને પોતાનો માર્ગદર્શક બનાવી તેમનું અવાકવેરા રિટર્ન સચોટ તેમજ ક્ષતિમુક્ત સ્વરૂપે ફાઈલ કરવામાં ઉપયોગી મદદ મેળવી શકે.

**આવકવેરા ખાતું તમાર વિશે શું અને કેટલું જાણે છે તે જાણવું મહત્ત્વનું !**

ઉપરોક્ત સંદર્ભમાં પોતાનું આવકવેરા રિટર્ન ભરતા પૂર્વે કરદાતાએ તેના AIS નો ચીવટપૂર્વક અભ્યાસ કરી લેવો હિતાવહ ગણાય. આવવેરા રિટર્ન ફાઈલ કરવાની નિયત સમયમર્યાદા પૂર્વે કરદાતાએ પોતાનું ITR ભરતા પહેલાં AIS ને અનિવાર્યપણે ચકાસી લેવું જોઈએ તેમજ એ બાબતની ખાતરી પણ કરી લેવી જોઈએ કે AIS માં દર્શાવાયેલી કોઈ પણ આવક જે કરપાત્ર હોય તે તેના ITR હેઠળ દર્શાવવાનું ચૂકી ન જવાય.

**કરદાતાના AIS માં ખોટી કે અપૂરતી માહિતી સુધારી શકાય ?**

અનેક કેસોમાં એવું પણ બને કે કરદાતા AIS માં તેના PAN સાથે દર્શાવાયેલી કોઈ આવક કે નાણાકીય વ્યવહાર તેને લગતો હોય જ નહીં. કલમ ૨૮૫બીએ હેઠળ SFT ના રિપોર્ટિંગ અન્વયે અથવા કરદાતાના નામે દર્શાવાયેલી આવકમાં રિપોર્ટિંગની દેખીતી ભૂલને કારણે કરદાતાના AIS માં ક્ષતિયુક્ત માહિતી દર્શાવવામાં આવી હોય તો તે કરદાતા માટે ચિંતાનો વિષય બની રહે છે. આવા કેસમાં કરદાતાને, આવકવેરા ખાતાને સાચી વિગત જણાવવાની તક મળવી જોઈએ તેમજ તેના કેસમાં દર્શાવાયેલ ખોટી કે અપૂરતી માહિતીને સુધારવાની તક પણ મળવી જોઈએ તેવી રજૂઆતો થતી રહી.

AIS ની પ્રવર્તમાન વ્યવસ્થા હેઠળ કરદાતાને આ સંદર્ભમાં જરૂરી સુધારા દર્શાવી શકાય તે માટેની યોગ્ય તક આપવામાં આવી છે તે અત્યંત આવકારદાયક બાબત છે. આને લક્ષમાં રાખીને, કરદાતાએ આ સંબંધી ઉપલબ્ધ Utilityને Download કરી તેના ઉપયોગ દ્વારા Real Time Corrections નો લાભ લેવો જોઈએ જેથી તેના કેસમાં આવી કોઈ ખોટી માહિતીના આધારે વ્યર્થ સ્ક્રૂટિની કે આવકવેરા તપાસનો ભોગ ન બનવું પડે.

# વોરંટીમાં ખામીયુક્ત પાર્ટ બદલવા પર વેચાણવેરાની જવાબદારી સ્પષ્ટ કરતી સુપ્રિમ

જ્યારે નવી ગાડી કે કોઈ કિંમતી ચીજોના વેચાણ થતા હોય ત્યારે તેની સાથે ઉત્પાદક દ્વારા તેવી ચીજો અને તેના ભાગો માટે વોરંટી આપવામાં આવતી હોય છે. આવી ચીજો સામાન્ય રીતે ડીલર મારફતે વેચાતીહોય છે અને ડીલર ઉત્પાદક અને ગ્રાહક વચ્ચે સેતુ રહે છે. વારેંટીના સમયગાળા દરમિયાન વેચેલ ચીજો કે તેના ભાગોમાં ખામી ઉભી થાય ત્યારે યોગ્ય ચકાસણીના અંતે તેવી ચીજો કે ભાગોને ડીલર દ્વારા બદલી આપવામાં આવે છે. આવી રીતે જ્યારે ભાગો બદલી આપવામાં આવ્યા હોય ત્યારે ડીલરની તેવા વ્યવહાર પર વેચાણ વેરો ભરવાની જવાબદારી ઉપસ્થિત થાય કે કેમ તે તકરારનો પ્રશ્ન હતો. માન. સંપ્રિમ કોર્ટનાં મોહમંદ અક્રમ ખાન એનડ સન્સ વિ. કમિશનર ઓફ ટ્રેડ ટેક્સ ૧૩૬ STC ૫૧૫ (S.C.) ના કેસમાં ઠરાવેલ કે ડીલર દ્વારા વોરંટી દરમિયાન ભાગો બદલી આપવામાં આવે કે જેના માટે ઉત્પાદક દ્વારા ક્રેડિટ નોટ આપવામાં આવે તે ડીલર દ્વારા ભાગોનું વેચાણ ગણાય કે જેના પર વેચાણવેરો ભરવાની ડીલરની જવાબદારી છે. ત્યારબાદ ઘણાં રાજ્યોમાં માન. હાઈકોર્ટ દ્વારા ચુકાદાઓ આપીને માન. સુપ્રીમ કોર્ટના ચુકાદાને અનુસરવામાં આવેલ. માન. ગુજરાત હાઈકોર્ટ પણ કટારિયા ઓટોમોબાઈલ્સ પ્રા. લિ. વિ. ગુજરાત રાજ્ય ટેક્સ અપીલ નંબર ૪૩ ઓફ ૨૦૧૫ના કેસમાં તા.૨૦/૦૩/૨૦૧૫ ના રોજ આ પ્રકારનો ચુકાદો આપેલ. જ્યારે માન. રાજસ્થાન હાઈકોર્ટે મોહમંદ અક્રમના કેસનો માન. સુપ્રીમ કોર્ટનો ચુકાદો આગવી હકીકત પરનો ગણીને તેની સમક્ષના વ્યવહારમાં વેચાણવેરો ન લાગે તે ઠરાવેલ. આવા વિવિધ હાઈકોર્ટના કુલ ૩૪ જેટલા ચુકાદા માન. સુપ્રીમ કોર્ટ સમક્ષ પડકારવામાં આવેલ. માન. સુપ્રીમ કોર્ટના બે જજોની બેંચે માહમંદ અક્રમના કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાની યોગ્યતા અંગે પ્રશ્નાર્થ કરીને આ પ્રશ્ન ૩ જજોની બેંચ સમક્ષ નિર્ણય કરવા રિફર કર્યો માન. સુપ્રીમ કોર્ટની ૩ જજોની બેંચે તાતા મોટર્સ લી. વિ. ધ ડેપ્યુટી કમિશનર ઓફ કોમર્શિયલ ટેક્સીસ અને બીજાઓ સિવિલ અપીલ નં. ૧૮૨૨ ઓફ ૨૦૦૭ના કેસમાં તા.૧૫/૦૫/૨૦૨૩ ના ચુકાદામાં વિસ્તૃત છણાવટ કરીને આ અંગે કાયદાકીય જવાબદારીની સ્પષ્ટતા કરેલ છે. માન. સુપ્રીમ કોર્ટના મત મુજબ મહોમંદ અક્રમના કેસમાં અગાઉ આપવામાં આવેલ ચુકાદાની પુનઃ સમીક્ષા કરવાની જરૂરિયાત નથી. વેચાણવેરાના કાયદાને લગતો આ ચુકાદો હોવા છતાં તેમાં વેચાણ અવેજ, વોરંટી વિગેરે અંગે થયેલ છણાવટ GST માં પણ ઉપયોગી થાય તેમ છે. આ ચુકાદાના અગત્યના અવલોકનોના સંક્ષપ્તિમાં માહિતી આ લેખમાં આપેલ છે.

કોર્ટના અવલોકનો

૧. વેચાણ ગણવા માટે કરાર હોવો જોઈએ જેના અંતર્ગત માલની માલિકીનું કિંમતની ચુકવણીના અવેજમાં હસ્તાંતર થાય અને તે માટે એવું જરૂરી નથી કે આવું હસ્તાંતર માલિક દ્વારા જ થાય. કરાર મૌખિક કે

લેખિત હોઈ શકે અથવા તો પક્ષકારોના વર્તન આધારિત પણ હાઈ શકે. આમ વેચાણ ગણવા એવું જરૂરી છે કે માલને લગતો વ્યક્ત કે ગર્ભિત કરાર હોય કે જે માલની માલિકીના હસ્તાંતરથી પૂર્ણ થાય જેમાં કરાર અને વેચાણ બંને એક જ બાબતને લગતો હોવો જોઈએ. આમ વેચાણને અસ્તિત્વમાં આવવા માટે વેચાણના કરારનું હોવું ફરજિયાત છે.

૨. શરત અને વોરંટીમાં ફરક છે. શરત એ કરારના મુખ્ય ઉદ્દેશ માટેની એક અગત્યની જોગવાઈ છે. જો શરતનો ભંગ થાય તો કરાર રદ્દ કરવાનો હક્ક મળે છે. જ્યારે વોરંટી મુખ્ય ઉદ્દેશને આનુસંગિક છે અને તેનો ભંગ થતા માલને અસ્વીકાર કરવાનો હક્ક મળતો નથી પરંતુ નુકશાનીમેળવવાનો હક્ક પ્રાપ્ત થાય છે.

૩. વોરંટી અને ગેરંટીમાં પણ તફાવત છે, વોરંટી એ વ્યક્ત કરેલ કે ગર્ભિત નિવેદન છે જેનું પાલન કરવાનું પક્ષકારે સ્વીકારેલ છે. જ્યારે ગેરંટી એ મુખ્ય કરારને આનુસંગિક કરાર છે જેના દ્વારા વચન આપનાર જેને વચન આપવામાં આવેલ હોય તેને નુકશાનનો જવાબ આપવા બંધાયેલ છે.

૪. મોહમદ અક્રમના કેસમાં ઉત્પાદક દ્વારા માર્કેટમાંથી પાર્ટ ખરીદીને ખામીયુક્ત પાર્ટને બદલવામાં આવે તેમાં અને જેમાં ડીલર પોતાના સ્ટોકમાંથી ખામીયુક્ત પાર્ટને બદલી આપે અને તે માટે ઉત્પાદક પાસેથી ક્રેડિટ નોટ મેળવવામાં આવે તે બંને વ્યવહારમાં કોઈ તફાવત જણાયેલ ન હતો. ડીલર દ્વારા ઉત્પાદક પાસેથી મળેલ ક્રેડિટ નોટના બદલામાં બદલેલ ખામીયુક્ત પાર્ટના વ્યવહારમાં વેચાણવેરો લાગે તેવા માન. સુપ્રીમ કોર્ટનો ચુકાદો યોગ્ય છે કે કેમ તે આ કેસમાં નક્કી કરવાનું હતું.

૫. વારંટીનો ક્લોઝ વાહનના વેચાણ સાથે સંકળાયેલ છે પહેલા તે ઉત્પાદક પાસેથી ડીલરને અને બીજો ડીલર પાસેથી ગ્રાહકને તબદીલ થાય છે. આમ ઉત્પાદક અને ગ્રાહકની વચ્ચેના મધ્યસ્થી તરીકે ડીલર કાર્ય કરે છે. ઉત્પાદકે આપેલ વોરંટી માટે ડીલર એક તરફ ઉત્પાદક વતી અને બીજી તરફ ગ્રાહક વતી કાર્ય કરવાનું હોય છે કે જેથી ઉત્પાદકે વોરંટી આપીને સ્વીકારેલ જવાબદારી પરિપૂર્ણ થઈ શકે.

૬. વોરંટી દરમિયાન ખામીયુક્ત ભાગ બદલવા જ્યારે ઉત્પાદક ડીલરને પાર્ટ આપેલ હોય અને ડીલરે તે પાર્ટ ગ્રાહકને બદલી આપેલ હોય ત્યારે તેવા બદલેલ પાર્ટ માટે ડીલરને કોઈ અવેજ મળતો નથી પરંતુ જ્યારે ડીલરે પોતાના સ્ટોકના માલમાંથી ગ્રાહકને ખામીયુક્ત માલ બદલી આપેલ હોય ત્યારે ઉત્પાદક પાસેથી ક્રેડિટનોટ રૂપે ડીલરને અવેજ મળે છે.

૭. વોરંટી દરમિયાન ખામીયુક્ત માલ બદલવા માટે એક વિકલ્પ એવો છે કે ઉત્પાદક પોતાની ફેકટરી પરથી પાર્ટ ડીલરને મોકલીને તેની પાસેથી ખામીયુક્ત માલ પાછો મેળવી લે અથવા ઉત્પાદક તે ભાગના ઉત્પાદક કે ખુલ્લા બજારમાંથી તે ભાગ મેળવી અને ડીલર મારફતે બદલાવી શકે. જો ઉત્પાદક દ્વારા બજારમાંથી પાર્ટ ખરીદવામાં આવેલ હોય તો તેના પર ઉત્પાદક વેરો ચૂકવેલ હોય અને ત્યાર બાદ તે પાર્ટ

ડીલરને તબદીલ કરવામાં આવેલ હોય.

૮. બીજો વિકલ્પ એવો હોઈ શકે કે ડીલરે પોતાની પાસેના સ્ટોકનો માલ કાંતો ઉત્પાદક પાસેથી ખરીદેલ હોય કે ખુલ્લા માર્કેટમાંથી ખરીદેલ હોય કે સ્પર પાર્ટના ઉત્પાદક પાસેથી ખરીદેલ હોય. જ્યારે પોતાના સ્ટોકના માલને વોરંટી દરમિયાન ખામીયુક્ત માલ બદલવા માટે ડીલર દ્વારા વાપરવામાં આવે છે ત્યારે ઉત્પાદકે આપેલ વોરંટીના કારણે ડીલર દ્વારા સ્ટોકનો માલ વાપરવામાં આવે છે. આમ હકીકતમાં ડીલર દ્વારા પાર્ટનું વેચાણ કરવામાં આવતું નથી પરંતુ ખામીયુક્ત ભાગને કોઈ પણ કિંમત લીધા વગર બદલી આપવામાં આવે છે. પરંતુ એ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે જે ભાગને બદલવામાં આવે છે તે ડીલર દ્વારા ખરીદવામાં આવેલ હોય છે કે જેના પર લાગુ પડતો વેરો ચૂકવવામાં આવેલ હોય છે. જો વોરંટી દરમિયાન ખામીયુક્ત માલ બદલવાને બદલે તેનું વેચાણ કરવામાં આવેલ હોત તો તેના માટે ડીલરને અવેજ મળત અને તેના પર વેચાણવેરો પણ ઉઘરાવવામાં આવેલ હોત પરંતુ જ્યારે આજ માલ દ્વારા વોરંટી દરમિયાન ખામીયુક્ત માલ બદલવામાં આવે ત્યારે ગ્રાહક પાસેથી અવેજ મળતો નથી પરંતુ ઉત્પાદક પાસેથી ક્રેડિટ નોટ મળે છે.

૯. ઉપર ૭ અને ૮ માં જણાવેલ સંજોગોમાં ડીલર ઉત્પાદકે આપેલ વોરંટીના અનુસંધાનમાં કાર્ય કરે છે અને બંને સંજોગોમાં ડીલરને ગ્રાહક પાસેથી કોઈ અવેજ મળતો નથી. પહેલા વિકલ્પમાં ઉતપદક પાસેથી મળેલ પાર્ટ બદલી આપવામાં આવે છે જેમાં તે બદલવાની સર્વિસ ચાર્જ સિવાય ડીલરને કોઈ અવેજ મળતો નથી જ્યારે બીજા વિકલ્પમાં સ્ટોકમાંથી વાપરેલ માલ માટે ડીલરને ઉત્પાદક પાસેથી ક્રેડિટ નોટ મળે છે.

૧૦. કોર્ટના મતે બીજા વિકલ્પમાં ડીલરને ઉત્પાદક દ્વારા ક્રેડિટ નોટ એટલા માટે આપવામાં આવે છે કે જો પોતાના સ્ટોકનો માલ ડીલરે વેચ્યો હોત તો તેને અવેજ મળી શક્યો હોત પરંતુ ઉત્પાદકની વોરંટીના સંદર્ભમાં ગ્રાહકને ખામીયુક્ત માલ વોરંટી સમય દરમિયાન મફતમાં બદલી આપવા માટે ઉત્પાદક તેને વળતર તરીકે ક્છેડિટ નોટ મારફતે રકમ ચૂકવી આપે છે.

૧૧. કોર્ટ ક્રેડિટ નોટના અર્થ અંગે વિસ્તૃત છણાવટ કરેલ છે.

૧૨. કિંમતી અવેજ કોને કહી શકાય તેનું પણ કોર્ટે ઊંડાણથી વિશ્લેષણ કર્યું છે.

# માફી યોજનાનું અર્થઘટન કરતી ગુજરાત હાઈકોર્ટ

GST કાયદો ૧ જુલાઈ ૨૦૧૭થી અમલમાં આવ્યો હોવાથી અગાઉના વેટ શાસનના બાકી વિવાદોનો અંત લાવવા માટે, ગુજરાત સરકાર દ્વારા તા.૧૧/૦૯/૨૦૧૯ના ઠરાવ દ્વારા માફી યોજનાની જાહેરાત કરવામાં આવીમ હતી, જે પાછળથી તા.૦૬/૧૨/૨૦૧૯ ના ઠરાવ દ્વારા બદલવામાં આવી હતી. યોજનાના અમલીકરણ દરમિયાન કેટલાક વિવાદો ઊભા થયા હતા. આવા જ એક વિવાદનો નિકાલ કરતી વખતે યોજનાના ઉદ્દેશો માનનીય ગુજરાત હાઈકોર્ટ દ્વારા તાજેતરમાં તા.૦૭/૦૬/૨૦૨૩ ના રોજ અપાયેલા સ્કાય ઈન્ડસ્ટ્રીઝ લિ. વિરૂદ્ધ ગુજરાત રાજ્ય Special Civil Application No. ૨૪૬ of ૨૦૨૩ decided on તા.૦૭/૦૬/૨૦૨૩ના ચુકાદામાં સમજાવવામાં આવ્યા છે. આ ચુકાદાની સમજૂતી આ લેખમાં આપવામાં આવી છે.

## કેસની હકીકતો

વેપારીએ ગુજરાત વેલ્યૂ એડેડ ટેક્સ, ૨૦૦૩ અને સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ હેઠળ દાખલ કરેલી અપીલ પાછી ખેંચીને એમ્નેસ્ટી સ્કીમ હેઠ અરજી કરી હતી. વેપારીએ તેની અરજીમાં બાકી રકમનો ઉલ્લેખ કર્યો હતો અને આવી અરજી નિર્વિવાદપણે યોજના હેટઠળ પરવાનગી આપેલ સમયગાળાની અંદર દાખલ કરવામાં આવી હતી. અધિકારીએ અરજીની ચકાસણી કરી અને યોજનાની જોગવાઈ મુજબ સૂચના પત્ર જારી કર્યો. અધિકારી મુજબની બાકી રકમ પણ વેપારીએ દર્શાવેલ રકમ જેટલી જ હતી. વેપારીએ સૂચના પત્રમાં દર્શાવ્યા મુજબ હપ્તા ચૂકવ્યા ત્યાર બાદ, સ્કીમની મુદત પુરી થયા પછી, અધિકારીએ જોયું કે વેપારીએ લગભગ રૂા.૨,૦૦૦ વાસ્તીવક લેતાં કરતાં ઓછા ભર્યા છે. અધિકારીની મૌખિક સૂચના પર વેપારીએ આવી રકમ પણ ચૂકવી. ત્યારપછી અધિકારીએ એમ્નેસ્ટી સ્કીમ હેઠળની અરજી એ આધાર પર નકારી કાઢી હતી કે વેપારીએ સ્કીમના કાર્યકાળ દરમિયાન સમગ્ર બાકી લેણાં ચૂકવ્યા ન હતા.

## વેપારીની દલીલો

વેપારીએ હાઈકોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે અધિકારીએ વેપારી દ્વારા દાખલ કરાયેલી અરજીની ચકાસણી કર્યા બાદ માફી યોજના હેઠળ ઈન્ટિમેશન લેટર જારી કર્યો હતો અને વેપારીએ ઈન્ટિમેશન લેટર મુજબ હપ્તા ચૂકવી દીધા પછી સ્કીમનો લાભ નકારી શકા નહિ. વેપારીએ સ્કીમના પેરા ૭(૩) પર આધાર મૂક્યો અને એવી દલીલ કરી કે સ્કીમ હેઠળ ચૂકવવાપાત્ર રકમ નક્કી કરવાની જવવાબદારી અધિકારી પર છે અને એકવાર આવો નિર્ણય લેવામાં આવ્યા પછી તેના માટે અરજી નામંજૂર કરવાનું કાયદેસર નથી. વેપારીએ માનનીય ગુજરાત હાઈકોર્ટના સનફલાવર ડેવલપર્સ વિરૂદ્ધ ગુજરાત રાજ્ય ૧૦૧૯ SCCOnline ગુજ ૬૬૧૧ ના ચુકદા પર

આધાર રાખીને એવી દલીલ કરી કે વેપારીની હકીકત જોતા માફી યોજના હેઠળ અરજીનો અસ્વીકાર તેના ઉદ્દશ્ય અને હેતુની વિરૂદ્ધ હતો.

**સરકારની દલીલો**

હાઈકોર્ટ સમક્ષ સરકારી વકીલ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે એમ્નેસ્ટી સ્કીમ હેઠળની અરજી યોગ્ય રીતે નકારી કાઢવામાં આવી હતી. કારણ કે વેપારીએ સ્કીમના સમયગાળા દરમિયાન સમગ્ર બાકી રકમ ચૂકવી ન હતી. સરકારી વકીલ વેપારીની અરજીના અસ્વીકારને યોગ્ય ઠેરવવા માટે સ્કીમના પેરા ૪.૧(૧) પર આધાર રાખ્યો જે મુજબ કરની સંપૂર્ણ રકમ ચૂકવવામાં આવે તો જ યોજનાનો લાભ આપી શકાશે.

**ગુજરાત હાઈકોર્ટનો ચુકવો**

બંને પક્ષોની દલીલો ધ્યાને લીધા બાદ માન. ગુજરાત હાઈકોર્ટે એમ્નેસ્ટી સ્કીમ હેઠળ વેપારી દ્વારા દાખલ કરાયેલી અરજીનો અસ્વીકાર ગેરકાયદેસર ગણાવ્યો હતો. એવું અવલોકન કરવામાં આવ્યું કે એકવાર અધિકારીએ યોજના હઠળ ચૂકવવાપાત્ર રકમ નક્કી કરી હોય અને જો આવી રકમ અરજદાર દ્વારા ચૂકવવામાં આવે, તો પછી રૂા.૨,૦૦ની ઊણપના આધારે અરજી નકારી શકાય નહિ. સનફ્લાવર ડેવલપર્સના કેસમાં તેના અગાઉના ચુકાદા પર હોઈકોર્ટ દ્વારા આધાર રાખ્યો હતો અને પુનરોચ્ચાર કર્યો હતો કે માફી યોજનાનો ઉદ્દેશ્ય જૂના વિવાદોના ઝડપી અને અસરકારક નિરાકરણ અને સરકારના જૂના બાકી લેણાંની વસૂલાત અને વહીવટ ખર્ચમાં ઘટાડો લાવવાનો હતો. માનવીય કોર્ટે અવલોકન કર્યુ હતુ કે અધિકારીઓ પાસે યોજનાના ઉદ્દેશ્યનું સન્મા કરવાની અને વેપારીઓને યોજના હેઠળ લાભ મળે તેની ખાતરી કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.

# માલિકની માહિતી હોવા છતાં ડ્રાઈવર પરનો આદેશ ગેરકાયદેસર

માલના વ્યવહારમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ રોકવા અને GST કાયદાનું યોગ્ય પાલન થાય તેનું ધ્યાન રાખવા GST કાયદામાં ઈ વે બિલની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે રૂ.૫૦,૦૦૦ વધુ કિંમતના માલની હેરફેર થતી હોય ત્યારે માલના વર્ણન સાથે ઈ વે બિલ હોવું જરૂરી છે. જ્યારે ઈ વે બિલ જનરેટ કરવામાં આવે ત્યારે થઈ રહેલ માલના વ્યવહારની માહિતી સરકારને પ્રાપ્ત થાય છે. અધિકારી આવા વ્યવહાર પર દેખરેખ રાખી શકે છે અને જે તે વ્યક્તિ દ્વારા કાયદાકીય જોગવાઈ મુજબ વેરાકીય જવાબદારી નિભાવવામાં આવે છે કે કેમ તેનું ધ્યાન રાખી શકાય છે. વહન હેઠળના માલ સાથે તે વ્યવહારને લગતું બિલ કે ડિલિવરી ચલન, ટ્રાન્સપોર્ટ રિસિપ્ટ અને ઈ વે બિલ હોવું જરૂરી છે. વહન થઈ રહેલ માલને ગમે તે સમયે અને સ્થળે રોકીને વહન થતા માલ અને તેની સાથેના દસ્તાવેજોની અધિકારી તપાસ કરી શકે છે અને જો વહન થઈ રહેલ માલ અને તેની સાથેના દસ્તાવેજોમાં

વિસંગતતા જણાય તો અધિકારી GST કાયદાની કલમ ૧૨૯ કે ૧૩૦ હેઠળ કાર્યવાહી કરી શકે છે. જ્યારે વહન થતા માલ સાથેના દસ્તાવેજોના આધારે માલના માલિકની માહિતી પ્રાપ્ત થતી હોય ત્યારે વાહનના ડ્રાઈવર પર બજાવવામાં આવેલ આદેશ ગેરકાયદેસર હોવાનું માન. અલ્હાબાદ હાઈકોર્ટ રિયા ટ્રેડર્સ વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ રિટ ટેક્સ નંબર ૨૮ ઓફ ૨૦૨૩ના કેસમાં તા.૧૭/૦૧/૨૦૨૩ના ચુકાદાથી ઠરાવ્યું છે. આ અંગેની માહિતી આ લેખમાં આપી છે.

### રોકેલ માલ અને વાહન દંડ ભરાવીને છોડવાની સત્તા

જ્યારે વહન થતા માલને રોકીને માલ અને તેની સાથેના દસ્તાવેજોની ચકાસણી કરતા અધિકારીને એમ જણાય કે GST કાયદા કે નિયમોની જોગવાઈનો ભંગ થયેલ છે તો GST કાયદાની કલમ ૧૨૯(૧) મુજબ અધિકારી તે માલ અને વાહનને રોકીને તેને જપ્ત કરી શકે છે. અલબત્ત જે વ્યક્તિ માલનું વહન કરતી હોય તેને માલ કે વાહનને રોકવાના કે જપ્ત કરવાના આદેશની બજવણી કર્યા વગર કોઈ પણ માલ કે વાહન રોકી કે જપ્ત કરી શકાશે નહીં. એક વખત માલ અને વાહનને રોકવા કે જપ્ત કરવામાં આવેલ હોય ત્યાર બાદ તેને અધિકારી કલમ ૧૨૯(૧)ની જોગવાઈ મુજબ નીચે પ્રમાણેનો દંડ ભર્યેથી છૂટો કરી શકે છે :

અ. જ્યારે રોકેલ કે જપ્ત કરેલ માલનો માલિક સામે આવે ત્યારે જે માલને રોકવામાં આવેલ હોય તે માલ પર ભરવાપાત્ર વેરાના ૨૦૦% દંડ અને જો માફી માલ હોય તો માલની કિમંતના ૨% અથવા રૂ.૨૫,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે ભરવામાં આવે ત્યારે માલ અને વાહનને છૂટો કરવામાં આવશે.

બ. જ્યારે દંડ ભરવા માલનો માલિક સામો ન આવે ત્યારે માલની કિંમતના ૫૦% અથવા માલ પર ભરવાપાત્ર વેરાના ૨૦૦% એ બેમાંથી જે વધુ હોય તે અને જ્યારે માકી માલ હોય ત્યારે માલની કિંમત ૫% અવા રૂ.૨૫,૦૦૦ બે માંથી જે ઓછા હોય તે ભરવામાં આવે ત્યારે માલ અને વાહનને છૂટો કરવામાં આવશે.

ક. ઉપરના અ કે બ અનુસાર જે રકમ ભરવાપાત્ર થતી હોય તેટલી રકમની જામીનગીરી નિયમોથી ઠરાવવામાં આવે તે રીતે અને તે ફોર્મમાં આપ્યેથી માલ અને વાહનને છૂટો કરી શકાશે.

### માલનો માલિક કોણ ગણાય ?

GST કાયદાની કલમ ૧૨૯(૧) માં રોકેલ માલ અને વાહનને છૂટો કરાવવા માલનો માલિક આગળ આવે તો ઉપર જણાવેલ ક્લોઝ 'અ' મુજબ દંડ ભરવો પડે અને જો માલનો માલિક આગળ ન આવે તો ક્લોઝ 'બ' મુજબ દંડ ચૂકવવો પડે. આથી કલમ ૧૨૯(૧) હેઠળના દંડની રકમ નક્કી કરવા માલનો માલિક કોણ ગણાય તે નક્કી કરવું અગત્યનું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ અને કસ્ટમ્સની GST પોલિસી વિંગ દ્વારા તા.૩૧/૧૨/૨૦૧૮ના રોજ પરિપત્ર નંબર ૭૬/૫૦/૨૦૧૮–GST બહાર પાડીને કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવેલ છે. આ પરિપત્રના સિરિયલ નંબર ૬માં કલમ ૧૨૯(૧) માટે માલનો માલિક કોણ ગણાય તેની સ્પષ્ટતા

કરવામાં આવી છે. પરિપત્રમાં કરવામાં આવેલ સ્પષ્ટતા મુજબ જ્યારે વહન થતા માલ સાથે બિલ કે ઠરાવેલ દસ્તાવેજ સામેલ હોય ત્યારે માલ મોકલનાર કે માલ લેનારને માલનો માલિક ગણી લેવાનો રહેશે. જ્યારે બિલ કે અન્ય ઠરાવેલ દસ્તાવેજો માલની સાથે ન હોય ત્યારે યોગ્ય અધિકારીએ માલનો માલિક કોને ગણવાનો તે જાહેર કરવાનું રહેશે.

### ડ્રાઈવર પર દંડ લાદતો આદેશ કરવામાં આવ્યો

ઉપર જણાવેલ રિયા ટ્રેડર્સના કેસની હકીકત એવી હતી કે જપ્ત કરવામાં આવેલ માલ અને વાહનને છોડવા માટેનો આદેશ વાહનના ડ્રાઈવર પર બજાવીને કલમ ૧૨૯(૧)(બી) મુજબનો દંડ લાદવામાં આવેલ. આવા દંડના આદેશને માલના માલિકે રિટ કરીને માન. અલ્હાબાદ હાઈકોર્ટ સમક્ષ પડકાર્યો હતો. વેપારી તરફે રજૂઆત કરવામાં આવી કે આ કેસમાં માલની સાથે બિલ અને ઈ વે બિલ હતું. આમ છતાં માલના માલિકને સાંભળવાની તક આપ્યા વગર વાહનના ડ્રાઈવરને માલના માલિક સમજીને આદેશ પસાર કરવામાં આવેલ હતો.

### માલના મલિક દ્વારા રિટ પિટિશન કરવામાં આવી

કલમ ૧૨૯(૧)(એ) મુજબ જ્યારે જપ્ત થયેલ માલ અને વાહનને છોડાવવા માટે માલનો માલિક સામે આવે ત્યારે કલમ ૧૨૯(૧)(એ) અનુસાર આદેશ કરી શકાય. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ અને કસ્ટમ્સ દ્વારા ઉપર જણાવ્યા પ્રમાણેના પરિપત્ર મુજબ જ્યારે માલની સાથે બિલ હોય ત્યારે માલ મોકલનાર કે લેનારને માલનો માલિકગણી શકાય. આ કેસમાં માલ મોકલનાર GST કાયદા હેઠળ નોંધાયેલ વેપારી છે. માલને રોક્યા બાદ માલિકના ધંધાના સ્થળે તપાસ કરવામાં આવેલ અને ત્યારે કોઈ ગેરરીતિ પકડાયેલ ન હતી. સ્ટોકમાં રહેલ માલ અંગે સંતોષકારક દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ હતા. આથી ડ્રાઈવર પર બજાવવામાં આવેલ આદેશ ગેરકાયદેસર છે. સરકાર તરફે રજૂઆત કરવામાં આવી કે માલના માલિક જપ્ત કરેલ માલને છોડાવવા આગળ આવ્યા ન હતા અને તેથી કલમ ૧૨૯(૧)(બી) અનુસાર દંડ લાદવામાં આવેલ હતો.

### કોર્ટનો નિર્ણય

કોર્ટે ઉભય પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કલમ ૧૨૯(૧)(બી) હેઠળ પસાર કરેલ આદેશ દૂર કરવાનો નિર્ણય કરેલ છે. કોર્ટના મત મુજબ જ્યારે માલ સાથેના દસ્તાવેજો પરથી માલ મોકલનારનું નામ જાણી શકાય છે અને તે GST કાયદા હેઠળ નોંધાયેલ વ્યક્તિ છે ત્યારે ડ્રાઈવરના બદલે માલના માલિક સામે કલમ ૧૨૯ હેઠળની કાર્યવાહી કરવી જોઈતી હતી કે જેથી તેઓ આ અંગેની નોટિસનો યોગ્ય પ્રત્યુતર આપી શકે. જ્યારે રેકોર્ડ પર એ હકીકત અંગે કોઈ તકરાર ન હોય કે પિટિશન બિલ અને ઈ વે બિલ મુજબ માલ મોકલનાર છે અને તેઓ માલના માલિક તરીકે આગળ આવેલ છે. ત્યારે કલમ ૧૨૯(૧)(બી) હેઠળ દંડ લાદી શકાય નહીં. આથી કલમ ૧૨૯(૧)(બી) હેઠળ પસાર કરેલ આદેશ કોર્ટે રદબાતલ કરે છે અને ફરીથી પિટિશનરને સાંભળીને કાયદા અનુસારનો આદેશ કરવા કોર્ટે હુકમ કરેલ છે. આજ રીતે માર્ગો બ્રશ ઈન્ડિયા અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ યુ.પી.

રિટ ટેક્સ નંબર ૧૫૮૦ ઓફ ૨૦૨૨ના કેસમાં તા.૧૬/૦૧/૨૦૨૩ના આદેશથી માન. અલ્હાબાદ હાઈકોર્ટે વાહનમાલનો માલ જથ્થા બિલમાં દર્શાવેલ જથ્થા કરતા વધુ કે ઓછો જણાતા ડ્રાઈવર પર કલમ ૧૨૯(૧)(બી) હેઠળ લાદેલ દંડનો આદેશ દૂર કરેલ છે.

# હેકરો દ્વારા સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક કરવાની નવી મોડસ ઓપરેન્ડી અને સુરક્ષાના ઉપાયો

## કેવી રીતે હેક કરવામાં આવે છે ?

હેકર્સ દ્વારા અત્યારના સમયમાં સોશિયલ મીડિયા એકાઉન્ટનો હેક કરવા માટે એક તદ્દન નવા પ્રકારની મૉડસ ઓપરેન્ડીનો ઉપયોગ થઈ રહ્યો છે, જેમાં હેકરો દ્વારા યૂઝરના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મેસેજ મોકલવામાં આવે છે અને જેમાં વિષય હોય છે કે, જુઓ કોણ મૃત્યુ પામ્યુ છે. અને તેની સાથે એક લિંક પણ મોકલવામાં આવે છે. અમુકવાર આવા જ મેસેજને યૂઝર્સના કોઈ પરિચિત વ્યક્તિના નામ સાથે મોકલવામાં આવે છે. પરિણામે યૂઝર્સને એવું લાગે છે કે શું મારી પરિચિત વ્યક્તિનું મૃત્યુ થયું છે અને એનો આ વીડિયો આવ્યો છે ! આવી વિસામણ અને અરાજકતા ઊભી કરીને આજના સમયમાં હેકર્સ યૂઝર્સને મોકલેલી લિંક ઉપર ક્લિક કરવાનું જણાવે છે. જ્યારે યૂઝર્સ એ લિંક ઉપર ક્લિક કરે એટલે યૂઝર્સના સોશિયલ મીડિયા એકાઉન્ટા યૂઝર્સ આઈ.ડી. અને પાસવર્ડ દાખલ કરવાનું યૂઝર્સને કહેવામાં આવે છે અને યૂઝર્સ એક વાર એ લિંક પર ક્લિક કરીને પોતાનો યૂઝર્સ આઈ.ડી. અને પાસવર્ડ દાખલ કરી દે એટલે એનું સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક થઈ જાય છે અને એનો સમગ્ર કંટ્રોલ હેકરના હાથમાં જતો રહે છે. ત્યાર બાદ હેકર્સ દ્વારા એ એકાઉન્ટનો દૂર ઉપયોગ શરૂ થાય છે. અત્યાર સુધીમાં આવા ઢગલો કેસસ્ટડી સામે આવી ચૂક્યા છે. જો ભૂલથી જ્યારે કોઈ યૂઝર્સ આવી કોઈ લિંક ઉપર ક્લિક કરે છે તો સોશિયલ મીડિયા એકાઉન્ટ તો હેક થાય છે જ, પરંતુ સાથે સાથે મોબાઈલની અંદર હેકર્સ દ્વારા કાં તો એપી કે ફાઈલ ઈન્સ્ટોલ કરવામાં આવે છે અથવા તો માલવેર સ્થાપિત કરવામાં આવે છે. વધુમાં જો માલવેર સ્થાપિત થઈ જાય તેમજ એપી કે ફાઈલ પર હેકર્સ કંટ્રોલ મેળવી લે છે તો યૂઝર્સનો મોબાઈલ સંપૂર્ણપણે હેક થઈ જાય છે. આ સાથે યૂઝર્સને બીજી ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જ્યારે કેટલાક કિસ્સાઓમાં તો યૂઝર્સનું બેંક એકાઉન્ટ પણ ખાલી થઈ જાય છે.

## સોશિયલ મીડિયા એકાઉન્ટને સુરક્ષિત રાખવાની મુખ્ય છ બાબતો

૧. કુતૂહલ પમાડે અને અરાજકતા ફેલાવે તેવી કોઈ પણ લિંકથી દૂર રહો

કુતૂહલ પામાડે અને અરાજકતા ફેલાવે એવી તમામ લિંકથી દરેક સોશિયલ મીડિયા યૂઝર્સે દૂર રહેવું જોઈએ, કારણ કે તેના ઉપર ક્લિક થવાથી તમે એક ફિશિંગ વેબપેજ કે વેબસાઈટ ઉપર જતા રહો છો. જે તમને તમારા સોશિયલ મીડિયા લોગીન પેજ જેવું જ લાગે છે પરંતુ ખરા અર્થમાં તે લાગિન પેજ હોતું જ નથી એક બનાવટી વેબપેજ હોય છે. બનાવટી વેબપેજને ઓળખવા બહુ જ સરળ છે તેમના યુઆરએલ કાં તો શોર્ટ લિંકથી તૈયાર કરેલા અથવા કોઈક અલગ નામથી જ બનેલા હોય છે. પરિણામે આવા બનાવટી પેજ પર તમારે તમારા યૂઝર્સ આઈ.ડી. અને પાસવર્ડની માહિતી દાખલ કરવાથી બચવું જોઈએ.

૨. મજબૂત પાસવર્ડ પસંદ કરો અને સમયાંતરે તેને બદલતા રહો

સોશિયલ મીડિયા એકાઉન્ટને સુરક્ષિત કરવા મજબૂત પાસવર્ડમાં સામાન્ય રીતે સંખ્યાઓ, ચિહ્નો અને કેપિટલ–સ્મોલ અક્ષરોનો સમાવેશ કરવો જ જોઈએ. તેમજ પાસવર્ડની લેન્થ પણ ૧૦ થી ૧૫ સુધીની હોવી જોઈએ. પરંતુ સાથે એ પણ ખાતરી કરો કે પાસવર્ડ એટલો તો જટિલ નથીને કે તમે તેને યાદ ન રાખી શકો. દરેક સોશિયલ મીડિયા એકાઉન્ટ માટે સમાન પાસવર્ડનો ઉપયોગ કરવાનું ટાળો. તમારા વ્યક્તિગત અને વ્યવસાયિક સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ માટે નિશ્ચિત સમયાંતરે પાસવર્ડ બદલવાની સોનેરી સલાહ દરેક સોશિયલ મીડિયા પ્લોટફોર્મ્સ દ્વારા આપવામાં આવે છે. જો નિશ્ચિત સમયાંતરે પાસવર્ડ ન બદલી શકાય તો દર ૭ મહિનામાં એક વખત તો પાસવર્ડ બદલવો જ જોઈએ.

૩. ટુ ફેક્ટર કે મલ્ટિ ફેક્ટર ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરો.

સોશિયલ મીડિયા તેમજ ઈ–મેઈલ એકાઉન્ટને સુરક્ષિત રાખવાનો સૌથી મહત્ત્વનો અને શ્રેષ્ઠ રસ્તો જો કોઈ અત્યારના સમયમાં હોય તો તે ટુ ફેક્ટર ઓથેન્ટિકેશનને એક્ટિવ કરવાનું છે. જ્યારે પણ કોઈ ત્રાહિત વ્યક્તિ નવી ડિવાઈસ પરથી તમારા સોશિયલ મીડિયા એકાઉન્ટમાં લોગિન કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે મુખ્ય એકાઉન્ટ હોલ્ડરને સોશિયલ મીડિયા કંપનીના સર્વર પરથી એસ.એમ.એસ. અથવા ઈ–મેલ દ્વારા એક પિન મોકલવામાં આવે છે અને એકાઉન્ટમાં દાખલ થવા માટે તે પિન દાખલ કરવું જરૂરી બને છે અને ત્રાહિત વ્યક્તિ પાસે એકાઉન્ટ હોલ્ડરના ઈ–મેલ અને એસ.એમ.એસ. સુધીની પહોંચ હોતી નથી. પરિણામે એકાઉન્ટ સાલમત રહે છે. આમ આ પદ્ધતિ સોશિયલ મીડિયા એકાઉન્ટના

ચોરી થયેલા પાસવર્ડની સામે પણ રક્ષણ પૂરું પાડે છે.

૪. તમારી અંગત માહિતી પબ્લિક ન કરો.

સોશિયલ મીડિયા યૂઝર્સ ઘણીવાર ભૂલી જાય છે કે તેમના યૂઝસનેમ, ઈ–મેલ અને પાસવર્ડ ઈન્ટરનેટ પર એક નાનકડી ભૂલને લીધે ખૂબ જ સરળતાથી પબ્લિક ડોમેઈનમાં ચાલ્યા જા છે. ઈન્ટરનેટ પર તમારી માહિતી પબ્લિક ડોમેઈનમાં ન આવે તે માટે લોગીન એકાઉન્ટ્સમાંથી સાઈન આઉટ થવું અત્યંત જરૂરી છે. સોશિયલ મીડિયા એપ્લિકેશનનો ઉપયોગ કર્યા પછી એપ્લિકેશનોને આપવામાં આવેલી પરવાનગીઓ ડિસેબલ કરવી જોઈએ. ફરી વાર લોગિન થતી વેળાએ હંમેશાં એ બાબતનું ધ્યાન રાખવું કે પાસવર્ડને ક્યારેય કોપી અને પેસ્ટ ન કરવો જોઈએ માત્ર દાખલ કરવાનો આગ્રહ રાખવો જોઈએ.

૫. સોશિયલ મીડિયા માટે નવું ઈ–મેલ

જો વ્યવસાયના સોશિયલ મીડિયા એકાઉન્ટ માટેના અને અન્ય ક્લાયનટ સાથેના વ્યવહારમાં જો એક જ ઈ–મેલ એડ્રેસનો ઉપયોગ કરવામાં આવેલો હોય તો સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક થતા હેકર્સ ઈ–મેલ એકાઉન્ટ સુધી પોતાનો કન્ટ્રોલ મેળવી શકે છે. તેનાથી વ્યવસાયની અતિ અગત્યની માહિતી ખાનગી ન રહેતા પબ્લિક ડોમેઈનમાં આવી જાય છે અને જેનાથી કોઈ પણ કંપની અને વ્યવસાયકારને ખૂબ જ નુકશાન થઈ શકે છે. પરિણામે તમામ સોશિયલ મીડિયા કંપનીએ સુરક્ષા હેઠળ એ સલાહ આપતી હોય છે કે સોશિયલ મીડિયા માટે અને અન્ય વ્યવસાયને લગતા વ્યવહારો માટે અલાયદું જ ઈ–મેલ સરનામું હોવું અતિ આવશ્યક છે.

૬. પબિલક વાઈ–ફાઈથી હંમેશા સાવચેત રહો

પબ્લિક વાઈ–ફાઈ અને વાયરલેસ નેટવકર્સ પર સોશિયલ મીડિયા એકાઉન્ટ્સનો ઉપયોગ કરતી વખતે ખૂબ જ સાવચેતી રાખે. જેમ કે, રેસ્ટોરાં, લાઈબ્રેરીઓ, એરપોર્ટસ અને બિઝનેશનાં અન્ય સ્થળો પર આવાં જાહેર સ્થળોએ વાઈ–ફાઈ કનેકશન્સમાં સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને સુરક્ષિત રાખવા માટે સુરક્ષાનો અભાવ હોય છે અને સાઈબર ગુનેગારો આ જ ખામીનો ફાયદો ઉઠાવીને આવા નેટવર્કમાં જોડાનાર યૂઝર્સને સરળતાથી પોતાનો શિકાર બનાવી શકે છે, કારણ કે તેઓ એક જ નેટવર્કમાં એકબીજા સાથે જોડાયેલા છે. આમ, પબ્લિક એરિયામાં હંમેશા માત્ર ને માત્ર પોતાના મોબાઈલના ડેટા કનેકશનનો જ ઉપયોગ કરવો વધુ હિતાવહ અને સલામત છે.

## Bulletin Points

1. **We have represented for Redressal of some severe difficulties and complications being faced by the entire business community. Some of our submissions are elaborated in nutshell as under.**
2. **Staggering of E-invoicing mandate for merchants with 10 crore turn over and to continue the existing practice of 20 crore turn over at is.**
3. **Entities engaged in packing and marketing of edible oil business are deprived of input tax credit on account of inverted duty structure on edible oils. This has caused a robust concern amongst the entities having surplus input tax credits. Nuances affecting directly to the Industrialists as well general public in large should be re-looked.**
4. **Relying upon our prolonged efforts for allotment of land for Devgam Khirasara Industrial estate, Govt. of Gujarat has considered the same positively & allotted 91 hectare of land in first phase. We have strongly proposed further to allot more 400 hectare of land for accommodation of various players.**
5. **Establishment of convention center at Rajkot will prove to be an apt platform for presenting and viewing the industry's technological prowess and will save an incredible time, money and energy of Twenty Thousand plus business segments as well. We have proposed for allotment of about 20 to 30 Acres of land for this purpose.**
6. **Providing of full flanged MSME Bhavan at Rajkot is also one of our frontline representations. We have justified various facts and factuals in support of our demand and hope, will be considered positively.**
7. **We have represented for revision of decision o discontinue Debit / Credit system of Demurrage for goods Traffic at all freight terminals by considering the nuances and impediments of affected business community.**
8. **We have expressed all the difficulties, problems, hurdles, complications, nuances and impediments being faced by business community to all Government machineries, meetings, conferences, convocations etc. time to time. And we find our submissions being attended with the utmost positive considerations and activations thereof.**
9. **We have specifically represented all GST related problems from time to time. Lot of correspondence has been made by us in this regard covering various aspects cited below.**

   (1) There are cases of harassments and penalties to some intermediary and innocent participants involved in transaction channels. In GST regime, various persons or parties are involved in the entire transaction. For example, A sells to B, B to C, C to D and D to E. In case, if B has committed fraud, E is unaware of the fact and he had taken all precautions to ensure that D is a genuine supplier. However, E is being subjected to harassment and pressurized to reverse the ITS availed by him. What actions or safeguards

should be taken by the genuine tax payers to avail his genuine ITC. Such safe guards should be provided and incorporated in GST Acts. We strongly request and suggest for redressal of such undue and avoidable grievances or disadvantages particularly on intermediary persons and for that we request your good self to apprise the competent authorities for this purpose.

(2) The return date should be extended by day one if the due date is Sunday since there are 2 due dates in a month & it is very hard on dealers.

(3) The cutoff date for ITC in GSTR-1 should be extended to $19^{th}$ instead of $11^{th}$ since there is no revenue loss to the department but it is very harmful to stop the ITC of purchasers on $11^{th}$ though GSTR-3B date is $20^{th}$.

(4) The Dealers should be given at least 90 days to clear mismatch.

(5) There are so many mistakes in initial 5 years of GST & these were not evasion of tax hence scheme should be there to make suitable corrections and avoid so many notices.

(6) Restriction of set off IGST first completely from CGST even though dealer has sufficient credit balance in SGST since it is creating imbalance in credit ledger of the dealer.

(7) Suspended registration should be automatically revoked after filing of all the return by the dealer and it is in the law but GSTN has not started it yet.

(8) Prevailing Maximum late fee for filing of final return GSTR-10 should be reduced as in most of the cases this return is NIL but lot of dealers fail to file.

(9) GSTR-9 should be made more useful since final assessment are made with the help of this annual report but it is not very useful for final assessment and lot of notices have to be issued to make final assessment and it has made the assessment procedure so much cumbersome. The annual return should have a column in which dealer can file his explanation.

(10) There should be a further relaxation in section 16(4) to make the ITC available till filing of annual return. It was a practice in VAT and if the same is given here then it will be a great relief to the dealers and there will be no loss of revenue. However there will be a double burden on the dealer if it is restricted.

(11) E-invoice is visible on GEPP portal only after 3 days of post generation. But after 3 days there is no facility to print/get a copy of E-invoice from GEPP portal. This technical restriction needs to be solved.

(12) Functionality of transfer of cash ledger balance from one distinct person to another distinct person i.e. GSTIN with same PAN has not yet started on GST portal.

(13) SOP needs to be issued for GST registration application.

(14) Risky Exporter Tagged Procedure should be revised and proper action against

the actual culprit should be take and not the actual exporter who has availed GST credit by checking 2A and than gone for ITC refund.

10. **Providing of Visa Facilitation Centre at Rajkot is one of our prominent representations.**

11. **While appreciating Government's decision to extend Interest Equalization Scheme for all MSME Exporters up to 31st March, 2024. At the same time, have proposed hike of 3% more in the existing limit. This benefit in our opinion should be 6% instead of the existing limit of 3%. Since we have justified various sources and reasons for extending the said limit, we are expecting some definite rise therein.**

12. **In consideration of the large number of GST registered persons in Saurashtra & Kutch region, the feel difficult and costly to take up litigation in the state Bench Of Goods & /Services Tax Appellate Tribunal, Ahmedabad. We have empathetically represented for setting up an Area Bench of Goods & Services Tax Appellate Tribunal in Rajkot.**

13. **We have represented regarding abnormal monetary loss likely to be faced by the Business Community due to sharp rise of about 25% in Minimum Wages and proposed further to subsidize the rise to MSMEs in line with other schemes and incentives.**

14. **Our vice president Mr. Parth Ganatra has been appointed in the Divisional Railway Users Consultative Committee and has been attending the scheduled meetings accordingly. We suggested various causes and consequences being faced by the entire business community as well general public in large too. Providing of connectivity to Hardwar thrice in a week, providing of stoppage at Borivali in Duranto Express, extending frequency of Hamsafar Express - 22923 / 22924 Bandra Terminus - Jamnagar - Bandra Terminus on daily basis, extension of VANDE BHARAT / RAJDHANI EXPRESS & SHATABDI EXPRESS to Rajkot are some of effective means and measures required for better leverage of Saurashtra region and we have correctly and collectively represented in the best of its ways and means.**

15. **We have been apprising regularly to the Hon. M.P., Rajkot about severe problems and difficulties being faced by the Air Travelling Community and suggested amicable measures for Redressal of the same. Introduction of evening flight from Mumbai to Rajkot / introduction of morning flight from Rajkot to Delhi are some of our appraisals**

16. **We have appreciated the Govt. Of Gujarat for being the first state in India to form an independent Department for climate change. Designing of State Action Plan and policy for promoting use of Renewable Energy, Electric Vehicles, Agro Forestry etc. are applauded and appreciated and conveyed our whole hearted support and co-operation for the most successful implementations for environment changes.**

17. **Preparation of the biggest MSME cluster at Rajkot consisting of various Govt. Offices such as CGST / SGST / DGFT / Customs / Labor / Dist. Industries Centre for MSMEs etc. is our epic submission to the Commerce & Industry Ministry, New Delhi. Over & above, we have also represented for providing of full flanged convention Centre at Rajkot, creation of new cluster for export units with plug & play facility, organization of facilitation program for export community, Most earliest filling in the post of Jt. D.G.F.T. at Rajkot etc. are also some of our important representations.**